# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 68 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 March 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૨ માર્ચ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ ૧૦

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજથી આઈપીએલના ધમાકા શરૂ


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 80,190/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## કેકેઆર પાસે છે ત્રણ ટાઈટલ, આરસીબી પાસે એકેય નથીઃ શાનદાર ઓપનિંગ બાદ આ બે ટીમ વચ્ચે પ્રથમ જંગ

કોલકાતાઃ નવા નિયમો અને નવા કેપ્ટનો સાથે ૧૮મી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નો આજે અહીં સાંજે ૭.૩૦ વાગ્યે વરસાદના વિઘ્નની સંભાવના વચ્ચે ધમાકેદાર આરંભ થશે જેમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન તથા ત્રણ ટાઇટલ જીતી ચૂકેલી કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની ટીમ અને પહેલા ટાઇટલની તલાશ કરી રહેલી રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમ વચ્ચે પ્રારંભિક મુકાબલો થશે. આજે આ પહેલી મૅચ અગાઉ શાનદાર ઓપનિંગ યોજાશે જેમાં શ્રેયા ગોસલ, કરણ ઔજલા અને દિશા પટણી પોતપોતાની કલાથી હજારો પ્રેક્ષકો તેમ જ કરોડો ટીવી-દર્શકોને મંત્રમુગ્ધ કરી દેશે.

કેકેઆરને અજિંક્ય રહાણેના રૂપમાં નવો કૅપ્ટન મળ્યો છે, જ્યારે આરસીબીની ટીમ પણ નવા સુકાની રજત પાટીદાર સાથે મેદાન પર ઊતરશે. આ બન્ને સુકાની ટૉપ-ઑર્ડર બૅટર છે અને ટીમને તોતિંગ સ્કોર અપાવવામાં મોટું યોગદાન આપી શકે એવા છે.

૨૦૨૦માં વિશ્વભરને ભરડામાં લેનાર કોવિડની મહામારી બાદ બોલર્સ પહેલી વાર આઇપીએલમાં બોલિંગ વખતે બૉલ પર લાળ લગાડતા જોવા મળશે.

(જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ સમાચારની ઈંગ્લિશ વેબસાઈટ શરૂ



એશિયાના સૌથી જૂના દૈનિક અખબાર મુંબઈ સમાચારની ઈંગ્લિશ વેબસાઈટ www.english.bombaysamachar.comનો જમશેદી નવરોઝના દિવસ, તા. ૨૧-૩-૨૦૨૫, શુક્રવારે પ્રારંભ કરાવતા ડિરેક્ટર મહેરવાનજી રૂસ્તમજી કામા અને તંત્રી નીલેશ દવે. મુંબઈ સમાચારની ગુજરાતી વેબસાઈટ લોકપ્રિય બન્યા બાદ હવે આજના યુવાનો મુંબઈ સમાચાર સાથે સંકળાઈ શકે એ હેતુથી ઈંગ્લિશ વેબસાઈટ પણ શરૂ કરાઈ છે, જેના પર વિવિધ ક્ષેત્રના સમાચાર સહિત માહિતીના વૈવિધ્યનો ખજાનો મળશે.

(જયપ્રકાશ કેળકર)

**આગને લીધે વીજળી પુરવઠો ખોરવાયો**

## લંડનનું હીથ્રો ઍરપોર્ટ બંધ કરવું પડ્યું

**▸ ઈલેક્ટ્રિકલ સબસ્ટેશનની આગને લીધે હજારો ઘરમાં પાવર-કટ ▸ ૧,૩૫૦થી વધારે ફ્લાઈટને માઠી અસર ▸ અનેક લોકોને સલામત સ્થળે ખસેડાયા ▸ વિમાનમથકને જોડતી ટ્રેનો બંધ કરાઈ**

લંડનઃ અહીં ઇલેક્ટ્રિકલ સબસ્ટેશનમાં લાગેલી આગને કારણે વીજ પુરવઠો ખોરવાતા હીથ્રો વિમાનમથકને શુક્રવારે બંધ કરવું પડ્યું હતું, ૧,૩૫૦થી વધારે ફ્લાઇટને માઠી અસર થઇ હતી, અસંખ્ય ફ્લાઇટને બીજાં શહેરો તરફ વાળવામાં આવી હતી, હજારો ઘરમાં પાવર-કટ થયો હતો, ૧૫૦થી વધારે લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને ભારે અંધાધૂંધી ફેલાઇ હતી. હજી થોડા દિવસ વિમાનમથકે અવ્યવસ્થા ચાલુ રહેવાની પૂરી શક્યતા છે.

યુરોપનું સૌથી વધુ વ્યસ્ત વિમાનમથક હીથ્રો ઍરપોર્ટ વીજ પુરવઠાના અભાવે બંધ કરી દેવું પડ્યું હતું. ઘણી ફ્લાઇટને (જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં ભાષાને આધારે વિભાજન નહિ થાયઃ અમિત શાહ

### ‘નક્સલવાદનો ૨૦૨૬ના માર્ચ સુધીમાં અંત આવશે’

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે દેશનું ભાષાને આધારે વધારે વિભાજન થવા નહિ દઇએ. દેશમાંના નકસલવાદનો ૨૦૨૬ના માર્ચ સુધીમાં અંત લાવીશું.

તેમણે તમિળનાડુ સરકાર દ્વારા હિંદીના થઇ રહેલા વિરોધના સંબંધમાં રાજ્યસભામાં જણાવ્યું હતું કે ભારતની દરેક ભાષા સમૃદ્ધ છે અને તેમાં જ્ઞાનનો ખજાનો રહેલો છે. હિંદીની દેશની અન્ય કોઇ ભાષા સાથે સ્પર્ધા નથી. ભારતીય ભાષાઓ એકબીજાના મિત્ર જેવી છે.

અમિત શાહે જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલય ડિસેમ્બરથી દરેક રાજ્ય સાથે તેઓની ભાષામાં જ સંદેશવ્યવહાર કરશે.

તેમણે જણાવ્યું હતું કે મોદી સરકાર ત્રાસવાદને જરાય ચલાવી નહિ લે અને તેને નાથવા માટે સતત પગલાં લઇ રહી છે.

અમિત શાહે ગૃહ મંત્રાલયની કામગીરી અંગે રાજ્યસભામાં થયેલી ચર્ચાનો જવાબ આપતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકારે જમ્મુ અને કાશ્મીરને બંધારણમાં ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ રદ કરીને બંધારણના ઘડવૈયાઓ સહિત દેશની જનતાનું સ્વપ્ન સાકાર કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૭૦ કાશ્મીરમાંના ભાગલાવાદનું મૂળ હતી. બંધારણના ઘડવૈયાઓએ આ કલમ કામચલાઉ જ સમાવી હતી અને તેને રદ કરવાની જોગવાઇ તેમાં રાખી હતી. આમ છતાં, રાજકીય હેતુસર આ કલમને રદ નહોતી કરાતી. એક જ દેશમાં બે બંધારણ

(જુઓ પાનું ૨) ▸▸


KNB TOURS
Khojeste Noshir Bharucha
9987289154 / 8454041176/9967846353
JAPAN 13 DAYS | 23 MAY 4 JUN 2025 | INR 480000/-

TOKYO
• Tokyo Sky Tree • 3D Team Lab • Asakusa Temple • Nakamise Shopping Street • Sumida River Cruise • Ginza Shopping Area • Visit Odaiba • Shibuya Crossing Drive By • Tokyo Orientation Tour

KOBE
• Earthquake Museum • Todaiji Temple • Nara Deer Park • Kasuga Taisha Shrine • Akashi Kaiko Bridge • Visit Dotombori Street

GIFU
• Shirakawago Village Tour - Unesco • Ukai Boat Ride

MT FUJI AND HAKONE
• Mt Fuji - 5th Station (Weather Permitted) • Hakone Ropeway • Lake Ashi Cruise (Togendai to Hakone Machi) • Oshino Hakkai Village

ALL INCLUSIVE


TOYOMA - ALPINE ROUTE
• Ougisawa - Kurubo Dam by Tunnel Trolley Bus • Kurobe Lake Kurobe Dam by Cable Car • Kurobe Dairadaikan by Ropeway • Daikan Bou Murodo by Trolley Bus • Murudo Bijodaira by Highland Local Bus • (Snow Valley) • Bijodaira Tateyama by Cable Car

OSAKA
• Osaka Castle (Photostop) • Osaka Aquarium

HIROSHIMA
• Osaka - Hiroshima - Bullet Train • Atomic Bomb Dome • Peace Memorial Park • Miyajima Island • Itsukushima Shrine

KYOTO
• Arashiyama Bamboo Forest • Kiyomizudera • Giesha District • Kinkaku Ji Temple • Visit Kawaramachi Street • Fushimi Inari Taisha Shrine

NAGOYA
• SC Maglev and Railway Parl • Toyota Kikan Museum • Nabana No Sato



ROOPAM
Readymades | Wedding Attire | Toys | Newborn Items | Woollens | Art & Craft
Imitation Jewellery | Crockery | Perfumes | Ladies Handbags | Ladies & Kids Footwear
Near Crawford Market, Opp. Police Commissioner's Office, Mumbai.
Tel: 22061794 • Cell: 9819 911 333 • www.roopam.com • roopamroopmilan






Roop milan®
Experience our full range of Wedding Sarees, Bridal Ghagra Cholis, Suit Pieces, Readymade Churidars, Imitation Jewelleries, Accessory & Purses
MARINE LINES: Tel: 022-22005951 / 8104035525
DADAR WEST: Tel: 022-24370078 / 9820033363
www.roopmilan.com • roopamroopmilan
OPEN ALL DAYS
MENS WEAR ONLY AT MARINE LINES
SCAN QR CODE FOR DADAR
SCAN QR CODE FOR MARINE LINES

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંઘ મણિપુરની ચર્ચા જ કરશે કે કશું નક્કર પણ કરશે?

**ભાજપના** પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની ત્રણદિવસીય અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક શુક્રવારે બેંગલુરુમાં શરૂ થઈ અને પહેલા જ દિવસે સંઘે મણિપુરનો મુદ્દો છેડી દીધો. સંઘ વતી બોલતાં સંઘના નેતા સી.આર. મુકુંદે મણિપુરની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરીને કહ્યું કે, મણિપુર છેલ્લા ૨૦ મહિનાથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારના કેટલાક રાજકીય અને વહીવટી નિર્ણયો પછી હવે આશાનું કિરણ દેખાય છે, પણ રાજ્યમાં પરિસ્થિતિ સામાન્ય થવામાં હજુ ઘણો સમય લાગશે.

મુકુંદે જે કહ્યું એ એક જનરલ સ્ટેટમેન્ટ છે, પણ મુકુંદનું નિવેદન એ વાતનો પુરાવો છે કે, મણિપુરની સ્થિતિને કાબૂમાં લેવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર જે પ્રયત્નો કરી રહી છે તેનાથી સંઘને જરાય સંતોષ નથી. બીજી મહત્ત્વની વાત એ કે, મોદી સરકાર મણિપુરમાં ઑલ ઈઝ વેલની આલબેલ વગાડ્યા કરે છે, પણ સંઘ મોદી સરકારની આ ગોળી ગળવા પણ તૈયાર નથી. સંઘે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મણિપુરમાં સ્થિતિ સામાન્ય નથી અને પરિસ્થિતિ સામાન્ય થવામાં હજુ ઘણો સમય લાગશે. ભાજપ સંઘ પરિવારનો હિસ્સો છે તેથી સંઘ ભાજપને જાહેરમાં ઝાટકી શકે તેમ નથી તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારનાં પગલાંથી આશાનું કિરણ દેખાય છે એવી વાત કરવી પડે છે, પણ સાથે સાથે સ્થિતિ સામાન્ય નથી એવું કહીને સંઘે અસંતોષ પણ વ્યક્ત કરી દીધો છે.

સંઘ હજુ મણિપુરના મુદ્દે ખાસ ચર્ચા કરવાનો છે. આ ચર્ચામાં શું બહાર આવે છે ને સંઘ શું નક્કી કરે છે એ જોવાનું છે, પણ સંઘ વારંવાર મણિપુરની વાત કેમ કર્યા કરે છે એ સમજવાની જરૂર છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી હિંદુત્વનો એજન્ડા મજબૂત બનશે અને આખા દેશમાં હિંદુત્વનો ફેલાવો થશે એવી સંઘને આશા હતી, પણ મોદી સરકાર દૂધ ને દહીં બંનેમાં પગ રાખવા જાય છે તેમાં હિંદુત્વના મુદ્દે કોઈ ભલીવાર આવતો નથી.

ભારતમાં ઉત્તર અને પશ્ચિમ ભારતમાં હિંદુત્વનો મુદ્દો ધમધોકાર ચાલે છે, પણ પૂર્વ અને દક્ષિણનાં રાજ્યોમાં તેની કોઈ અસર નથી. દક્ષિણનાં રાજ્યો પોતાની ભાષા અને સંસ્કૃતિના કેફમાં છે તેથી સંઘને ગણકારતાં નથી. પૂર્વમાં સેક્યુલારિઝમનો પ્રભાવ વધારે છે અને ખ્રિસ્તી મિશનરીઝ મચી પડેલી છે તેમાં હિંદુત્વને અસર થઈ રહી છે. ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ધમધોકાર ધર્માંતરણ ચાલે છે અને આદિવાસીઓને મિશનરીઝ વટલાવીને ખ્રિસ્તી બનાવી રહી છે. સંઘ વરસોથી આ ધર્માંતરણ રોકવા મથ્યા કરે છે, પણ ફાવતો નથી.

મોદી સરકારના કારણે સત્તાનો ટેકો મળશે તેથી મિશનરીઝને દૂર કરીને ઉત્તર-પૂર્વમાં હિંદુત્વની લહેર ઊભી કરી દેવાશે એવી સંઘને આશા હતી, પણ એવું થયું નથી. આ ઓછું હોય તેમ મણિપુરની હિંસામાં મોદી સરકાર હિંદુઓની રક્ષા કરવામાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ. તેના કારણે ઉત્તર-પૂર્વના હિંદુઓ ફફડેલા પણ છે અને ભડકેલા પણ છે. ભાજપ અને સંઘ બંનેના નામથી હિંદુઓ ભડકે છે ને એ સ્વાભાવિક છે.

મણિપુરની હિંસા હિંદુ મૈઈતેઈ સમુદાય અને ખ્રિસ્તી કુકી સહિતના આદિવાસી સમાજના સામસામા જંગના કારણે ફાટી નીકળેલી. આ જંગમાં હિંદુઓ મરી રહ્યા હતા ને કહેવાતી હિંદુવાદી સરકાર તથા હિંદુવાદી નેતાઓ પણ તમાશો જોઈ રહ્યા હતા. આ ખામોશી માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સહિતનાં હિંદુવાદી સંગઠનોના માથે માછલાં ધોવાવાં માંડ્યાં પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે મણિપુરની હિંસાનો મુદ્દો ઉખેળવો પડેલો.

સંઘને પણ મોડે મોડે ભાન થયું છે કે, મોદીને સારું લગાડવાના ચક્કરમાં ઉત્તર-પૂર્વના હિંદુઓને નારાજ કરી દીધા છે તેથી હવે મણિપુરની વાત દર મહિને કરે છે. તકલીફ એ છે કે, સંઘ હજુય વાતો જ કરે છે ને નક્કર કશું કરતો નથી. મણિપુર બીજું જમ્મુ અને કાશ્મીર બની ગયું છે. મણિપુરમાં પણ હિંદુઓને ટાર્ગેટ કરાય છે છતાં સંઘ ચર્ચાઓ જ કર્યા કરે છે ને નિવેદનો આપ્યાં કરે છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બીજી એક ઘટનાની પણ નોંધ લેવી જોઈએ. પ્રતિનિધિ સભાની શરૂઆતમાં ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ, તબલાં વાદક ઝાકિર હુસૈન અને પત્રકાર પ્રીતિશ નંદીને સંઘના અન્ય દિવંગત કાર્યકરો સાથે શ્રદ્ધાંજલિ આપવામાં આવી. સંઘના કાર્યક્રમોમાં સંઘના કાર્યકરો કે નેતાઓને શ્રદ્ધાંજલિ અપાય છે, પણ બીજા રાજકીય નેતાઓ કે દેશના સપૂતોને બહુ યાદ કરાતા નથી. તેમાં પણ ડૉ. મનમોહનસિંહ જેવા કૉંગ્રેસી વડા પ્રધાનને શ્રદ્ધાંજલિ અપાય એ તો મોટી વાત કહેવાય. સંઘે ડૉ. મનમોહનસિંહના યોગદાનને વખાણ્યું નથી કે બહુ વરસ્યો નથી, પણ અત્યાર લગી કૉંગ્રેસી વિચારધારા તરફ આભડછેટ રાખનારો સંઘ ડૉ. મનમોહનસિંહને યાદ કરવાની વિનમ્રતા બતાવે એ પણ સારું છે.

ડૉ. મનમોહનસિંહ વિરાટ વ્યક્તિત્વ ધરાવતા હતા. મનમોહનસિંહે ભારતનો ઇતિહાસ બદલી નાખ્યો તેમાં મીનમેખ નથી. ડૉ. સિંહ કોઈના સર્ટિફિકેટના મોહતાજ નથી કે કોઈ તેમને વખાણે તો જ તેમનું યોગદાન લેખે લાગે એવું પણ નથી. તેમાં પણ સંઘના સર્ટિફિકેટની તો તેમને બિલકુલ જરૂર નથી કેમ કે ડૉ. મનમોહનસિંહે જે કરી બતાવ્યું એ કરી બતાવવાનું સંઘનું ગજું નથી.

સંઘ વરસોથી સ્વદેશીની ને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાની ને એવી તો કરે છે, પણ આર્થિક મોરચે કશું નક્કર કરતો નથી. બલકે સંઘના આર્થિક મુદ્દે વિચારો બદલાયા કરે છે. ભાજપમાં જેની સત્તા હોય તેના વિચારો એ આપણા વિચારો એવી સંઘની માનસિકતા છે. તેની સામે ડૉ. સિંહે તો દેશને બદલ્યો છે તેથી કોઈ શ્રદ્ધાંજલિ ના આપે તોપણ બહુ ફરક ના પડે, પણ સંઘ પોતાની વાડાબંધી તોડી રહ્યો છે એ જોઈને સારું લાગે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૨૨-૩-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવાં, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવાં, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૩ સુધી (તા. ૨૩મી), પછી પૂર્વાષાઢા.
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૫૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૧૭-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૯ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૧૦-૦૫, રાત્રે ક. ૨૩-૦૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ – અષ્ટમી. કાલાષ્ટમી, ભારતીય ચૈત્ર માસારંભ, ભારતીય નવું વર્ષ ૧૯૪૭ પ્રારંભ.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પરિવાર પૂજા, સપ્તસતી પાઠ હવન, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઔષધ ઉપચાર, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, નિત્ય થતા મિલકત – લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ, શનિદેવતાનું પૂજન, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ કાર્યક્ષેત્રે સ્થિરતાનો અભાવ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ અનીતિમાન, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ આંખની કાળજી લેવી જરૂરી, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ખોટું બોલવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર વિષુવવૃતથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૪૦ કળાના અંતરે રહે છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી દક્ષિણે ૫ અંશ, ૧૭ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-મિથુન, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# અમેરિકાના શિક્ષણ વિભાગને વિખેરી નાખવાનો ટ્રમ્પનો આદેશ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમુક મુખ્ય કામગીરીઓને બાકાત રાખીને અમેરિકાના શિક્ષણ વિભાગને વિખેરી નાખવાના આદેશ પર સહી કરી હતી.

આદેશમાં જણાવ્યાનુસાર શિક્ષણ સચિવ કાયદાની મર્યાદામાં રહીને શિક્ષણ વિભાગને બંધ કરવા જરૂરી તમામ પગલાં લેશે અને શિક્ષણ વિભાગને લગતી તમામ સત્તા રાજ્યો અને સ્થાનિક સમુદાયને આપશે.

ટ્રમ્પે કહ્યું હતું કે મુખ્ય કામગીરીને બાકાત રાખીને વહીવટીતંત્ર શિક્ષણ વિભાગને બંધ કરી દેશે અને માત્ર ઓછી આવક ધરાવતી તેમ જ સરકારી સહાય મેળવતી સ્કૂલો અને વિકલાંગોને આર્થિક સહાય પૂરી પાડવા જેવી જવાબદારીઓ પોતાની પાસે રાખશે.

શિક્ષણ ક્ષેત્રે અમેરિકા પાછળ રહી ગયું હોવા માટે ટ્રમ્પે શિક્ષણ ખાતાની નબળી કામગીરીને જવાબદાર ઠેરવી હતી અને કહ્યું હતું કે રાજ્યો આ ક્ષેત્રે વધુ સારી કામગીરી કરશે. સ્કૂલો માટે શું સારું છે તેનો નિર્ણય લેવાની સત્તા અમે રાજ્યોને આપીશું, એમ શિક્ષણ સચિવ લિન્ડા મૅકમાહોને કહ્યું હતું.

ટ્રમ્પે શિક્ષણ ખાતાને ઉદારમતવાદી વિચારધારાથી પ્રદૂષિત થયેલો કચરો લેખાવ્યો હતો.

કૉંગ્રેસે ૧૯૭૯માં આ વિભાગ ઊભો કર્યો હોવાને કારણે તેની મદદ વિના આ વિભાગને સંપૂર્ણપણે વિખેરી નાખવો અશક્ય હોવાનું તેમણે કહ્યું હતું.

રિપબ્લિકનોએ કહ્યું હતું કે શિક્ષણ વિભાગને વિખેરી નાખવાનું લક્ષ્ય પાર પાડવા અમે કાયદો લાવીશું જેનો ડેમોક્રેટોએ વિરોધ કર્યો હતો. (એજન્સી) ■

# આરએસએસના વડા મોહન ભાગવતે એબીપીએસ બેઠકનું કર્યું ઉદ્ઘાટન, મણિપુરની સ્થિતિ પર થશે ચર્ચા

બેંગલુરુઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના પ્રમુખ મોહન ભાગવતે શુક્રવારે આરએસએસની ટોચની નિર્ણય લેતી સંસ્થા 'અખિલ ભારતીય પ્રતિનિધિ સભા (એબીપીએસ)' ની ત્રણ દિવસીય બેઠકનું ઉદઘાટન કર્યું હતું. આ બેઠકમાં મણિપુરની પરિસ્થિતિ અને દેશમાં 'ઉત્તર-દક્ષિણ વિભાજન' બનાવવાના પ્રયાસો પર ચર્ચા કરવામાં આવશે.

આરએસએસના સંયુક્ત મહાસચિવ સી.આર મુકુન્દાએ અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ''બેઠકમાં સમકાલીન અને સળગતા મુદ્દાઓ પર મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે.'' આ બેઠકમાં સંઘ સાથે સંકળાયેલા ૩૨ સંગઠનોના વડાઓ ભાગ લેશે.

મુકુન્દાએ કહ્યું હતું કે, મણિપુર છેલ્લા ૨૦ મહિનાથી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે પરંતુ હવે થોડી આશા છે. જ્યારે આપણે મણિપુર માટે કેન્દ્ર સરકારના વિઝન પર નજર કરીએ છીએ, ત્યારે આપણને ત્યાંના લોકો માટે આશાનું કિરણ દેખાય છે.

તેમણે કહ્યું કે આરએસએસ પરિસ્થિતિનું વિશ્લેષણ કરી રહ્યું છે અને તેમનું માનવું છે કે ''કુદરતી વાતાવરણ બનાવવામાં ઘણો સમય લાગશે. આરએસએસના સંયુક્ત સચિવે કહ્યું કે રાષ્ટ્રીય એકતાને પડકારતી શક્તિઓ ચિંતાનો વિષય છે. એક સંગઠન તરીકે અમે રાષ્ટ્રીય એકતાને પડકારતી શક્તિઓ વિશે ચિંતિત છીએ, ખાસ કરીને ઉત્તર-દક્ષિણ વિભાજન વધારતી શક્તિઓ, પછી ભલે તે સીમાંકન હોય કે ભાષાઓ.''

તેમણે કહ્યું હતું કે આરએસએસના સ્વયંસેવક અને 'સંઘ પરિવાર' સાથે સંબંધિત વિવિધ સંગઠનોના કાર્યકર્તાઓ, ખાસ કરીને કેટલાક રાજ્યોમાં સુમેળ લાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. મુકુન્દાના મતે, છેલ્લા એક વર્ષમાં આરએસએસના દાયરામાં અનેક ગણો વધારો થયો છે. તેમણે કહ્યુ હતું કે હાલમાં ૮૩,૧૨૯ શાખાઓ સક્રીય છે જે ગયા વર્ષની સરખામણીમાં ૧૦,૦૦૦થી વધુ છે. ■

# અમેરિકામાં ટેસ્લાની બધી સાયબરટ્રક પાછી ખેંચાઇ

વૉશિંગ્ટનઃ અમેરિકામાં ટ્રાફિક અને તેને લગતી સલામતીના નિયામકે ટેસ્લાની બધી (અંદાજે ૪૬,૦૦૦થી વધારે) સાયબરટ્રક પાછી ખેંચવાનો આદેશ આપ્યો હતો.

ટેસ્લાનાં વાહનો આ આઠમી વખત પાછાં ખેંચવાનો આદેશ અપાયો હતો. ટેસ્લાની સાયબરટ્રક ગ્રાહકોને આપવાનું હજી એક વર્ષ પહેલાં જ શરૂ કરાયું હતું.

અમેરિકાના નેશનલ હાઇવે ટ્રાફિક સેફ્ટી એડમિનિસ્ટ્રેશને ટેસ્લાની બધી (અંદાજે ૪૬,૦૦૦થી વધારે) સાયબરટ્રક પાછી ખેંચવાનો હુકમ કર્યો હતો અને તેના માટેનું કારણ ડ્રાઇવિંગ વખતે વાહનની પેનલ નીકળી જવાની સંભાવના વ્યક્ત કરી હતી.

નિયામકે આક્ષેપ કર્યો હતો કે સાયબરટ્રક ચલાવતી વખતે તેની બહારની પેનલ ડાબી અને જમણી બાજુની વિન્ડશિલ્ડ સાથે નીકળી શકે છે અને તેનાથી અન્ય ડ્રાઇવર માટે મુશ્કેલી તેમ જ અકસ્માતનું જોખમ ઊભું થઇ શકે છે.

અમેરિકાના નેશનલ હાઇવે ટ્રાફિક સેફ્ટી એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે ટેસ્લાની સાયબરટ્રકની વિન્ડશિલ્ડ અને બન્ને બાજુની છત સાથે જોડાયેલી સ્ટેનલેસ-સ્ટીલની પટ્ટી (કેન્ટ રેલ એસેમ્બલી) સ્ટ્રક્ચરલ અડ્હીસિવ (ગુંદર)થી લગાવેલી છે અને વાહન ચાલતું હોય ત્યારે તે નીકળી જાય એવી છે. ટેસ્લા સાયબરટ્રકની પેનલ ગ્રાહકોને મફતમાં બદલી આપશે. વાહન માલિકોને સંબંધિત પત્ર ૨૦૨૫ની ૧૯ મેએ મોકલાય એવી આશા રખાય છે. (એજન્સી) ■

# દિલ્હી હાઈ કોર્ટના જજ વર્માના નિવાસસ્થાનેથી મળેલી રોકડના કેસને મામલે પ્રાથમિક તપાસ શરૂ

નવી દિલ્હીઃ આગની ઘટના દરમિયાન તેમનાં સત્તાવાર નિવાસસ્થાનેથી મોટા પ્રમાણમાં મળી આવેલી રોકડ રકમને મામલે તાકીદે પગલાં લેતાં સુપ્રીમ કૉર્ટની કોલેજીયમે દિલ્હી હાઈ કોર્ટના જજ ન્યાયાધીશ યશવંત વર્મા વિરુદ્ધ શુક્રવારે પ્રાથમિક તપાસ આરંભી હતી અને અલાહાબાદ કોર્ટમાં તેમની ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો હતો.

સુપ્રીમ કોર્ટના ચુકાદામાં જણાવ્યાનુસાર આ પ્રાથમિક તપાસ ઈન-હાઉસ ઈન્કવાયરી નહીં હોય. દિલ્હી હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પાસે ઘટના અંગેનો પ્રાથમિક રિપોર્ટ માગવામાં આવશે. ઘટનાને મામલે પગલાં લેતાં ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) સંજીવ ખન્નાના વડપણ હેઠળની કોલેજીયમે તાકીદે બેઠક બોલાવી હતી અને તેમની પૅરેન્ટ હાઈ કોર્ટ ગણાતી અલાહાબાદ હાઈ કોર્ટમાં તેમની ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા આરંભી હતી.

પ્રાથમિક તપાસનો આરંભ તો એક પગલું છે અને કોલેજીયમ આ મામલે વધુ કાર્યવાહી કરે તેવી શક્યતા છે, એમ તેમણે કહ્યું હતું.

જસ્ટિશસવર્માની અલાહાબાદ હાઈ કોર્ટમાં ટ્રાન્સફર કરવાની કોલેજીયમની ભલામણ કેન્દ્ર સરકાર સ્વીકારશે ત્યાર બાદ જ તે અમલી બનશે. વર્મા હાલ સેલ્સ ટૅક્સ, જીએસટી કંપની અપીલ સહિતના કેસ સાથે કામ પાર પાડતી ડિવિઝન બૅન્ચના વડા છે. જોકે દિલ્હીના અગ્નિશમન દળ દ્વારા વર્માના નિવાસસ્થાનેથી કેટલી રોકડ મળી આવી હતી તેની જાહેરાત અધિકારીઓએ નહોતી કરી. (એજન્સી) ■

# ભારતનું કોલસા ઉત્પાદન એક અબજ ટનને પાર, વડા પ્રધાન મોદીએ દેશ માટે ગર્વની ક્ષણ ગણાવી

નવી દિલ્હીઃ ભારતે ચાલુ નાણાકીય વર્ષમાં એક અબજ ટન કોલસા ઉત્પાદનનો રેકોર્ડ આંકડો પાર કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સિદ્ધિને દેશ માટે ગર્વની ક્ષણ ગણાવતા કહ્યું કે તે ઊર્જા સુરક્ષા અને આત્મનિર્ભરતા પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

કોલસાનો ઉપયોગ મુખ્યત્વે વીજળી ઉત્પાદન તેમજ ઘણા ઉદ્યોગોમાં બળતણ તરીકે થાય છે. કોલસો વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા માટે મુખ્ય ઊર્જા સ્રોત છે. ભારતે ૨૦૨૩-૨૪(એપ્રિલ ૨૦૨૩થી માર્ચ ૨૦૨૪)માં ૯૯૭.૮૩ મિલિયન ટન કોલસાનું ઉત્પાદન કર્યું હતું. મોદીએ એક્સ પર ચાલુ નાણાકીય વર્ષમાં એક અબજ ટન કોલસા ઉત્પાદન હાંસલ કરવાને ભારત માટે ગર્વની ક્ષણ ગણાવી હતી.

તેમણે જણાવ્યું કે એક અબજ ટન કોલસા ઉત્પાદનનો આંકડો પાર કરવો એ એક નોંધપાત્ર સિદ્ધિ છે, જે ઊર્જા સુરક્ષા, આર્થિક વિકાસ અને આત્મનિર્ભરતા પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. ■

# કર્ણાટકના વિધાનસભ્યોને સસ્પેન્ડ કરવાનું પગલું 'બિનલોકતાંત્રિક': ભાજપ

બેંગલૂરુઃ ભાજપે કર્ણાટક વિધાનસભામાંથી પોતાના ૧૮ વિધાનસભ્યને છ મહિના માટે સસ્પેન્ડ કરવાનું રાજ્યની કોંગ્રેસ સરકારનું પગલું 'બિનલોકતાંત્રિક' ગણાવીને તેની આકરી ટીકા કરી હતી. તેણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના વિધાનસભ્યોની સાથે 'અન્યાય' કરાયો છે. ભાજપના વિધાનસભ્યો જાહેર કોન્ટ્રેક્ટ્સમાં મુસલમાનો માટે ચાર ટકા અનામત રાખવાની સામે અને કર્ણાટકના પ્રધાનોને સંડોવતા 'હની ટ્રેપ'ના મુદ્દે દેખાવ કર્યો હોવાથી તેઓને સસ્પેન્ડ કરાયા હતા. ભાજપના વિધાનસભ્યોએ રાજ્યપાલ થાવરચંદ ગહલોતને આ સંબંધમાં આવેદનપત્ર સોંપ્યું હતું.

ભાજપે આવેદનપત્રમાં વિનંતિ કરી હતી કે કર્ણાટકમાંના સાર્વજનિક કોન્ટ્રેક્ટમાં મુસલમાનોને અનામત આપવાના ખરડાને મંજૂરી આપવી ન જોઇએ. ભાજપના કર્ણાટક એકમના પ્રમુખ બી. વાય. વિજયેન્દ્રએ જણાવ્યું હતું કે કૉંગ્રેસ સરકારમાંના એક વરિષ્ઠ પ્રધાને વિધાનસભામાં કબૂલ કર્યું હતું કે રાજ્યના ૪૮ વિધાનસભ્યને 'હની ટ્રેપ' કરવાની કોશિશ કરાઇ હતી.

કર્ણાટક વિધાનસભાના અંદાજપત્ર સત્રના અંતિમ દિવસે ભાજપના વિધાનસભ્યોને સસ્પેન્ડ કરાયા હતા. (એજન્સી) ■

# 'આપ' દ્વારા સંસ્થાકીય હોદ્દાઓમાં મોટેપાયે ફેરફાર કરવામાં આવ્યા

### ક દિલ્હી 'આપ'ના ચીફ તરીકે સૌરભ ભારદ્વાજની વરણી ક સિસોદિયા પંજાબ એકમના વડા

નવી દિલ્હીઃ ગયા મહિને યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં થયેલા પરાજય બાદ આમ આદમી પાર્ટી 'આપ'એ સંસ્થાકીય હોદ્દાઓમાં મહત્ત્વના ફેરફારની શુક્રવારે જાહેરાત કરી હતી.

દિલ્હી 'આપ'ના નવા ચીફ તરીકે સૌરભ ભારદ્વાજની તો વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયાની પંજાબ એકમના વડા તરીકે વરણી કરવામાં આવી હતી.

ભારદ્વાજ ગોપાલ રાયનું સ્થાન લેશે તો હાલમાં દેશમાં જે એકમાત્ર રાજ્યમાં 'આપ'ની સત્તા છે તે પંજાબ એકમના વડા તરીકેનો હવાલો મનિષ સિસોદિયા સંભાળશે.

પક્ષના સુપ્રીમો અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને યોજાયેલી 'આપ'ની પોલિટિકલ અફેર્સ કમિટી (પીએસી)ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ફેરફાર અંગેની જાહેરાત કરતા 'આપ'ના મહામંત્રી સંદીપ પાઠકે કહ્યું હતું કે ગોપાલ રાયને ગુજરાતનો હવાલો સોંપવામાં આવ્યો છે જ્યાં પક્ષ પોતાનો વ્યાપ વધારવા માગે છે. રાજ્યસભાના સાંસદ પાઠકને 'આપ'ના છત્તીસગઢ એકમના વડા તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે તો પંકજ ગુપ્તા પક્ષના ગોવા એકમનું સુકાન સંભાળશે.

મહેરાજ મલિકને પક્ષના જમ્મુ-કાશ્મીર એકમના નવા ચીફ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

દિલ્હીમાં મહિલાઓને માસિક રૂ. ૨૫૦૦ની સહાય તેમ જ મફત એલપીજી ગૅસ સિલિન્ડર આપવાના સહિતના આપેલાં વચનોનું ભાજપે પાલન ન કર્યું હોવા અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી, એમ પાઠકે કહ્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### આજથી આઇપીએલના

બીસીસીઆઇએ બૉલ પર લાળ લગાડવા પરનો પ્રતિબંધ પાછો ખેંચી લીધો છે. મોડી સાંજે અને રાત્રે ભેજને કારણે ખેલાડીઓને થતી હેરાનગતિ દૂર થતી જોવા મળશે, કારણકે સેકન્ડ ઇનિંગ્સમાં ૧૧મી ઓવરથી (વાપરેલો) નવો બૉલ ઉપયોગમાં લેવાની છૂટ આપવામાં આવી રહી છે. ઊંચા વાઇડ તથા ઑફ સાઇડના વાઇડ માટે હવેથી ડિસિઝન રિવ્યૂ સિસ્ટમ (ડીઆરએસ)ની મદદ લઈ શકાશે તેમ જ હવેથી આઇપીએલમાં સ્લો ઓવર-રેટના અફેન્સ બદલ સંબંધિત ટીમના કૅપ્ટનને (દંડ થશે, પરંતુ) કોઈ મૅચમાંથી સસ્પેન્ડ નહીં કરવામાં આવે.

આ સ્પર્ધાની બીજી મૅચ રવિવાર, ૨૩મી માર્ચે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) રમાશે. એ જ દિવસની પછીની મૅચ વિક્રમજનક પાંચ-પાંચ વખત ટાઇટલ જીતી ચૂકેલા મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વચ્ચે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રમાશે.

#### આજની પ્રારંભિક મૅચની ટીમમાં કોણ-કોણ છે?

કોલકાતાઃ અજિંક્ય રહાણે (કૅપ્ટન), વેન્કટેશ ઐયર (વાઇસ-કૅપ્ટન), ક્વિન્ટન ડિકૉક (વિકેટકીપર), સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, અંગક્રિશ રઘુવંશી, રિન્કુ સિંહ, રમણદીપ સિંહ, મોઇન અલી, વૈભવ અરોરા, હર્ષિત રાણા, સ્પેન્સર જૉન્સન, મયંક માર્કન્ડે, ઍન્રિક નોર્કિયા, વરુણ ચક્રવર્તી, મનીષ પાન્ડે, રૉવમૅન પોવેલ, રહમનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), અનુકૂલ રૉય, ચેતન સાકરિયા અને લવનીથ સિસોદિયા.

બેન્ગલૂરુઃ રજત પાટીદાર (કૅપ્ટન), વિરાટ કોહલી, જિતેશ શર્મા (વિકેટકીપર), ફિલ સૉલ્ટ, જૅકબ બેથેલ, દેવદત્ત પડિક્કલ, રોમારિયો શેફર્ડ, ટિમ ડેવિડ, કૃણાલ પંડ્યા, લિઆમ લિવિંગસ્ટન, અભિનંદન સિંહ, મનોજ ભંડાગે, સ્વસ્તિક ચિકારા, જૉશ હૅઝલવૂડ, ભુવનેશ્વર કુમાર, મોહિત રાઠી, લુન્ગી ઍન્ગિડી, રસિખ સલામ, સુયશ શર્મા, સ્વપ્નિલ સિંહ, નુવાન થુશારા અને યશ દયાલ. ■

### લંડનનું હીથ્રો ઍરપોર્ટ

લંડનની બહાર આવેલા ગેટવિક ઍરપોર્ટ, પેરિસના ચાર્લ્સ ડી ગૌલે ઍરપોર્ટ, આયર્લૅન્ડના શેનોન ઍરપોર્ટ ખાતે વાળવામાં આવી હતી. હીથ્રો ઍરપોર્ટના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે મુસાફરો અને વિમાનના કર્મચારીઓની સલામતીને ધ્યાનમાં રાખીને અમારી પાસે ઍરપોર્ટ બંધ કરવા સિવાય કોઇ વિકલ્પ નથી બચ્યો. જેઓની ફ્લાઇટ હવે પછીના દિવસોની હોય તેઓએ પણ ફ્લાઇટ ઊપડવાની છે કે નહિ, તેની પૂછપરછ કરીને જ વિમાનમથકે આવવું. વીજળી પુરવઠો ખોરવાતા લંડનની નેશનલ રેલે ઍરપોર્ટ જતી અને ત્યાંથી ઊપડતી બધી ટ્રેન રદ કરી હતી. યુનાઇટેડ ઍરલાઇન્સની સાત ફ્લાઇટ બીજા વિમાનમથકે લઇ જવાઇ હતી. લંડનમાં અને ત્યાંની આસપાસના આશરે ૧૬,૩૦૦થી વધારે ઘરમાં લાઇટ ચાલી ગઇ હતી.

લંડનના સ્થાનિક સમય ગુરુવારે બપોરે ૧૧.૨૩ વાગ્યે ઇમર્જન્સી સર્વિસને ઇલેક્ટ્રિકલ સબસ્ટેશનમાં લાગેલી આગની જાણ કરાઇ હતી. હીથ્રો વિમાનમથકે ત્રીજો રનવે શરૂ કરવા યુકે સરકારે તાજેતરમાં જ મંજૂરી આપી હતી. (એજન્સી) ■

### દેશમાં ભાષાને આધાર

અને બે ધ્વજ ચલાવી ન લેવાય. અમિત શાહે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરનો ત્રાસવાદ તેમ જ ઇશાન ભારતમાંના બળવાખોરોની પ્રવૃત્તિ દેશ સામેના સૌથી મોટા પડકાર છે. દેશમાં છેલ્લા ચાર દાયકા દરમિયાન હિંસામાં અંદાજે ૯૨,૦૦૦ નાગરિક માર્યા ગયા હતા. અમારી સરકાર ત્રાસવાદને નાથવામાં ઘણી સફળ થઇ છે. (એજન્સી) ■

## ૨૦૩ વર્ષની નવી સિદ્ધિ

# મુંબઈ સમાચારની અંગ્રેજી વેબસાઈટ લોન્ચ કરાઈ






અંગ્રેજી વેબસાઈટ લોન્ચ કરતી વખતે ઉપસ્થિત ડિરેક્ટર મહેરવાનજી કામા, તંત્રી નીલેશ દવે સહિત મુંબઈ સમાચારની ટીમ અને સોશિયલ મીડિયા પ્રમોશન ટીમના સભ્યો. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ એશિયાના સૌથી જૂના ગુજરાતી અખબાર મુંબઈ સમાચારે ૨૦૩ વર્ષની ઐતિહાસિક સફરમાં આગળ સમયની સાથે કદમ મિલાવતા ગઈ કાલે મુંબઈ સમાચારની અંગ્રેજી વેબસાઈટ 'મુંબઈ સમાચાર'ના ડિરેક્ટર મહેરવાનજી કામાના હસ્તે લોન્ચ કરી હતી. આ પ્રસંગે તંત્રી નીલેશ દવે અને મુંબઈ સમાચારની ટીમ ઉપસ્થિત રહી હતી.

વેબસાઈટ લોન્ચ કર્યા પછી મહેરવાનજી કામાએ કહ્યું હતું કે 'મુંબઈ સમાચાર'એ અત્યારે તો ૨૦૩ વર્ષ પૂરા કર્યા છે અને નવી અંગ્રેજી વેબસાઈટના લોન્ચ સાથે બીજા ૨૦૩ વર્ષની સફર ખેડે એવી શુભેચ્છા.

વેબસાઈટના લોન્ચિંગ વખતે 'મુંબઈ સમાચાર'નું સોશિયલ મીડિયા મેનેજ કરનાર ડાઈવર્સ મીડિયાના ફાઉન્ડર તેજવી કોટિયા અને કો-ફાઉન્ડર વરુણ ઔરંગાબાદવાળા પણ હાજર રહ્યા હતા.

'મુંબઈ સમાચાર'એ ગુજરાતી વેબસાઈટની સફળતા બાદ પારસી નવા વર્ષના દિવસે અંગ્રેજી વેબસાઈટ લોન્ચ કરી છે. તમે પણ લેટેસ્ટ અપડેટેડ ન્યૂઝ જાણવા માટે જોડાયેલા રહો મુંબઈ સમાચારની વેબસાઈટ સાથે. ■

# ગોખલે બ્રિજ ૧૫મીમે સુધી ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બે મહિના બાદ જ્યારે અંધેરીના ગોખલે બ્રિજનું બીજા તબક્કાનું કામ પૂરું થઈને તે પૂર્ણ ક્ષમતાએ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે ત્યારે ગોખલે બ્રિજથી સીડી બરફીવાલા ફ્લાયઓવરનો પ્રવાસ વાહનચાલકો માટે વધુ સરળ બની રહેવાનો છે.

ગયા વર્ષે ગોખલે બ્રિજને પહેલા તબક્કામાં ખુલ્લો મૂકવામાં આવ્યા બાદ વિવાદાસ્પદ બરફીવાલા ફ્લાયઓવર સાથે એક લેનને જોડવામાં આવ્યો હતો. હવે ગોખલે બ્રિજનું બીજા તબક્કાનું કામ લગભગ પૂરું થઈ ગયું છે ત્યારે બરફીવાલા ફ્લાયઓવર સાથે ગોખેલ બ્રિજની બીજી લેન પશ્ચિમથી પૂર્વ સાથેનું બાકી રહેલું જોડાણનું કામ પણ પૂરું કરી નાખવામાં આવ્યું છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ગોખલે બ્રિજના બીજા તબક્કાનું કામ લગભગ પૂરું થઈ ગયું છે અને ૧૫ મે સુધીમાં તેને પૂર્ણ ક્ષમતાએ ખોલવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. પહેલા તબક્કામાં બ્રિજ ખોલવાના લગભગ એક વર્ષ કરતા વધુ સમય બાદ અને બરફીવાલા ફ્લાયઓવરનો એક ભાગ તેની સાથે જોડાયાના આઠ મહિના પછી આખો ગોખલે બ્રિજ ખુલ્લો મૂકાવાનો છે.

ફેબ્રુઆરી, ૨૦૨૪માં જ્યારે ગોખલે પુલનો પહેલો તબક્કાનો હિસ્સો વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારે તેની અને સીડી બરફીવાલા ફ્લાયઓવર વચ્ચે છ ફૂટનું અંતર જણાઈ આવતા બધા ચોંકી ગયા હતા. ગોખલે બ્રિજનો એક તબક્કાનો હિસ્સો ચાલુ થઈ ગયા બાદ તેને બરફીવાલા સાથે જોડવામાં ત્રણ મહિનાનો સમય લાગ્યો હતો. પાલિકાએ ૧૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંને ફ્લાયઓવરના એક લેવલ પર લાવવા માટે ગ્રાઉન્ડ વર્ક ચાલુ કર્યું હતું અને જુલાઈ ૨૦૨૪ના પહેલા અઠવાડિયામાં તે પૂરું થયું હતું. હવે ગોખલે બ્રિજ અને બરફીવાલા ફ્લાયઓવર સાથેની બીજી લેનની જોડાણનું કામ પણ પૂરું થયું છે.

અંધેરી વેસ્ટમાં ગોખલે બ્રિજ તોડી પડાયો ત્યારથી જ સ્થાનિકો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે અને જો ૧૫મી મેથી સુધરાઈના વચન મુજબ એ ખુલ્લો મૂકવામાં આવશે તો લોકોને ઘણી રાહત થશે.

આમેય આ પુલના બાંધકામમાં અનેક વિઘ્નો આવ્યા છે પણ આ વખતે કોઈ અડચણ ન આવે તો સારું. ■

## નેતા વિરુદ્ધ અભિનેતા

# ટીબી જાગૃતિ માટે મુંબઈમાં આજે ફ્રેન્ડલી મેચ રમાશે

મુંબઈઃ ભૂતપૂર્વ કેન્દ્રીયપ્રધાન અને ભાજપના સાંસદ અનુરાગ ઠાકુર ટીબીમુક્ત ભારત જાગૃતિ અભિયાનના ભાગરૂપે શનિવારે મુંબઈના વાનખેડે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજકારણીઓ અને અભિનેતાઓ વચ્ચે રમાનારી મૈત્રીપૂર્ણ ટી-૨૦ મેચમાં ભાગ લેશે. સાંજે સાડાપાંચ વાગ્યે શરૂ થનારી આ મેચમાં ઠાકુરની આગેવાની હેઠળની લીડર્સ ઈલેવન અને સુનીલ શેટ્ટીની આગેવાની હેઠળની એક્ટર્સ ઇલેવન વચ્ચે રમાશે.

મહારાષ્ટ્રના ગવર્નર સી.પી. રાધાકૃષ્ણન, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, અભિનેતા સલમાન ખાન, સાંસદો સુપ્રિયા સુળે, અરવિંદ સાવંત અને ભૂતપૂર્વ સાંસદ પ્રીતમ મુંડે ઠાકુર દ્વારા આયોજિત આ રમતમાં હાજર રહેશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતને ટીબી મુક્ત બનાવવાનો સંકલ્પ લીધો છે તે ભારપૂર્વક જણાવતાં ઠાકુરે કહ્યું હતું કે જાગૃતિ એ રોગને રોકવા માટેનું સૌથી મોટું માધ્યમ છે. ■

# નાગપુર હિંસાઃ ૧૭ જણને આજ સુધીની પોલીસ કસ્ટડી

નાગપુરઃ નાગપુરમાં હિંસાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવેલી ૧૭ વ્યક્તિને સ્થાનિક અદાલતે બાવીસ માર્ચ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. 'ગુનાની ગંભીરતા' અને 'પ્રથમ દૃષ્ટિએ તેમની સામેનો આરોપ બને છે' એમ અદાલતે નોંધ્યું છે.

આરોપીઓને ગુરુવારે રાત્રે મેજિસ્ટ્રેટ મૈમુના સુલતાના સમક્ષ રજૂ કરી પોલીસે સાત દિવસની કસ્ટડી માગી હતી. જોકે અદાલતે માત્ર બે દિવસની કસ્ટડી મંજૂર કરી હતી. ગણેશપેઠ પોલીસે નોંધાવેલી એફઆઈઆરના સંદર્ભમાં આ ૧૭ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.■

# ઉદ્ધવ ઠાકરે સાથે યુતિ? હોતું હશે...: ફડણવીસ

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે અને દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રના રાજકારણમાં બે મહત્વના નેતા છે. ૨૦૧૪ અને તે પહેલાં બંને સાથે હતા. ૨૦૧૯માં બંને નેતાઓ વચ્ચે વૈમનસ્ય જોવા મળ્યું. દેવેન્દ્ર ફડણવીસ ૨૦૨૫માં ફરી એકવાર મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બન્યા છે. નવા વાતાવરણમાં ઉદ્ધવ ઠાકરે સાથે ગઠબંધન થશે કે કેમ એ અટકળોનો દેવેન્દ્ર ફડણવીસે જવાબ આપ્યો છે.

દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે ફરી હાથ મિલાવશે એવો સવાલ એક ટીવી ચેનલના કાર્યક્રમમાં પૂછવામાં આવ્યો હતો. નહીં થાય એવો જવાબ ફડણવીસે ક્ષણવારમાં આપ્યો હતો.જેના પર તેમણે કહ્યું કે તે તરત જવાબ નહીં આપે. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે કોઈ ગઠબંધન નહીં થાય એમ દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટપણે જણાવતા દર્શકોએ તાળીઓ પાડી હતી.

મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્ધવ ઠાકરે સાથે કોઈ સંબંધ નથી રહ્યા, કારણ કે તેમણે જ સંબંધ તોડી નાખ્યો હતો. અમે લડતા ઝઘડતા નથી અને મળીએ ત્યારે વાતચીત પણ થાય છે. જોકે, હકીકત એ છે કે ઉદ્ધવ ઠાકરેએ તમામ સંબંધો તોડી નાખ્યા છે. ■




# ઘાટકોપર હોર્ડિંગ દુર્ઘટનાના મુખ્ય આરોપીના જામીન મંજૂર

**દશા શ્રીમાળી સ્થા. જૈન**



વડિયા નિવાસી હાલ અંધેરી (વેસ્ટ)
**શ્રી ધીરજલાલ ભુરાચંદ શાહ**
ઉ. વર્ષ ૯૫, તે સુશીલાબેનના પતિ, તા. ૨૧/૩/૨૦૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. તે હરીશ, રાજેશ, મેહુલના પિતાશ્રી, અમિષા, રીમા અને પારુલ ના સસરાજી સ્વ. પ્રભુદાસભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. દયાબેન, સ્વ. સરલાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. ગુણવંતીબેનના ભાઈ તથા સંસારી પક્ષે પરમ પૂજ્ય ગુલાબબાઈ મહાસતીજીના ભાઈ, બીલખા નિવાસી સ્વ. રતિલાલ આણંદજી દોશીના જમાઈ, તે આરીષા, નિર્મલ, આશના, સંચિત, રૂહી, પવન, સવેરા અને સ્પર્શ ના દાદાજી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૩/૩/૨૦૨૫, રવિવાર ના રોજ સવારે ૧૦ થી ૧૨ રાખેલ છે. સ્થળઃ જલારામ હોલ, જોગર્સ પાર્કની સામે, જુહુ, વિલે પાર્લે (વેસ્ટ), આવનાર દરેકને ભાણે બેસવા વિનંતી.

મુંબઈઃ ઘાટકોપર ખાતે હોર્ડિંગ તૂટી પડવાના કેસના મુખ્ય આરોપી અર્શદ ખાનને સેશન્સ કોર્ટે ગુરુવારે જામીન આપ્યા હતા. આ અગાઉ પણં અર્શદે સેશન્સ કોર્ટમાં જામીન માટેની અરજી કરી હતી, પણ તેની અરજી ફગાવી દેવામાં આવી હતી.

આ કેસના અન્ય આરોપીઓને પહેલા જ જામીન આપવામાં આવ્યા છે. ગુનામાં સહભાગી હોવા અંગે તેમની સામે પુરતા પુરાવા હોવાનું કહીને પણ કોર્ટે તેમને જામીન આપ્યા હતા.

તેથી પોતાને પણ સમાન ન્યાય મળવો જોઇએ એવી માગણી સાથે અર્શદે જામીનની અરજી કરી હતી. તેથી કોર્ટે આ વખતે તેના જામીન મંજૂર કર્યા હતા. ગયા વર્ષે મે મહિનામાં મુંબઈમાં વાવાઝોડા અને વરસાદમાં ઘાટકોપર ખાતે પેટ્રોલ પંપ નજીકનું ૧૦૦ ફૂટનું વિશાળ હોર્ડિંગ તૂટી પડયું હતું અને તેમાં ૧૭ જણનાં મોત થયા હતા.■

# મુલુંડ ટોલ પ્લાઝા પરનું હોર્ડિંગ ગેરકાયદેઃ ઉદ્યોગ પ્રધાને કરી કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપના વિધાનસભ્યો દ્વારા વિધાનસભામાં મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે શુક્રવારે સ્વીકાર્યું હતું કે, મુંબઈના મુલુંડ ટોલ પ્લાઝા પર ગેરકાયદે રીતે હોર્ડિંગ લગાવવામાં આવ્યું હતું, જે થયું હતું.

મુંબઈમાં ૧૩ મે, ૨૦૨૪ના રોજ ઘાટકોપર વિસ્તારમાં હોર્ડિંગ તૂટી પડવાની હોનારત નોંધાઈ હતી, જેમાં ૧૭ લોકો માર્યા ગયા હતા અને ૭૫ લોકો ઘાયલ થયા હતા. સામંતે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ને શહેરમાં હોર્ડિંગનું ઓડિટ કરવાનો નિર્દેશ આપશે અને આગામી સત્ર દરમિયાન આ રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવામાં આવશે. ભાજપના વિધાનસભ્ય અમિત સાટમે જણાવ્યું હતું કે મુલુંડ ટોલ પ્લાઝા પર હોર્ડિંગ લગાવવા માટે જવાબદાર કોન્ટ્રાક્ટરને ૬૮ ગણો દંડ ફટકારવામાં આવ્યો છે. શિવસેનાના વડા અને નગર વિકાસ ખાતાના પ્રધાન એકનાથ શિંદે વતી બોલતા સામંતે જણાવ્યું હતું કે નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કોન્ટ્રાક્ટર સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે. સામંતે કહ્યું હતું કે ટોલ પ્લાઝા પર હોર્ડિંગ લગાવવાની મંજૂરી મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) દ્વારા ૨૦૦૫માં આપવામાં આવી હતી, પરંતુ બીએમસીની મંજૂરી જરૂરી હતી, જે કોન્ટ્રાક્ટર દ્વારા લેવામાં આવી ન હોય તેવું લાગે છે. ■

## ગુણો ની સ્મરણાંજલી



**માતૃશ્રી ગુણવંતીબેન (૧૯૪૭ - ૨૦૨૫)**

ઘોઘારી વીશાશ્રીમાળી જૈન નોંઘણવદર - ઘાટકોપર,
પ્રબુધ્ધ પ્રવચકાર પરમ પુજ્ય ગચ્છાધિપતિ આચાર્ય દેવેસ્
શ્રીમદ્ વિજય યુગભૂષણસુરીશ્વરજી મ.સા.
પ્રવચન વિષય : ઋણ પ્રતિભાવ સવારે ૮.૩૦ થી ૧૦.૪૫.

- ભરત ભૂષણ પુસ્તક વિમોચન
(પ્રભુ ૠષભદેવના જીવન પ્રસંગની ઝાંખી કરાવતુ પુસ્તક)
- સમાધી ની સપ્તપદી - સવારે ૧૦.૪૫ થી ૧૨.૪૫.
શબ્દ વૈભવઃ- નિરવભાઈ શાહ, બોરીવલી
સ્વર, સંગીત વૈભવઃ- મહાવીરભાઈ શાહ.

તા. ૨૩/૦૩/૨૦૨૫ રવિવાર, સ્થલઃ- ભાનુશાલી વાડી, ત્રીજે માળે, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૭૭.

આશીષ - ભાવના, મેઘ - રૂપલ, શ્રેયા - વંશ, ખુશ્બુ, આર્ય
નિમંત્રકઃ - શાહ હર્ષદરાય છગનલાલ મગનલાલ

# નેપિયન સી રોડનો લક્ષ્મી નિવાસ બંગલો ૨૭૬ કરોડ રૂપિયામાં કોણે ખરીદી લીધો?

મુંબઈઃ મુંબઈની સૌથી પ્રતિષ્ઠિત મિલકતોમાંની એક, નેપિયન સી રોડ પર આવેલ લક્ષ્મી નિવાસ બંગલો ૨૭૬ કરોડ રૂપિયામાં વેચાઈ ગયો છે. તેની સ્થાપત્ય ભવ્યતા ઉપરાંત લક્ષ્મી નિવાસ બંગલો ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. કારણ કે સ્વતંત્રતાસંગ્રામ દરમિયાન તે સ્વાતંત્ર્યસેનાનીઓ માટે એક મહત્ત્વપૂર્ણ સ્થળ હતું.

એક અખબારી અહેવાલને ટાંકતાં લક્ષ્મી નિવાસનું વેચાણ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયું હતું. ૧૯,૮૯૧ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતા આ બંગલાની વેચાણ કિંમત આશરે રૂ. ૧.૩૮ લાખ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ છે, જે મુંબઈના ઉચ્ચ રિયલ એસ્ટેટ બજારનો પુરાવો છે.

આ મિલકતમાં ગ્રાઉન્ડ ફ્લોર, બે ઉપરના માળ અને પાછળના ભાગમાં એક વધારાનું મકાન છે.

વાગેશ્વરી પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડને આ બંગલો વેચાયો ઠે અને આ કંપનીના ડિરેક્ટરોમાં અલીના નિખિલ મેસવાણીનો સમાવેશ થાય છે. અલીના નિખિલ આર. મેસવાણીની પત્ની છે. મેસવાણી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. ■



# સંસ્થા સમાચાર

## ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન



શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન (કેરીઅર ગાઇડન્સ) સેમિનારનું આયોજન બુધવાર તા. ૧૯-૩-૨૫ના દિને કરવામાં આવ્યું હતું. ઘાટકોપરની વિવિધ શાળાના લગભગ ૧૦૦થી વધુ વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ પોતાના વાલી સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સેમિનારમાં આ વિષયના નિષ્ણાંત વ્રજ પટેલ તથા પ્રીતિ કાબ્રાએ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ પણ કર્યું હતું.

વિદ્યાર્થીઓ તથા તેના વાલીઓએ કાર્યક્રમની પ્રશંસા કરી આ પ્રકારના કાર્યક્રમ નિયમિતપણે યોજવા સૂચવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને ઓળખવિધિ વી. સમાજના ટ્રસ્ટી અને સ્થાનિક નગરસેવિકા બિંદુ ત્રિવેદી અને કારોબારી સભ્ય રચિત ત્રિવેદીએ સંભાળ્યું હતું.



**નવરોઝ મુબારકઃ** પારસી નવા વર્ષની ગઈ કાલે પારસીઓએ ઉમંગભેર ઉજવણી કરી હતી. આ તહેવાર નિમિત્તે તાડદેવમાંની કપ્પાવાલા અગિયારીની પારસી સમુદાયના સભ્યોએ મુલાકાત લીધી હતી. (અમય ખરાડે)

## સોશ્યલ મીડિયાને ટ્રેક કર્યું હોત તો નાગપુર કારસાની ખબર મળી હોતઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્વીકાર્યું કે નાગપુરમાં શું ચાલી રહ્યું છે તેની જાણકારી મેળવવામાં પોલીસની ચૂક થઈ હતી. શુક્રવારે તેમણે કહ્યું હતું કે, જો નાગપુર હિંસાના દિવસે સોશ્યલ મીડિયા પોસ્ટ્સને વધુ અસરકારક રીતે ટ્રેક કરવામાં આવી હોત તો પોલીસને શું આયોજન કરવામાં આવી રહ્યું છે તેની જાણકારી મેળવવામાં મદદ મળી હોત.

જોકે, તેમણે ગુપ્તચર ખાતાની કોઈ નિષ્ફળતા હોવાનો ઇનકાર કર્યો હતો. પોલીસનો પ્રતિભાવ યોગ્ય હતો અને એવું કહી શકાય નહીં કે તે અપૂરતો હતો એવો બચાવ પણ તેમણે કર્યો હતો.

કેટલીક સોશ્યલ મીડિયા પોસ્ટ્સમાં બંગાળીમાં લખાણ કરવામાં આવ્યું હતું, જે બાંગ્લાદેશમાં પણ બોલાય છે. એ નક્કી કરવાની જરૂર છે કે શું આ કોઈ મોટા કાવતરાંનો ભાગ છે, મુખ્ય પ્રધાને એક મરાઠી ન્યૂઝ ચેનલના એક કાર્યક્રમમાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે સોશ્યલ મીડિયાને (જે દિવસે હિંસા ફાટી નીકળી હતી) એ બપોરે ટ્રેક કરવામાં આવવું જોઈતું હતું. નાગપુરના અને ગૃહ વિભાગના વડા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, ટ્રેક કરવાનું જે રીતે થવું જોઈતું હતું તે રીતે કરવામાં આવ્યું નહોતું. છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં આવેલી ઔરંગઝેબની કબરને દૂર કરવા માટે વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પવિત્ર શિલાલેખોવાળી 'ચાદર' સળગાવવામાં આવી હોવાની અફવાને કારણે સોમવારે સાંજે નાગપુરના અનેક ભાગોમાં મોટા પાયે પથ્થરમારો અને આગચંપીના અહેવાલો મળ્યા હતા.

## મહારાષ્ટ્રના પ્રધાન પર છેડતીનો આરોપ કરનાર મહિલાની ખંડણીના આરોપસર ધરપકડ કરાઇઃ પોલીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન જયકુમાર ગોરે પર છેડતીનો આરોપ લગાવનારી એક મહિલાની કથિત ખંડણી માટે ધરપકડ કરવામાં આવી છે, એવું પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. પશ્ચિમ મહારાષ્ટ્રના સાતારા જિલ્લાના માન વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ગોરે ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજપ્રધાન છે. પોલીસે જે મહિલાની ધરપકડ કરી છે તેની ઓળખ હજી જાહેર કરવામાં આવી નથી. મહિલાની સાતારાથી ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. મહિલાએ ગોરે પાસે કેસમાં ભીનું સંકેલવા અને તમામ પતાવટ કરવા માટે ૩ કરોડ રૂપિયા માગ્યા હતા. આમાંની એક કરોડ રૂપિયાની રકમ સ્વીકારતી વેળા તે પકડાઈ ગઇ હતી. પોલીસ આ અંગે વધુ તપાસ કરી રહી છે.મહિલાને છેડતી કરવાના અને વાંધાજનક ફોટા મોકલવા બાબતે વિપક્ષે ગોરેના રાજીનામાની માગ કરી હતી.

## મહાયુતિ ફેવિકોલ કા જોડ, કભી ટૂટેગા નહીં... કોઇ પણ યોજનાઓ બંધ થઇ નથીઃ એકનાથ શિંદે

મુંબઈઃ રાજ્યમાં મહાયુતિના કાર્યકાળમાં શરૂ કરાયેલી કોઇ પણ યોજના બંધ કરવામાં આવી નથી. હું મુખ્ય પ્રધાન હતો તે કાર્યકાળમાં શરૂ થયેલી યોજનાઓ હજી ચાલુ જ છે. શિવભોજન થાળી, આનંદાચા શિધા, લાડકી બહીણ યોજના વગેરે યોજના હજી પણ ચાલી જ રહી છે અને આગળ પણ ચાલતી જ રહેશે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

રાજ્યની એક પણ પાત્ર બહેન લાડકી બહીણ યોજનાથી વંચિત રહેશે નહીં, એમ શિંદેએ એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

રાજ્યમાં મહાયુતિની સરકાર તો ફેવિકોલ કા જોડ હૈ જો કભી ટૂટેગા નહીં, એમ પણ શિંદે એ કહ્યું હતું.

મહાયુતિથી નારાજ થઇને વારંવાર ગામે જાઓ છો એમ પૂછતા શિંદેએ કહ્યું હતું કે હું ખેડૂતનો દીકરો છું એટલે હું ગામે જાઉ છું. હેલિકોપ્ટરથી એટલે જાઉં છું કેમ કે ટ્રેનથી જવામાં જેટલો સમય લાગે તેટલામાં હું હજારો સહી કરી શકું. નાગરિકોના મેડિકલ સંબંધિત અથવા અન્ય કામો માટે મને કાગળો પર સહી કરવી પડતી હોય છે.

રાજ્યની દરેક યોજનાઓ શરૂ જ છે. કેટલાક લોકો કહેતા હતા કે આ યોજનાઓ બોગસ છે, પણ એ હજી પણ ચાલુ છે છે.

લેક લાડકી યોજના, શાસન આપલ્યા દારી તથા અન્ય યોજનાઓ પણ શરૂ જ છે. શિવભોજન થાળી, આનંદાચા શિધા જેવી યોજનાઓ બંધ થઇ નથી. પાત્ર લાડકી બહેનો પણ યોજનાથી વંચિત રહેશે નહીં, એમ શિંદેએ કહ્યું હતું.

## માનખુર્દ-ચેંબુરના રસ્તાનું કૉંક્રીટીકરણ 'સ્લમ્પ' ટેસ્ટમાં ફેઈલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રસ્તાના કૉંક્રીટીકરણના ચાલી રહેલા કામના ઓચિંતા નિરીક્ષણ દરમ્યાન પાલિકાના ઉચ્ચ અધિકારીને જણાઈ આવ્યું હતું કે કૉંક્રીટનું 'સ્લમ્પ' વેલ્યુ તેના નક્કી કરેલા ધોરણ કરતા વધી ગયું હતું જે વધુ પડતું પ્રવાહી મિશ્રણ ધરાવે દર્શાવે છે. જે કૉંક્રીટની મજબૂતાઈ અને ટકાઉપણા માટે જોખમી બની છે. તેથી આઈઆઈટી બોમ્બેના નિષ્ણાતોની સલાહ બાદ પાલિકાએ ખામીયુક્ત બેચને નકારી કાઢી હતી અને ડિલિવરી ટ્રકને પાછી મોકલી આપી હતી. કૉન્ટ્રેક્ટર અને ક્વોલિટી કંટ્રોલ એજન્સીને હવે તે માટે ખુલાસો આપવા માટે નોટિસ મોકલવામાં આવવાની છે.

એડિશનલ મ્યુનિસિપલ કમિશનર અભિજિત બાંગરે ગુરુવારે મોડી રાતે માનખુર્દ-આગરવાડી વિલેજમાં નીતુ માંડકે રોડ અને ચેમ્બુરમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી રોડના કૉંક્રીટીકરણના કામની ઓચિંતી મુલાકાત લીધી હતી. એ દરમ્યાન 'સ્લમ્પ ટેસ્ટ'માં રીઝલ્ટ અસંતોષકારક જણાઈ આવ્યા હતા.નિરીક્ષણ દરમ્યાન તેમણે જરૂરી સુધારા અને કામની ગુણવત્તા સુનિશ્ચિત કરવા સૂચનાઓ પણ આપી હતી. કૉંક્રીટની ગુણવત્તા જળવાઈ રહે તે માટે પાલિકાએ રેડી મિક્સ સિમેન્ટ પ્લાન્ટ અને વર્ક સાઈટ માટે 'સ્લમ્પ ટેસ્ટ' ફરજિયાત બનાવી છે.

એડિશનલ કમિશનર બાંગરને ગુરુવારે મોડી રાતના ઈન્સ્પેકશન દરમ્યાન 'સ્લમ્પ ટેસ્ટ'માં અસંતોષકારક જણાયા હતા. તેથી કૉંક્રીટ બેચને નકારીને કાઢી હતી અને રેડી મિક્સ કૉંક્રીટના વાહનને પાછું મોકલી દઈને નવું મિશ્રણ મગાવવામાં આવ્યા બાદ કામ ફરી ચાલુ કરવામાં આવ્યું હતું. કૉંક્રીટના કાર્યવહનની ક્ષમતા માટે માટે 'સ્લમ્પ ટેસ્ટ' કરવામાં આવે છે, જેનો ઉપયોગ કૉંક્રીટમાં સિમેન્ટ અને પાણીનું પ્રમાણ કેટલું છે માપવામાં આવે છે. તેને કારણે કૉંક્રીટની ગુણવત્તા તપાસ માટે પાલિકાએ રેડી મિક્સ કૉંક્રીટ પ્રોજેક્ટ સ્થળે અને ઓન ફીલ્ડ આ બંને સ્થળે 'સ્લમ્પ ટેસ્ટ' ફરજિયાત કર્યા છે.

આઈઆઈટી બોમ્બેના પ્રોફેસરની સલાહ બાદ નોંધવામાં આવ્યું હતું કે રેડી મિક્સ કૉંક્રીટ પ્લાન્ટથી સાઈટ સુધી પરિવહનમાં ૩૦થી ૯૦ મિનિટનો સમય લાગી શકે છે. તેને ધ્યાનમાં રાખીને કૉન્ટ્રેક્ટરોને ત્રણ કૉંક્રીટ મિક્સ ડિઝાઈન તૈયાર કરવાની સૂચના આપવામાં આવી હતી. રેડી મિક્સ કૉંક્રીટ પ્લાન્ટથી ટ્રકને સાઈટ પર જતા કેટલો સમય લાગશે તે ગૂગલ પર તપાસવું જોઈએ અને તેને આધારે આગમન સમયે કૉંક્રીટની ગુણવત્તા જાળવવા માટે યોગ્ય મિક્સ ડિઝાઈન પસંદ કરવી જોઈએ.

## હેડગેવારના સ્મારકની રેકી કરનાર જૈશે મોહંમદના ત્રાસવાદીને જામીન નહીં

નાગપુરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સ્થાપક ડો. કે. બીય હેડગેવારના સ્મારકની રેકી કરવા અને જૈશે મોહંમદના જૂથનો સભ્ય હોવાના આક્ષેપોનો સામનો કરી રહેલા જમ્મુ-કાશ્મીરના રહેવાસીને જામીન આપવાનો બોમ્બે હાઇ કોર્ટની નાગપુર બેન્ચે શુક્રવારે ઇનકાર કર્યો હતો.

નાગપુરના રેશિમબાગ વિસ્તારમાં આવેલા આરએસએસના સ્થાપકની સ્મૃતિમાં બનાવવામાં આવેલા ડો. હેડગેવાર સ્મૃતિ મંદિરની ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રેકી કરવા માટે ૨૦૨૨માં રઇસ અહેમદ શેખ અસ્દુલ્લા શેખની ધરપકડ કરવામાં આવી હતી. પુરાવાનો અભાવ હોવાનું કહીને આરોપીઓ આ મહિનાની શરૂઆતમાં જામીનની માગણી સાથે હાઇ કોર્ટમાં ધા નાખી હતી. હાઇ કોર્ટે તેની જામીનની અરજી ફગાવી દીધી હતી. આ નિર્ણયની વિસ્તૃત નકલ બાદમાં ઉપલબ્ધ થશે. શેખ હાલમાં નાગપુરની સેન્ટ્રલ જેલમાં છે.

શેખે મહાલ વિસ્તારમાં આવેલા સંઘના મુખ્યાલયની રેકી કરવાની યોજના પણ બનાવી હતી, પણ તે એવું કરી શક્યો નહોતો. રેકી કર્યા બાદ શેખે માહિતીઓ પાકિસ્તાનમાં રહેલા તેના આકાને મોકલાવી હોવાનો પણ તેના પર આરોપ છે.

## ધુળેટીમાં યુવાનનું મોતઃ ત્રણ પકડાયા

થાણેઃ ધુળેટીની ઉજવણી દરમિયાન શરીરમાં પાણીના ભરાવાને કારણે યુવાનનું મોત નીપજ્યું હોવાની ઘટના કલ્યાણમાં બની હતી. પોસ્ટમોર્ટમના અહેવાલમાં થયેલા ખુલાસાને આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી ત્રણ જણની ધરપકડ કરી હતી. કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુરેશ કદમે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ સત્યપ્રકાશ ઉપાધ્યાય તરીકે થઈ હતી. કલ્યાણના વરપમાં ધુળેટીએ યુવાનોનું ટોળું એકબીજાને કલર લગાવવાની સાથે પાણી રેડી રહ્યું હતું. ઉપાધ્યાય પણ ધુળેટી રમતો હતો ત્યારે કૃષ્ણ સિંહ, સૌરભ ચંદા અને મનીષ સિંહ સાથે તેનો વિવાદ થયો હતો.ત્રણેય આરોપીએ બળજબરીપૂર્વક પાણીની પાઈપ ઉપાધ્યાયના ગુપ્તાંગમાં ખોસી ફોર્સ સાથે પાણી છોડ્યું હતું. પાણી ગુપ્તાંગ વાટે તેના શરીરમાં ગયું હતું, જેને કારણે તેને આંતરિક ઇજા થઈ હતી. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈના રસ્તાઓનું

પરંતુ પાલિકાએ તેને યોગ્ય રીતે અમલમાં મૂકી નથી.

કૉંગ્રેસના વિધાનસભ્ય અમીન પટેલે આ મુદ્દા પર ચર્ચા કરવા માટે મુંબઈના વિધાનસભ્યોની એક સમિતિની રચના કરવાની માગણી કરી હતી, તેના જવાબમાં ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે કહ્યું હતું કે વિધાનસભ્યોના મુદ્દાઓ તેઓ અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સમક્ષ રજૂ કરશે. કૉંક્રીટાઈઝેશનના કામની ગુણવત્તાને લઈને પાલિકાના ૯૧ એન્જિનિયરોને કારણદર્શાવો નોટિસ પણ ફટકારવામાં આવી છે.

વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે આ બાબતે કહ્યું હતું કે તેમના પોતાના મતવિસ્તાર કોલાબામાં બે વર્ષ પહેલા કામનો કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો પરંતુ હજી સુધી તેનું કામ ચાલુ થયું નથી. નવાં ટેન્ડરને પણ છ મહિના થઈ ગયા છે, છતાં હજી સુધી કામ ચાલુ થયું નથી.

અંધેરીના વિધાનસભ્ય અમિત સાટમે કહ્યું હતું કે ૧૯૯૭થી દર વર્ષે રસ્તાઓ પર ૨૧,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવા આવ્યા છે છતાં રસ્તાઓ પર ખાડા પડેલા છે. ઓક્ટોબર ૨૦૨૩માં કૉંક્રીટીકરણ શરૂ થયું હતું, જે હજી પણ ચાલી રહ્યું છે.

વિધાનસભા અધ્યક્ષે કહ્યું હતું કે ભૂતકાળમાં શહેરમાં થયેલા રોડ કૌભાંડની તપાસ થઈ હતી તે મુજબ શું ફરી તપાસ જરૂરી છે તેનો સરકારે વિચાર કરવો આવશ્યક છે. સોમવારે તેઓ શિંદે સાથે આ મુદ્દા પર ચર્ચા કરવા એક બેઠક બોલાવશે. જોકે મીટિંગ પહેલા એ તપાસ કરવી આવશ્યક છે કે મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગની સીટ દ્વારા સિમેન્ટ-કૉંક્રીટીકરણની તપાસ જરૂરી છે.

### શિવાજી મહારાજનું

દિવસોમાં ભવ્ય સ્મારકના નિર્માણને વેગ મળશે. મહારાષ્ટ્ર સરકાર ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી આગ્રામાં જ્યાં છત્રપતિ શિવાજી મહારાજને કેદ કરવામાં આવ્યા હતા તે જમીન સંપાદિત કરશે. આ સ્થળે શિવાજી મહારાજનું ભવ્ય સ્મારક બનાવવામાં આવશે, અને આગ્રામાં શિવાજી મહારાજની વાર્તા કહેતું એક સંગ્રહાલય પણ અહીં બનાવવામાં આવશે. રાજ્ય સરકારનો પ્રવાસન વિભાગ આ સ્મારક માટે નાણાકીય જોગવાઈ કરશે. સ્મારકના નિર્માણ માટે પ્રવાસન પ્રધાનની અધ્યક્ષતામાં ઇતિહાસકારો, નિષ્ણાતો અને વિદ્વાનોની એક અલગ સમિતિની રચના કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે ભંડોળની ઉપલબ્ધતા, જમીન સંપાદન અને સંબંધિત બાબતોની જવાબદારી પ્રવાસન વિભાગને સોંપવામાં આવી છે. મહારાષ્ટ્ર પ્રવાસન વિકાસ નિગમ આ વિભાગ હેઠળ એક્ઝિક્યુટિવ એજન્સી તરીકે કાર્ય કરશે. રાજ્ય સરકારે છત્રપતિ શિવાજી મહારાજ અને બલરાજે શંભુરાજેની આગ્રાથી મુક્તિ અને મહારાજની બહાદુરીની ભવ્ય ગાથાને ભવિષ્યની પેઢીઓ માટે યાદ કરવા માટે આ ભવ્ય સ્મારક બનાવવાનો નિર્ણય લીધો છે. આ શૌર્ય સ્મારકમાં મહારાજનો ગૌરવશાળી ઇતિહાસ રજૂ કરવામાં આવશે. આ માટે, અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સંગ્રહાલયો, ઑડિયોવિઝ્યુઅલ કાર્યક્રમો, દસ્તાવેજી ફિલ્મો વગેરે જેવી પ્રવૃત્તિઓ અમલમાં મૂકવામાં આવશે.

#### દેશભરના પ્રવાસીઓ માટે પ્રેરણા સ્થળ બનશે

આવાં શીર્ષક સાથે અખબારમાં કે ટીવી પર ચમકતા સમાચાર હવે 'બ્રેકિંગ ન્યૂઝ' નથી રહ્યા... આવી હત્યા હવે કોઈને આઘાત કે આશ્ચર્ય નથી જગાડતી. દેશ-વિદેશમાં આવી ખૂનામરકીને આડકતરી રીતે સ્વીકારી લેવામાં આવી છે.

દસેક દિવસ પહેલાં આદિત્યનાથ યોગીજીના ઉત્તરપ્રદેશમાં એક જાણીતા પત્રકારની હત્યા થઈ. અહીંના સીતાપુર જિલ્લાના માહોલી ટાઉનમાં ૩૫ વર્ષીય રાઘવેન્દ્ર બાજપેયી નામના પત્રકારને ગોળીઓથી વીંધી નાખવામાં આવ્યો. દૈનિક 'જાગરણ'માં કાર્યરત રાઘવેન્દ્રનો 'ગુનો' માત્ર એટલો જ કે એ ત્યાંના જમીન માફિયા વિરુદ્ધ પુરાવા એકઠા કરીને અહેવાલ લખતો હતો અને આવા હિંમતભર્યા અહેવાલો માટે એને અગાઉ મોતની ધમકીઓ સુદ્ધાં મળી ચૂકી હતી, પણ રાઘવેન્દ્રએ એ ધમકીઓ ગણકારી નહીં અને...

દેશ હોય કે વિદેશ, પત્રકારોની હત્યા થાય એનો આવો જ સિનારિયો હોય છે. અપરાધી તત્ત્વો સામે કોઈ નીડર પત્રકાર પડે પછી એણે આવી જ શહીદી વહોરવી પડે છે.

અહીં માત્ર સમય નક્કી નથી હોતો. દિશા નક્કી નથી હોતી, પણ નિયતિએ આગોતરા નક્કી કર્યું હોય તેમ એનો કાળ અકળ છતાં નિશ્ચિત હોય છે. સનનન્... કરતી કોઈ પણ દિશામાંથી બુલેટ આવે ને ક્ષણેકમાં એને વીંધી જાય. આવી યુદ્ધમોરચે દુશ્મનો સામે લડી રહેલા કોઈ લશ્કરી જવાન જેવી જ અદલોદલ સ્થિતિ હોય છે ફરજ બજાવતા તસવીરકાર-પત્રકારની...

તસવીરકાર વત્તા પત્રકારની કામગીરી બજાવી રહેલો ભારતીય યુવાન દાનિશ સિદ્દિકી ચાર વર્ષ પહેલાં પાકિસ્તાન સીમા નજીકના વિસ્તારમાં અફઘાનિસ્તાન સેના તથા તાલિબાન ત્રાસવાદીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણ-ઝપાઝપીનો સ-તસવીર અહેવાલ લેવા પહોંચ્યો હતો. આમ તો યુદ્ધ જેવા ખતરનાક મોરચા પર રિપોર્ટિંગ કરવું કે તસવીરો ક્લિક કરવું એના માટે નવું નહોતું. યુદ્ધમોરચે દાનિશે ઝડપેલી અનેક અફલાતૂન તસવીરોથી જગતભરનું મીડિયા માહિતગાર હતું, આવી એક તસવીર માટે પત્રકારત્વમાં જેની સરખામણી નોબેલ પારિતોષિક સાથે થાય છે એવું 'પુલિત્ત્ઝર પ્રાઈસ' પણ દાનિશને ૨૦૧૮માં એનાયત થયું હતું. આંતરરાષ્ટ્રીય ન્યુઝ એજન્સી 'રોયટર્સ' સાથે સંકળાયેલો આવો 'પુલિત્ત્ઝર' પારિતોષિક વિજેતા દાનિશ અફઘાન કમાન્ડો ટીમ તાલિબાનો પર ત્રાટકવાની હતી ત્યારે સામસામી થઈ રહેલી ભીષણ ફાયરિંગની વચ્ચે દાનિશ દિલધડક તસવીરો ઝડપી રહ્યો હતો એ વખતે અચાનક એક બુલેટ દાનિશને વીંધી ગઈ... એ વખતની એની છેલ્લી તસવીરો આખી દુનિયાએ નિહાળી, એકમાત્ર દાનિશ સિવાય! ૪૧ વર્ષીય દાનિશ સિદ્દિકીની આ 'ઓન ડ્યુટી' શહીદીની નોંધ જગતભરના મીડિયાએ લીધી હતી.



ઈઝરાયલ - પેલેસ્ટાઈન વચ્ચે પણ સતત અથડામણ ચાલુ રહે છે. અહીં પણ પત્રકારોની કામગીરી કઠિન હોય છે.

યુદ્ધ મોરચે આવી જોખમભરી કામગીરી બજાવી રહેલા તસવીરકાર-પત્રકારની વાત કરીએ તો એકલા ૨૦૦૬નું વર્ષ પત્રકારો માટે સૌથી વધુ ખતરનાક પુરવાર થયું હતું. એ વર્ષે ૧૫૫ જર્નાલિસ્ટ માર્યા ગયા. એ પછી ૨૦૧૨માં સૌથી વધુ ૧૪૭ પત્રકાર ફરજ બજાવતા માર્યા ગયા હતા. તાજેતરમાં આરબ-પૅલેસ્ટાઈન આતંકવાદીઓ-'હમાસ'ના હાથે છેલ્લા ૩ મહિનામાં ૧૬ પત્રકારે જાન ગુમાવ્યા છે.

આ જ રીતે, જેના હમણાં જ ત્રણ વર્ષ પૂરાં થયાં એ રશિયા-યુક્રેન યુદ્ધમાં બન્ને દેશના મળીને - ટીવી જર્નાલિસ્ટ સહિત કુલ ૧૪ લોકો માર્યા ગયા હતા. એમાં 'યુએનઓ'ની શાંતિ સેના સાથે સંકળાયેલા અન્ય ચાર પત્રકારો પણ હતા.

એટલું જ નહીં, ૧૫૦થી વધુ પત્રકાર-ફોટોગ્રાફરો સાથે રશિયન સૈન્યે દુર્વ્યવહાર કર્યો હોવાની ફરિયાદ પણ નોંધવામાં આવી છે. યુક્રેન તેમ જ વિદેશના ૪૭ પત્રકાર ગંભીર ઘવાયા પણ છે.. અધૂરામાં પૂરું, યુક્રેનની ૩ મહિલા સહિત ૧૯ પત્રકારોને રશિયાના સૈન્યે બંદી પણ બનાવ્યાં છે.

'યુનેસ્કો'ના અહેવાલ મુજબ જગતભરમાં ચાલતા જંગમાં એકલા ૨૦૨૪માં કુલ ૬૮ પત્રકાર તસવીરકાર પોતાની ફરજ બજાવતા માર્યા ગયા છે.

જોકે, આજે પત્રકારો માટે કામ કરવા માટે સૌથી વધુ ખતરનાક સ્થળ હોય તો એ પૅલેસ્ટાઈન અને ગાઝા વિસ્તાર છે. અહીં અત્યાર સુધીમાં - ફેબ્રુઆરી-૨૦૨૫ સુધીમાં ૧૭૧થી વધુ પત્રકાર તથા મીડિયા સાથે સંકળાયેલા સ્ટાફના લોકોએ જીવ ગુમાવ્યા છે!

લશ્કરી યોદ્ધા તો જંગની કટોકટી માટે પૂરતા તાલીમબદ્ધ હોય, પણ એક જમાનામાં તો પત્રકાર કે તસવીરકાર આવાં જોખમભર્યાં કામ માત્ર જોમ-જુસ્સાના જોરે પાર પાડતા.

પહેલા વિશ્વયુદ્ધ વખતે બ્રિટન અને ફ્રાન્સની સરકાર કોઈ પત્રકારને યુદ્ધમોરચે જવાની પરવાનગી આપતી નહીં. આમ છતાં અમુક ગુના માટે ભાગેડુ એવા બાસિલ ક્લાર્ક અને ફિલિપ્સ ગીબ્સ નામના બે રિપોર્ટર છૂપી રીતે મોરચા પરથી બ્રિટિશ અખબારો માટે અહેવાલ મોકલતા..!

કાળક્રમે બે વિશ્વ યુદ્ધ વિયેટનામ-ગલ્ફ વૉર પછી અફઘાન તાલિબાન જેવી હિંસક અથડામણ વખતે પત્રકારોની સાથે ફોટોગ્રાફર અને પછી તો ટીવી ચેનલોની ટીમોને વૉર ઝોનમાં જવાની પરવાનગી આપવામાં આવતી અને આવી ટીમને પણ પ્રાથમિક લશ્કરી તાલીમ પણ આપવામાં આવતી. આજે જેમ યુદ્ધ આધુનિક થતાં ગયાં તેમ વૉર ઝોનમાં ડ્યુટી બજાવતા પત્રકારો-ફોટોગ્રાફરો પણ વધુ તાલીમબદ્ધ થઈ ગયા છે...

જોકે, આજે પણ મીડિયા સાથે સંકળાયેલા બધા જ કંઈ યુદ્ધમોરચે માર્યા જાય છે એવું પણ નથી. અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર 'વૉશિંગ્ટન પોસ્ટ' અનુસાર, છેલ્લાં ૧૨-૧૩ વર્ષમાં પત્રકારો-ફોટોગ્રાફર- ટીવી કૅમેરામેનની ટીમના ડ્રાઈવર - દુભાષિયા સહિત કુલ ૫૯૯ જેટલી વ્યક્તિએ અન્ય ફરજ બજાવતાં જાન ગુમાવ્યો છે.

આ સિવાય, ઈસ્લામી ત્રાસવાદીઓ - ડ્રગ માફિયા અને અંધારી આલમના રીઢા અપરાધીઓ દ્વારા પણ પત્રકારોની નિર્મમ હત્યાઓ થઈ છે. ખાસ કરીને યુદ્ધમોરચા પછી પત્રકારો માટે સૌથી જોખમી ગણાય છે એ છે ડ્રગ્સ લોર્ડસ- માફિયાથી છલોછલ ઊભરાતો દેશ... મેક્સિકો! મેક્સિકોમાં સાલ ૨૦૦૦થી અત્યાર સુધીમાં ૧૫૩ પત્રકારો માર્યા ગયા છે અને ૨૦૨૨માં લેટિન અમેરિકામાં ૬૭ પત્રકારની હત્યા થઈ, એમાં એકલા મેક્સિકોમાં ૩૨ જર્નાલિસ્ટ માફિયાની બુલેટના શિકાર બન્યા, જેમણે ડ્રગ્સ કાર્ટેલ્સનાં કારસ્તાન ઉઘાડાં પાડ્યાં હતાં..!

આપણે ત્યાં પણ યુદ્ધ સિવાય ફરજ બજાવતા પત્રકારોનાં માથે પણ મોત સતત ભમતું રહે છે. છેલ્લાં ૬ વર્ષના આંકડા પર નજર ફેરવીએ તો આપણે ત્યાં પીધેલા પોલીસ અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરનારા ભ્રષ્ટ રાજકારણી તથા રીઢા અપરાધીઓ વિરુદ્ધ તેજાબી અહેવાલ લખવા બદલ ૨૮ જેટલા જર્નાલિસ્ટની ધોળે દિવસે હત્યા થઈ અને ૧૯૮થી વધુ જીવલેણ હુમલા પણ પત્રકારો પર થયા છે. માત્ર ભ્રષ્ટાચાર કે કૌભાંડ ઉઘાડાં પાડવા માટે હત્યા નથી થતી. પર્યાવરણનો ખુલ્લેઆમ ભંગ કરનારાની પોલ ખોલનારા પત્રકાર પર પણ હિંસક હુમલા થાય છે.

આપણે ત્યાં મોટા ભાગે પત્રકારો પર હુમલા ઉત્તર પ્રદેશ - બિહાર અને મધ્ય પ્રદેશમાં થાય છે. ત્યાંનાં શહેરો કરતાં નાનાં કસબા-ટાઉનોમાં પત્રકારોની સ્થિતિ વધુ વિષમ અને વિકટ હોય છે. ત્યાંના પત્રકારોને દામ-દંડ-ભેદથી વશમાં રાખવાનો પ્રયાસ થતો રહે છે. આવા સંજોગોમાં - આવા મુશ્કેલ માહોલમાં માત્ર નિષ્ઠાવાન-જાંબાઝ પત્રકાર જ ગુંડાગર્દી સામે ટક્કર લઈને ટકી શકે છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# બેઈજિંગ ઍરપોર્ટ એશિયાનાં વૈવિધ્ય માટે તૈયાર...

**જાપાન** જવાનો રસ્તો ચાઇના થઈને જતો હતો. ઇસ્ટર્ન કલ્ચરને નજીકથી ઓળખવાનો મોકો હજી સુધી નહોતો મળ્યો. એવામાં ત્યાં જવાની તૈયારી શરૂ થઈ ત્યારે તેના સંબંધિત વાર્તાઓ, ટ્રાવેલ આર્ટિકલ, બુક્સ, વિવિધ માહિતી અને મિત્રોના અનુભવોનો સંગ્રહ વિકસવા માંડ્યો હતો. જોકે ટિકિટ બુક કરી ત્યાર પછીનો ઉત્સાહ ધીરેધીરે ક્યાંક ભુલાઈ ગયેલો. છેલ્લે છેલ્લે તો કામ પૂરું કરીને ચિંતા વિના ઘરની બહાર નીકળી શકાય તો પણ શાંતિ મળશે એ સ્તરે વાત પહોંચી ગઈ હતી. જાપાન માટે પ્લાન કરવું સરળ પણ હતું અને અઘરું પણ. સરળ એટલે કે હવે ત્યાં જવા માટે શક્ય એટલી બધી જ માહિતી ઉપલબ્ધ છે જ. અને મુશ્કેલ એટલે કે તેમાંથી શું કરવું અને શું ન કરવું. મર્યાદિત દિવસોમાં માણસની ક્ષમતાને ધ્યાનમાં રાખીને તે માહિતીને પોતાને સુટેબલ આઇટનરીમાં પલટવી હતી.

અમને સમય અને બજેટ મુજબ એર ચાઇના માફક આવે તેમ હતી. ચીન જવાની ઇચ્છા તો ન હતી, પણ ભૌગોલિક ક્યુરિયોસિટી માટે પણ કોઈ દિવસ તો ચીન તરફ જવાનું જ હતું. ખાસ મારી મિત્ર અને કોલિગ રેગીના ત્રણ અઠવાડિયાં ત્યાં ફરી આવી પછીની તેની વાતોમાં લાગ્યું કે ચાઇના સ્ટોપ ઓવરનો પણ ફાયદો ઉઠાવવો જોઈએ. ફ્રેન્કફર્ટથી બેઇજિંગની ફ્લાઇટમાં અમારી પાછળ એક અત્યંત લાઉડ અને અસભ્ય મિડલ ઇસ્ટર્ન માણસ આખી ફ્લાઇટનાં મુસાફરોની ઊંઘ હરામ કરીને બેઠો હતો. તેનાથી થાકીને ઘણાં જગ્યા બદલાવીને આગળ ચાલ્યાં ગયાં હતાં. જાપાન જતી વખતે તો બેઇજિંગ માત્ર એરપોર્ટમાં જ રહેવાનું હતું, પણ રિટર્નમાં ત્યાં બે દિવસના સ્ટોપ ઓવરમાં ગ્રેટ વોલ ઓફ ચાઇનાની ડે ટ્રિપ લેવાની હતી.

આખી મોટી ટ્રિપમાં તે પહેલાં જાપાનનાં ઘણાં એડવેન્ચર અમારી રાહ જોઈ રહ્યાં હતાં. બેઇજિંગમાં લેન્ડ થયાં અને એરપોર્ટની પહેલી જ લટારમાં એરપોર્ટની અંદર એક ચાઇનીઝ મંદિર જોવા મળી ગયું. બેઇજિંગ ઓલિમ્પિક્સના સમયે એક્સપાન્ડ થયેલા આ એરપોર્ટમાં ચેક-ઇનના સામાનમાં જે ચીજો વર્જિત હતી તે મોટાભાગની તો બાકીની દુનિયાની જેમ એની એ જ હતી, પણ ત્યાં કેરી ઓન લગેજમાં ક્રિસ્ટલ બોલ લઈ જવાની મનાઈ હતી. અડધી રાતે એરપોર્ટ પર આ બધું નોટિસ કરવા સાથે એ વાત પર પણ ધ્યાન ગયું જ કે એરપોર્ટ પર કામ કરનારાં લોકો દુનિયાના કોઈ પણ ખૂણામાં બોર્ડ અને નીરસ લાગતાં હોય છે. એરપોર્ટમાં વિવિધ ચાઇનીઝ પ્રદેશનાં લેન્ડસ્કેપ લગાવેલાં હતાં. આ શહેર હજી ગઈ સદી સુધી પેકિંગ તરીકે ઓળખાતું હતું. આજે પણ તેનો એરપોર્ટ કોડ પેકિંગ જ છે. ચાઇનીઝમાં પેકિંગ અને બેઇજિંગનો સ્પેલિંગ એક જ છે.

૯૦ના દશકમાં પહેલી વાર એક મેડ-ઇન-ચાઇના પ્રોડક્ટ જોઈ હતી ત્યારે લાગ્યું હતું કે કોઈ વિદેશી ચીજ હાથ લાગી હોય. તે પછી મેડ-ઇન-ચાઇનાનો દુનિયાભરમાં એવો રાફડો ફાટ્યો છે કે આજે ચાઇનાના માલની કોઈ વેલ્યૂ જ નથી. એક સમયે તો દુનિયામાં જ્યાં પણ જાઓ ત્યાંનાં સુવિનિયર પણ ચાઇનામાં બનેલાં મળતાં. જોકે પોસ્ટ-કોવિડ વર્લ્ડમાં તો લોકોને ચાઇનામાંનો રસ દિવસે દિવસે ઘટી રહ્યો છે. તેમાં આપણા ભારતને તો ફાયદો જ છે. હિસ્ટ્રી અને જિયો-પોલિટિક્સની સમજ કેળવવાનું પણ ઘણું મજેદાર બની રહે તેમ છે. ખાસ એટલા માટે પણ કે કોમર્સ હવે દુનિયાને જાણે હોમોજિનસ બનાવી રહ્યું છે. એ જ પિઝ્ઝા, બર્ગર, કોફી ચેઇન, અંતે આખી દુનિયાને એક ધારી બનાવવા લાગે છે. એવામાં એરપોર્ટ પર એક વેસ્ટર્ન ફૂડ રેસ્ટોરાંનું નામ જ 'વેસ્ટર્ન ફૂડ' હતું.

ભારતીય પરસ્પેક્ટિવથી જુઓ તો ચાઇના પર ગુસ્સો આવ્યા વિના ન રહે. ખરેખર ત્યાં જઈને દરેક બાબત પર પ્રશ્નો થયા વિના ન રહે. ત્યાં ન ગૂગલ ચાલે ન વોટ્સએપ. એ દેશનાં પોતાનાં અલગ જ રહસ્યો છે અને જાણે બાકીની દુનિયાને ત્યાંથી બાકાત રાખવામાં આવી રહી હોય તેવું લાગે. બીજી તરફ ચાઇનાનાં પોતાનાં સોફ્ટવેર દુનિયાભરનો ડેટા ભેગો કરીને પોતાનાં વર્ઝન બહાર પાડ્યે રાખે છે. બેઇજિંગનું એરપોર્ટ, ત્યાંની સાઇન, ત્યાંની વ્યવસ્થા બાકીની દુનિયાનાં એરપોર્ટની માફક જ સાધારણ હતી. ચાઇના પોતાની ઇમેજને પાન્ડા અને ચાઇનીઝ મંદિરોની ઇમેજ સાથે સોફ્ટ અને ટૂરિસ્ટ ફ્રેંડલી બનાવવાનો પ્રયત્ન કરતું દેખાયું, પણ અંતે ત્યાં બધું ફંક્શનલ જ હતું.

એક વાર જાપાન પહોંચ્યાં એટલે તરત જ ડિફરન્સ ખબર પડવા લાગી. હજી એશિયામાં તો હતાં, પણ ત્યાં એરપોર્ટ અને માણસોનું સોફિસ્ટિકેશન અત્યંત સ્પષ્ટ રીતે નજરે પડતું હતું. અને મજાની વાત એ છે કે એરપોર્ટનાં લેડીઝ ટોયલેટ પર જ સીધું ફેમસ જાપાનિઝ ટોયલેટ જોવા મળી ગયું હતું. અહીં એરપોર્ટનાં કર્મચારીઓ જાપાનિઝ બાવ કરીને ગ્રીટ કરતાં હતાં. ટોક્યોમાં હોનેડા અને નારોટા બંને એરપોર્ટ ધમધમતાં હતાં. અમે નારોટા એરપોર્ટ પર





ઊતર્યાં અને સીધું જાપાનિઝ આર્ટ આખા દેશને રિપ્રેઝેન્ટ કરતું હોય તેમ દરેક ખૂણે નજરે પડતું હતું. જાપાનમાં પ્રવેશતાંની સાથે જ ત્યાંનો કાર્ટૂન કેરેક્ટર પ્રત્યેનો પ્રેમ સીધો નજરે પડવા લાગ્યો હતો. માત્ર કાફે અને સુવિનિયર શોપ્સમાં જ નહીં, ત્યાંનાં બેન્ક એટીએમના રંગોની પણ અલગ વાઇબ હતી. અહીં સ્થાનિક સીમ કાર્ડ, લોકલ બસ ટિકિટ અને એટીએમ વિડ્રોવલ, બધું સેટ થઈ ગયા પછી અમે બહાર નીકળ્યાં. બહાર બસ માટે આયોજનપૂર્વક બે લાઇન લાગેલી હતી. એક પાંચ મિનિટ પછીની બસ માટે અને બીજી પંદર મિનિટ પછી માટે. અંતે જાપાનમાં પ્રવેશતાંની સાથે જ ચાઇના ક્યાંય ભુલાઈ ગયું. હવે ટોક્યોનાં એડવેન્ચર અમારી રાહ જોઈ રહ્યાં હતાં. ■









# અઘોરીઓ સાથે પાંચ દિવસ

પ્રકરણ ૧૪

**સુરેશ સોમપુરા**

'એ છોકરીના પગને અગ્નિનો સ્પર્શ કરાવીએ. એ જીવતી હશે તો વેદવાની ચીસ પાડી ઊઠશે.'

દીવાલ પાસે જઈ મેં મશાલ લીધી. ધીરે ધીરે પેલી યુવતી પાસે પહોંચ્યો.એ મડદાની જેમ સ્થિર પડી હતી.

મેં એના અંગૂઠાને મશાલનો સ્પર્શ કરાવ્યો હશે ત્યાં જ મારા હાથમાંથી મશાલ છટકી ગઈ.

એ છોકરી કશી પણ વેદનાનો અહેસાસ કર્યા વગર નિશ્ચેષ્ટ - નિષ્પ્રાણ પડી હતી.

હું ફરી મારા આસાન પર જઈ બેઠો.

'આ યુવતીમાં પ્રાણ નથી. એના પ્રાણ મેં પૂતળીમાં કેદ કર્યા છે. હવે થોડી જ ક્ષણો પછી મારો જીવ, મારો આત્મા, મારો પ્રાણ આ યુવતીના શરીરમાં પ્રવેશ કરશે.' વામદેવ ખૂબ જ ગંભીર અવાજે બોલ્યા.

'અમને એની ખાતરી કેવી રીતે થશે?' મેં ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'થશે.'

ફક્ત એક જ શબ્દમાં વામદેવે જવાબ આપ્યો.

વામદેવે મંત્રોચ્ચાર શરૂ કર્યા. મંત્રશક્તિની અનુભૂતિ ખૂબ જ તીવ્ર હતી. વામદેવની સાધના અને શક્તિનો એ પ્રતાપ હતો. સમગ્ર જગતનું વાતાવરણ જાણે સાવ સ્તબ્ધ બની ગયું હોય એવી શાંતિ અનુભવાતી હતી. પ્રાણવાયુની શુદ્ધતા અને હાજરીની ખાતરી મને મારા શ્વાસોચ્છવાસમાં પણ થવા લાગી. મારો શ્વાસોચ્છવાસ પણ આપોઆપ જોરથી ચાલવા લાગ્યો. આવી અદ્‌ભુત શક્તિ મેં ભાગ્યે જ કોઈ સાધકમાં જોઈ હતી. દસ- પંદર મિનિટ પછી વામદેવનું શરીર શાંત થવા લાગ્યું. એના શરીરમાં જડતા પ્રવેશી. પેટ અને છાતીનું હલનચનલ સાવ રોકાઈ ગયું.

એ સાથે જ પેલી છોકરીના શરીરમાં હલનચલન થવા લાગ્યું. એની છાતી અને પેટમાં કંપન જોઈ શકાતું હતું. વામદેવનું શરીર નિશ્ચેષ્ટ થવા લાગ્યું તેમ છોકરી સચેત થવા લાગી. થોડી વાર પછી વામદેવ એમના આસન પર ઢળી પડ્યા અને તરત જ છોકરીએ આંખ ખોલી નાખી!

આ અજબ તમાશાથી હું એવો હેબતાયો હતો કે મને કંઈ સૂઝ્યું ન હતું. મેં મને જ ચીંટીઓ ભરી ખાતરી કરી લીધી કે હું કોઈ સંમોહનની અસર નીચે તો નથીને ?

વામદેવના શરીર અને છોકરીના શરીર સાથે જે મારી આંખ સામે બન્યું એથી તો સ્પષ્ટ રીતે સમજાતું હતું કે વામદેવના પ્રાણે-આત્માએ પેલી છોકરીના શરીરમાં પ્રવેશ કર્યો હતો!

એકાએક છોકરી આસન પર બેઠી થઈ. થોડી જ વાર પહેલાં જેને મેં મરેલી જાહેર કરી હતી એને આમ બેઠી થતાં જોઈ મારું દિલ કંપવા લાગ્યું. મેં મારા ભય પર કાબૂ મેળવવાનો પ્રયાસ આદર્યો તે જ સમયે છોકરીએ મારી તરફ જોઈ કહ્યું :

'હું છોકરીના શરીરમાં પ્રવેશેલો વામદેવનો આત્મા છું. તમારે જે કંઈ પૂછવું હોય તે મને પૂછો.'

મને ચક્કર આવવા લાગ્યાં. આખા ઓરડાને ડોલતો અને ફરતો હું અનુભવવા લાગ્યો. છોકરીના મોઢામાંથી વામદેવનો ઘેરો, ગંભીર અવાજ આવી રહ્યો હતો અને વામદેવ તો ત્યાં નિશ્ચેષ્ટ પડ્યા હતા!

હું સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે થોડી વાર શાંત બેસી રહ્યો. આ તમાશો જોવા હવે ખાસ્સી ભીડ જામી હતી. મેં મારી નજર એ છોકરી પર સ્થિર કરી, એ માસૂમ છોકરી અત્યારે ભયાનક દેખાતી હતી, એના શરીર પર અને ચહેરા પર ચોંટેલા લેપને કારણે અને એના કરડા હાવભાવ અને લાલઘૂમ આંખોના કારણે આ ભયાનકતામાં વધારો કરતો હતો. થોડીવારની સ્તબ્ધતા પછી એ પોતાના બંને હાથ આગળ ટેકવી મારા તરફ ઝૂકી અને મોઢું ફાડી મારી તરફ 'હાઆઆઆ' કરી પોતાનો ઉચ્છવાસ ફેંક્યો. એના ગરમ ઉચ્છવાસમાં ગાંજાની તીવ્ર વાસ આવતી હતી. હું, એ છોકરી ઉપરાંત ત્યાંના બધા જ અઘોરીઓ વામદેવની શક્તિની પકડમાં આવી ગયા હતા.

મારે એ અસરમાંથી મુક્તિ મેળવવા સાથે જ એ છોકરીને પણ અસરમાંથી મુક્તિ અપાવવી આવશ્યક હતી.

વ્યક્તિમાં દેવ-દેવી આવવાના તમાશા મેં જોયા હતા. આવા તમાશામાં ગ્રસ્ત થયેલી વ્યક્તિ પોતાને એ દેવ કે દેવી સમજીને એવું જ વર્તન કરે છે. એક છોકરીના શરીરમાં હનુમાન આવતા ત્યારે એ ભયાનક કૂદાકૂદ કરતી અને અસીમ બળનું પ્રદર્શન પણ કરતી હતી. આ અગાઉ હું કહી ચૂકયો છું એમ શક્તિશાળી મનને દબાવી રાખવાથી ઉત્પન્ન થતી ભ્રમણાનું આ પરિણામ હોય છે. આ વામદેવ-અઘોરી એ માસૂમ છોકરીના દિલોદિમાગ પર ઘણા સમયથી સવાર થયો હોય તો જ આમ બનવું શક્ય હતું. આ હું સમજી શકતો હતો પણ ત્યાં એ પુરવાર કરવા માટે ફક્ત ભાષણ કરવાથી ચાલે એમ નહોતું.

'વામદેવજી, તમને આ છોકરીના શરીરમાં કેવો અનુભવ થાય છે?' આખરે મેં પ્રશ્ન કર્યો.'

'સરસ.'

આપ આ નવા શરીરમાં આનંદમાં છો?'

'હા.'

'આપે આ છોકરીના શરીરમાં પ્રવેશ કેવી રીતે-ક્યાંથી કર્યો?'

'નાસિકા દ્વારા. મારી દૈવી શક્તિથી.'

'આત્માનું સ્વરૂપ કેવું હોય છે?'

'દિવ્ય જ્યોતિ જેવું.'

'સ્મૃતિ ક્યાં રહે છે?'

'માનવીના મસ્તકમાં.'

'આત્મા અને સ્મૃતિને સંબંધ છે? ' મેં પૂછ્યું.

થોડી વાર ખામોશી રહી. એ પછી છોકરીના મુખ દ્વારા વામદેવનો અવાજ આવ્યો:

'ના.'

'તમે વામદેવજીને ઓળખો છો? આત્માનું નામ વામદેવ છે કે શરીરનું?'

થોડી વાર ખામોશી અને ફરીથી એક તીવ્ર વાસવાળો ફુત્કાર એ છોકરીએ કર્યો. મને થયું કે એ જવાબ ટાળવા ઈચ્છે છે.

મેં બીજો પ્રશ્ન કર્યો:

'શરીર અને આત્માનો શો સંબંધ છે?'

'રથી અને રથનો' જવાબ તરત મળ્યો.

'અગ્નિ અને સમિધ એ દૃષ્ટાંત વધુ સચોટ નથી?'

'કોઈ ફરક નથી.'

'બંને ખોટાં છે.' મેં કહ્યું.

'પુરવાર કરી શકશો?'

'શરીરને જીર્ણ વસ્ત્ર, રથ કે સમિધ સાથે સરખાવવું એ મૂર્ખતા છે. સ્ત્રી શરીર અને પુરુષ શરીર એક અન્ય શરીરનું નિર્માણ કરે છે. વસ્ત્ર, રથ અને સમિધ આમ કરી શકતાં નથી. શરીર સંપૂર્ણ રીતે જ ચેતનામય શક્તિથી વિભૂષિત છે. શરીરના નિર્માણ સાથે જ એના અણુઅણુમાં ચેતનાનો પ્રવાહ વહેવા લાગે છે. એનામાં કોઈ નવો કે પુરાણો આત્મા પ્રવેશતો નથી. શરીર મૃત્યુ પામે છે તો કોઈ આત્મા ચાલ્યો જતો નથી, ફક્ત ચેતના સાથેનો એનો સંબંધ તૂટે છે- કપાય છે. વીજળીનો ગોળો પ્રકાશતો બંધ થાય તો એમાંથી કંઈ વીજળી ચાલી નથી જતી, પ્રવાહ સાથેનો સંબંધ તૂટે છે. એવી જ રીતે વસ્ત્ર, રથ અને સમધિ ફક્ત એક ચેતનામય પ્રવાહ સાથેનો સંબંધ જ ગુમાવે છે.'

'મૂર્ખ!'

છોકરીના મુખમાંથી વામદેવ બરાડ્યો. હાથ પછાડી ઊછળવા લાગ્યો. ક્રોધથી લાલ આંખો સળગી ઊઠી હતી.

'આત્મા ક્રોધ કરતો નથી.' મેં ધીરેથી કહ્યું.

આ દરમિયાન આદિતી મારી પાછળ આવી બેસી ગયાં હતાં. એમણે મારા તરફ ઝૂકી કાનમાં ખૂબ જ ધીરેથી કહ્યું :

'આ વિવાદ બંધ કરો. પ્રયોગથી સંતોષ થયાનું જણાવી તમે એમને પાછા પોતાના શરીરમાં જવા કહો.'

થોડી વાર હું ચૂપ બેસી રહ્યો. વિચારતો રહ્યો. માતા આદિતીની સલાહ મને વાજબી લાગી. મારે જે જાણવું હતું તે જાણી લીધું હતું. કદાચ આદિતી અને નિકુંભે પણ જાણી લીધું હતું. એ ક્રોધી અઘોરીને વધુ ભડકાવવો યોગ્ય ન લાગવાથી મેં આદિતીની સલાહ પ્રમાણે કર્યું.

છોકરી થોડી વાર ભયાનક ધમપછાડા કરતી રહી. પછી ધીરે ધીરે શાંત થવા લાગી. આદિતીએ એને પહેલાં સૂતી હતી એમ સૂવડાવી. એ ફરીથી સાવ નિશ્ચેષ્ટ બની ગઈ અને વામદેવજીએ પહેલાંની જેમ જ મંત્રોચ્ચાર કરતાં સ્વસ્થતા પ્રાપ્ત કરી. ત્યાં જમા થયેલા અઘોરીઓએ વામદેવનો જયજયકાર કર્યો. વામદેવે એ સહુનું અભિવાદન સ્વીકાર્યું અને મારા તરફ નજર કરી ત્યારે એ નજરનો ક્ષોભ અને તિરસ્કાર હું પામી ગયો હતો. મને થયું કે માતા અદિતીની સલાહ સ્વીકારીને મેં ડહાપણ જ કર્યું છે. બાબા ભૈરવનાથ સાથે થોડી વાતો કરી અમે બહાર નીકળ્યાં.

નિકુંભઆનંદ આગળ ચાલતો હતો. હું થોડા ડગલાં પાછળ હતો. અચાનક એક ઓરડામાંથી વિતથનાથ નીકળી આવ્યા અને કહેવા લાગ્યાઃ

'વામદેવ મહામૂર્ખ અને ઘમંડી છે. એના ઘમંડને ચૂર્ણ થતો જોઈ આજે મને આનંદ થયો છે.'

હું કંઈ બોલ્યો નહીં. એમની ક્ષમા માગી આગળ ચાલવા લાગ્યો.

ચોગાનમાં તાંત્રિક મૈથુનના પ્રયોગ માટેની તૈયારીઓ ચાલી રહી હતી. અમે ત્યાંથી થોડે દૂર એક તાપણા પાસે જઈ બેઠા. જંગલની રાત ફરી એક વાર એની ભયાનકતાધારણ કરવા લાગી હતી. જંગલી જનાવરોનો ઘૂરકાટ અને શિયાળની લાળી કંપાવી મૂકે એવી હતી. ત્યાં બેઠાં એક વાર વિચાર આવી ગયો કે મારે હવે અહીંથી વળતી સવારે જ વિદાય લઈ લેવી જોઈએ. જિજ્ઞાસુ મન બલિદાનની રાત સુધી રોકાઈ જવા દલીલો કરી મનાવવા લાગ્યું.

> **એકાએક છોકરી આસન પર બેઠી થઈ, જેને મેં થોડી વાર પહેલાં મરેલી જાહેર કરી હતી એને આમ બેઠી થતાં જોઈ હું ધ્રૂજી ગયો...તે જ સમયે છોકરીએ મારી તરફ જોઈ કહ્યું : 'હું છોકરીના શરીરમાં પ્રવેશેલો વામદેવનો આત્મા છું. તમારે જે કંઈ પૂછવું હોય તે મને પૂછો!'**

રોજ રોજ એકનોએક કાર્યક્રમ જોવાનો અને અઘોરીઓ સાથે વિનાકારણ દલીલોમાં ઊતરી ઝઘડો વહોરી લેવાનું પણ યોગ્ય ન હતું, આમ છતાં અનાયાસ એમ થઈ જતું અને એનાં ખતરનાક પરિણામો ભોગવવાની મારી તૈયારી નહોતી. હું દ્વિધા અનુભવતો બેઠો રહ્યો. નિરાશા પણ અનુભવતો હતો. કોઈ અઘોરીના ઘમંડને ચૂર કરવા કે મારા અભિમાનને પોષવા હું અહીં આવ્યો ન હતો. મારી જિજ્ઞાસા મને અહીં સુધી ખેંચી લાવી હતી અને એ જિજ્ઞાસાને તો હજી ક્યાં જરીયે સંતોષ થયો હતો?

થોડી વાર પછી બાબા અલખઆનંદ પણ ત્યાં આવી પહોંચ્યા. બેસતાંવેત જ એમણે પૂછ્યું:

'પરકાયા પ્રવેશના પ્રયોગ વિશે તમારો શો અભિપ્રાય છે?'

'આપ પણ ત્યાં જ હતા. આપને શું લાગ્યું?'

મેં સામો પ્રશ્ન કરી એમનો અભિપ્રાય જાણવાની કોશિશ કરી.

'મને કશું સમજાયું નથી.' એમણે નિખાલસતાથી કહ્યું.

'બાબા અલખઆનંદ, તમે ભયાનક પૂતળા પાસે બોલાવો છો અને વામદેવ છોકરીના શરીર પાસે બોલાવે છે, એમાં ફરક નથી. તમે શબ્દભ્રમ કરો છો. એ વધુ શક્તિશાળી છે અને મન-કાયા પર ખૂબ આસાનીથી કબજો જમાવી શકે છે.'

'છોકરીનું શરીર મૃત શા માટે લાગતું હતું?'

'માનસિક શક્તિથી ચેતનાને ક્ષીણ કરી શકાય છે. અનેક યોગીઓ આ પ્રયોગ કરે છે. ખાસ કરીને હઠયોગીઓ તો પોતાના શરીરને કેટલાક દિવસો સુધી સાવ અચેતન અવસ્થામાં રાખી શકે છે. હકીકતમાં આવા પ્રયોગમાં ચેતના સાથેનો સંબંધ સાવ કપાતો નથી. ફક્ત ક્ષીણ થાય છે. એટલે આપણે એને મૃત સમજી લઈએ છીએ '

થોડી વાર પછી મેં ઉમેર્યું, 'છોકરીની ચેતના ક્ષીણ થઈ હતી. સાવ સાધારણ મનશક્તિ જાગૃત થયેલી અને ચેતના ખોઈ બેઠેલી છોકરી પર વામદેવ જેવો સમર્થ શક્તિ-માનસિક શક્તિ ધરાવતો અઘોરી કબજો જમાવી શકે એમાં કોઈ આશ્ચર્ય નથી. હકીકતમાં તો વામદેવના મનની આ વિકૃત્તિ છે. આ પ્રયોગ-સિદ્ધિઓ પછી એને સાધના અને શક્તિની ઈતિશ્રી આવી ગઈ છે. દૈવીશક્તિની ભ્રમણાઓએ એના ઘમંડને ચરમસીમાએ પહોંચાડ્યો છે અને એ હવે આગળ વધવાનું ભૂલી ગયો છે.'

'આત્મા વિશેના તમારા વિચારોમાં આ પ્રયોગ પછી કોઈ ફરક પડ્યો ખરો?' અલખઆનંદે ફરી પૂછ્યું.

'જરા પણ નહીં, ઊલટા મારા એ વિચારો વધુ દૃઢ થયા છે. વામદેવ સાથેના સંવાદમાં તમે જોયું કે મેં સ્મૃતિ વિષે પૂછ્યું હતું. સ્મૃતિ શરીર સાથે રહે છે. સ્મૃતિ નાશ પામે છે. ક્ષીણ થાય છે. આત્મા હોય તો એને સ્મૃતિ-જ્ઞાન-લાગણી સાથે કોઈ સંબંધ હોઈ શકે નહીં. વામદેવનો આત્મા સ્મૃતિ અને જ્ઞાન કહેતો હતો અને ક્રોધ જેવી લાગણી વ્યક્ત કરતો હતો. એ ઢોંગ અને બનાવટ હતી. દીપકના તેલ અને માટીના કોડિયામાં પ્રકાશવાનો અને બાળવાનો ગુણ આવી શકતો નથી. તેલમાં સૂક્ષ્મ રીતે પ્રકાશ અને ગરમી તમે ફક્ત કલ્પનાથી અનુભવી શકો, આ કલ્પના અજ્ઞાનના કારણે ન પચે તો ભ્રમણા બને છે અને જ્ઞાનનો વિસ્તાર કરે તો સ્વયં પ્રકાશ બને છે.'

અલખઆનંદને સંતોષ થયો હોય એમ મને લાગ્યું.

*******************

આ વાતના ક્રમને અતિક્રમીને ઉપરોક્ત પ્રસંગ અંગે માતા આદિતી સાથે થયેલી ચર્ચા અહીં નોંધી લઉં.

આમ તો એમણે અઘોરીઓ સાથે આવી ચર્ચામાં સાવધ રહેવા માટે ચેતવણી આપવા જ બોલાવ્યો હતો.

'અઘોરીઓ પંડિત હોતા નથી. ઉપરાંત એમની સિદ્ધિઓમાં એમને દૃઢ વિશ્વાસ છે. આ વિશ્વાસને ડગાવવાની કોઈ કોશિશ કરે તો એ અહીં કોઈ સાંખી લેશે નહીં. તમે અમારા મહેમાન છો. બાબા ભૈરવનાથે તમારા વિશે ખાતરી આપી હોવાના કારણે જ તમને અહીં પ્રવેશ મળ્યો છે.' આવું અને આવા મતલબનું એમણે મને એક લાંબુ ભાષણ આપ્યું હતું.

'મારો એવો કોઈ આશય નથી. જિજ્ઞાસાવૃત્તિ અને સત્ય પામવાની ઈચ્છાના કારણે ક્યારેક મારાથી અયોગ્ય વર્તન થયું હોય તો હું માફી ચાહું છું.' મેં નમ્રતાથી કહ્યું પછી ઊમેર્યું :

'આત્મા વિશે ખાતરી કરાવી શકે એવા કોઈ સંત- મહાત્માની શોધમાં હું હંમેશાં રહ્યો છું. કોઈ છળ અથવા ભ્રમણાને સહજતાથી સ્વીકારી શકતો નથી. એટલે જ ચર્ચામાં ઊતરી પડું છું.'

એ પછી એમણે આત્મા વિશેના મારા વિચારો જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. ઠેઠ ચૈતન્યાનંદ સાથેના પ્રસંગથી શરૂ કરી મેં એમને બાબા અલખઆનંદ સાથે થયેલી વાતચીત સુધીના મારા અનુભવો કહ્યા. અલખઆનંદના છળની તો એમને પણ ખબર નહોતી. શબ્દભ્રમ વિશે જાણી એમણે ખૂબ જ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. વામદેવે પેલી માસૂમ છોકરી પર કેવી રીતે માનસિક રીતે કબજો જમાવ્યો હશે એ વિશેના મારા વિચારો પણ મેં એમને જણાવ્યા-મારી રીતે સમજાવ્યા. એમણે તરત જ કહ્યું:

'તમારી વાતમાં કંઈ તથ્ય હોય એમ લાગે છે. વામદેવ ઘણા સમયથી આ છોકરીના સંપર્કમાં હતો. છોકરીના મા-બાપ વામદેવના અનન્ય ભક્ત છે. અહીં આ છોકરીને અમે લાવ્યા એ પૂર્વે જ સખત તાવના કારણે એ છોકરી મૃત્યુ પામી છે એમ માનવામાં આવતું હતું. છોકરીના મૃતદેહનો કબજો વામદેવે છોકરીના મા-બાપ પાસેથી માગી લીધો હતો. એ પછી છોકરી જીવતી હોવાની મને આશંકા થઈ આવી હતી!'

વામદેવ છોકરીની ચેતનાને ક્ષીણ કરી શક્યો હતો. એની મને આનાથી ખાતરી થઈ ગઈ હતી.

વધુ એક વખત ચેતવીને અદિતીએ મને વિદાય કર્યો.

***************

ચોગાનની મધ્યમાં સ્ત્રીઓ અને અઘોરીઓ-દિક્ષાર્થી અઘોરીઓનું નૃત્ય ઉત્તેજનાની ચરમસીમાએ પહોંચી ગયું હતું. હું અને નિકુંભઆનંદ પણ ત્યાં ટોળામાં જઈ એ જોવા લાગ્યા.

તાંત્રિક સાયુજ્ય એટલે કે સંભોગ અંગે અનેક વિચિત્ર માન્યતાઓ પ્રવર્તે છે. આ વિશે લખાયું છે પણ પુષ્કળ. આના મૂળ શિવપુરાણમાં છે. શિવ-પાર્વતીને આ તંત્રના પ્રણેતા માનવામાં આવે છે. બ્રહ્મચર્યના વિચારથી આ સાવ ભિન્ન-વિરુદ્ધ વિચાર છે. એક સામ્ય બંનેમાં છે. મનોનિગ્રહ-મન પરના સંયમને બંનેએ સમાન મહત્ત્વ આપ્યું છે. બ્રહ્મચર્યપાલનને એ પાલનકર્તાઓમાં મહદ્‌અંશે જે રીતે વિકૃતિઓ સર્જી એ જ રીતે આ તાંત્રિક સંભોગની ક્રિયાઓ પણ એના સાધકોમાં ભયાનક વિકૃતિઓ સર્જી બ્રહ્મચર્ય કરતાં પણ તાંત્રિક સંભોગમાં વિકૃતિને વધુ અવકાશ હતો.

-માનવી જ્યારથી જિંદગી વિશે વિચારતો થયો ત્યારથી જ એ જન્મ-મરણના બે છેડાને જોતો રહ્યો છે, તપાસતો રહ્યો છે અને ત્યારથી જ રહસ્ય પામવાની કોશિશ કરતો રહ્યો છે. સ્ત્રી યોનિ દ્વારા જીવનના આગમન સાથે જ કદાચ સદીઓ પછી એને સંભોગની શક્તિનું ભાન થયું. પુરુષ અને સ્ત્રી બે ભિન્ન પ્રકારની પ્રકૃતિને પણ એ ઓળખવા લાગ્યો. આ બે શક્તિના સંયોજનના અદ્‌ભુત પરિણામો પણ એણે તપાસ્યા. સંભોગમાં એક અપૂર્ણ સુખ અને અદ્‌ભુત આનંદનો અનુભવ એણે જિંદગીમાં પ્રથમ વાર અનુભવ્યો. વારંવાર એ આનંદ-સુખ માણવાની લાલસાએ એને કામી-સંસારી બનાવ્યો. એ જ પ્રત્યાઘાતમાંથી બ્રહ્મચર્યના વિચારનું પણ સર્જન થયું. ક્ષણિક સુખ માટે સ્ત્રીઓ પાછળ ભાગતા પુરુષો-એ માટે યુદ્ધે ચડતા પુરુષો-એ માટે એકબીજાની હત્યા કરતા પુરુષો- કામ, ક્રોધ, લોભ, મોહમાંથી છૂટવા મથતા વિચારકોએ સંભોગેચ્છાને જ ફાંસીએ ચડાવવાનું નક્કી કરી એના મુખ પર બ્રહ્મચર્યનો બુરખો ઓઢાડી દીધો. આ બ્રહ્મચર્યથી- એને કામ પર વિજય મેળવ્યાનો સંતોષ થયો. એ પોતાને શક્તિશાળી માનીને ભ્રમણામાં જીવવા લાગ્યો.

આ સાથે જ વામમાર્ગીઓએ આ બ્રહ્મચર્યના પ્રત્યાઘાત રૂપે જ તાંત્રિક મૈથુનને મહત્ત્વ આપ્યું. સ્ત્રી-પુરુષ જોડકું અભિન્ન- અનિવાર્ય છે એ એમના મતે સ્પષ્ટ હતું. આમ છતાં સ્વેચ્છાચારને એ વામમાર્ગી વિચારકો પણ સંયમની લગામ બાંધવા ઈચ્છતા હતા. એમના વિચારમાં મહત્ત્વની વાત એ હતી ફક્ત સ્ત્રી કે પુરુષ કે ફક્ત પુરુષ અપૂર્ણ, અધૂરા હતા. આ અધૂરાશને પૂર્ણ કરવા માટે તાંત્રિક સંભોગની સાધના રચવામાં આવી હશે. અલબત્ત, આ કંઈ એક દિવસ, એક વર્ષ કે એક સદીમાં તૈયાર થયેલી સાધના નથી, હજારો વર્ષના અનુભવો, સંશોધનો, ભ્રમણાઓ, પ્રાપ્તિઓનો સાચો-ખોટો જવાબ છે.

આધુનિક વિદ્યુત એન્જિનિયરો નેગેટિવ-પોઝિટિવ પ્રવાહોને લઈ જેમ એક સંપૂર્ણ સર્કિટ-વર્તુળનું નિર્માણ કરે છે. એમ જ સ્ત્રી- પુરુષના બે અસમાન તત્ત્વને સંયોજી આ તંત્રની રચના કરવામાં આવી છે.

આ તાંત્રિક અઘોરીઓ કહે છે તેમ મૂળ ચોસઠ પ્રકારે આ સંયોજન થઈ શકે છે. સ્થૂળ રીતે જે તંત્ર બતાવવામાં આવે છે તે તો ભૂમિતિના અનેક આકારોના સંમિશ્રણ જેવા હોય છે. વિવિધ પ્રકારે સ્ત્રી-પુરુષ શરીર જોડવાથી આજ પ્રકારના શક્તિનાં વર્તુળો બંને વચ્ચે રચાય છે એમ માનવામાં આવે છે. સ્ખલનથી આ વર્તુળો તૂટે છે. એટલે તાંત્રિક સાધકો મનોનિગ્રહ વખતે સ્ખલનને રોકે છે. હકીકતમાં આ પ્રકારનો મનોનિગ્રહ- બ્રહ્મચર્યમાંના મનોનિગ્રહ કરતાં પણ સ્વાભાવિક રીતે જ પ્રબળ હોય છે.

મનોવૈજ્ઞાનિક અને ચિકિત્સકો માટે પડકારરૂપ થઈ પડે એવો આ કોયડો છે. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે મનને દાબવાથી મનની શક્તિઓ ક્ષીણ થાય છે. બ્રહ્મચર્ય અને આ તાંત્રિક સંભોગમાં એથી ઊલટ પરિણામો આવતાં મેં જોયાં છે. સમજપૂર્વક આચરવામાં આવતાં બ્રહ્મચર્યથી બ્રહ્મચારીનું તેજ-શક્તિ વધે છે. તાંત્રિક સાધકોમાં તો આ શક્તિ માપી શકાય, જોઈ શકાય, અનુભવી શકાય એટલી હદે ઊછળતી હોય છે.

દબાણથી થતાં પ્રતિકારના કારણે નિર્માણ થતી શક્તિ પણ હોઈ શકે. મારી દૃષ્ટિએ તો વ્યક્તિના મને સ્વીકારી લીધેલા, જ્ઞાનના કારણે બ્રહ્મચર્ય કે તાંત્રિક મૈથુનની સફળતાના કારણે એ જે આનંદ અનુભવે છે, તેનાથી જ એને આ શક્તિ પ્રાપ્ત થાય છે. બંને પ્રકારમાં મનને મારવાનું દૂષણ તો સરખું જ છે અને એટલે જ આનંદ પ્રાપ્ત થયા છતાં મામૂલી સિદ્ધિઓના કારણે વ્યક્તિ ભ્રમણામાં ફસાઈને વિકૃત બને છે.

ત્યાં અચાનક થંભી ગયેલાં વાદ્યો અને ચીસાચીસથી મારી અને નિકુંભની ચર્ચા અટકી પડી. મશાલના ઝાંખા અજવાળામાં અને ટોળાંની ભાગમભાગમાં શું થયું એ પણ કળવું મુશ્કેલ હતું. યજ્ઞની આસપાસ વિવિધ તાંત્રિક પ્રકારોમાં સંયોજાયેલા યુવાન અઘોરીઓ અને સ્ત્રીઓ પડ્યા હતા. વામદેવ અને પેલો વશીકરણવાળો જાડો અઘોરી બૂમો પાડી કેટલાકને દોડાવી રહ્યો હતો. અલખઆનંદ એ દિશામાંથી જ અમારી તરફ આવ્યો ત્યારે ખબર પડી કે એક અઘોરી એક સ્ત્રીને ઉપાડીને જંગલ તરફ નાસી જવાની કોશિશ કરતો હતો. થોડી વાર પછી એ બંનેને પકડીને યજ્ઞ પાસે હાજર કરવામાં આવ્યાં.

'બળાત્કાર માટે અમારામાં ખૂબ જ ક્રૂર સજા છે.' અલખઆનંદે કહ્યું, 'કાલે એનો ન્યાય પરાત્પર કરશે.'

એ થોડી વારની ધાંધલ શમ્યા પછી ફરી વાદ્યો ધીરે ધીરે વાગવાં લાગ્યાં. કાળી રાત અને ટમટમતા તારાઓ જાણે મૂર્છામાંથી જાગતા હોય એમ પેલાં યુગલો ધીરે ધીરે ઊભાં થઈ નૃત્ય કરવાં લાગ્યાં. બેએક કલાક ચાલેલા તાંત્રિક મૈથુન પછી પણ એમના નૃત્યમાં તાજગી અને ચેતના હતી. બીજા એકાદ કલાક પછી બેફામ ઉત્તેજનાથી નાચ્યા પછી એ રાત્રીનો કાર્યક્રમ પૂરો થયો.

નિકુંભઆનંદ મને એક યુગલ પાસે લઈ ગયો. અરસપરસ પરિચય કરાવ્યા પછી એણે કહ્યું, 'પરાત્પરની આજ્ઞાથી આ બંને એમનો આ સાધના દરમિયાનનો અનુભવ તમને કહેશે.'

અમે ચારેય એક તાપણાની આસપાસ ગોઠવાયાં.

(ક્રમશઃ) ■

## ફોકસ

**એન. કે. અરોડા**

feedback@bombaysamachar.com

# કોણ છે તહવ્વુર રાણા... ભારત આવતાં એ કેમ થરથર ધ્રૂજે છે?

૭ માર્ચ, ૨૦૨૫ના રોજ, અમેરિકાની સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાને ભારત મોકલવા સંબંધિત અરજીને પણ ફગાવી દીધી, જેમાં રાણાએ અમેરિકન કોર્ટને કહ્યું હતું કે, હું પાકિસ્તાની મુસ્લિમ છું, તેથી જો મને ભારત મોકલવામાં આવશે તો મને મારી નાખવામાં આવશે. આખરે કોણ છે આ તહવ્વુર રાણા અને ભારત મોકલવાના નામે તે કેમ ધ્રૂજી રહ્યો છે? હકીકતમાં, ભારતના મુંબઈ શહેરમાં ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ થયેલો ભયંકર આતંકવાદી હુમલો, જેમાં ૧૬૭ નિર્દોષ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. એ હુમલાના માસ્ટરમાઇન્ડ અને અમેરિકન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીનો આ તહવ્વુર હુસૈન રાણા ખૂબ નજીકનો સહયોગી છે. તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક છે અને વ્યવસાયે ડૉક્ટર છે. યુ.એસ.માં તહવ્વુર રાણાને ૨૦૧૩માં ડેવિડ કોલમેન હેડલી સાથે મુંબઈ હુમલાને અંજામ આપવા અને ડેનમાર્કમાં હુમલાની યોજના બનાવવાના આરોપમાં દોષી ઠેરવવામાં આવ્યો હતો. જેના કારણે અમેરિકન કોર્ટે રાણાને ૧૪ વર્ષની જેલની સજા ફટકારી હતી.



તહવ્વુર હુસૈન રાણા પાકિસ્તાનમાં કાર્યરત ઉગ્રવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલો છે. ૨૦૦૯માં જ્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે તે અમેરિકાના શિકાગો શહેરમાં ઈમિગ્રેશન અને ટ્રાવેલ એજન્સી ચલાવતો હતો. મુંબઈમાં ૨૬/૧૧ના હુમલાને અંજામ આપવા માટે ડેવિડ કોલમેન હેડલી અને તહવ્વુર રાણાએ હુમલા પહેલાં અને પછી ઘણી વખત મુંબઈનો પ્રવાસ કર્યો હતો. મુંબઈ હુમલામાં ૬ અમેરિકન નાગરિકો પણ માર્યા ગયા હોવાથી, અમેરિકાની તપાસ એજન્સી એફબીઆઈ હુમલાખોરોને શોધી રહી હતી. તે દિવસોમાં રાણા અને હેડલી ઓક્ટોબર ૨૦૦૯માં શિકાગો ઍરપૉર્ટ પરથી ઝડપાયા હતા. ત્યારે તે બંને ઉગ્રવાદી હુમલો કરવા ડેનમાર્ક જઈ રહ્યા હતા. તેમની ખતરનાક યોજના જિલેન્ડ્સ પોસ્ટેન અખબારની ઑફિસ પર હુમલો કરવાની હતી. કારણ કે આ અખબારે પયગંબર મોહમ્મદનાં વિવાદાસ્પદ કાર્ટૂન પ્રકાશિત કર્યાં હતાં. ત્યાં સુધી તેમની ધરપકડ પર કોઈને શંકા નહોતી કે આ બે ખતરનાક આતંકવાદીઓ મુંબઈ હુમલાના પણ દોષી છે. અલગ-અલગ પૂછપરછ દરમિયાન તહવ્વુર રાણાએ કબૂલ્યું હતું કે હેડલી પાકિસ્તાનમાં લશ્કરના ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેતો હતો.

શિકાગો, યુએસએમાં આ બંનેની ટ્રાયલ દરમિયાન આ પ્રથમ વખત બહાર આવ્યું હતું, જ્યાં એટર્ની જનરલે કહ્યું હતું કે ૨૦૦૬માં ઉનાળાની શરૂઆતમાં, હેડલી અને બે એલઈટી સભ્યોએ તેમની પ્રવૃત્તિઓના કવર તરીકે મુંબઈમાં ઈમિગ્રેશન ઑફિસ ખોલવાની ચર્ચા કરી હતી. એટર્ની જનરલના જણાવ્યા મુજબ, હેડલીએ જુબાની આપી હતી કે તેણે શિકાગોનો પ્રવાસ કર્યો હતો અને ભારતમાં સંભવિત લક્ષ્યોને શોધવા અંગે તેના હાઇસ્કૂલના મિત્ર રાણા સાથે સલાહ લીધી હતી. બાદમાં, મુંબઈમાં ફર્સ્ટ વર્લ્ડ ઈમિગ્રેશન સર્વિસીસનું કાર્યાલય ખોલવામાં આવ્યું જેથી કોઈને તે લોકોની પ્રવૃત્તિઓ પર શંકા ન થાય. હકીકતમાં, લશ્કર-એ-તૈયબાએ ડેવિડ કોલમેન હેડલીને મુંબઈ પર હુમલાનું મિશન સોંપ્યું હતું. આમાં રાણાએ પોતાની ઈમિગ્રેશન સર્વિસની મદદથી હેડલીને પાંચ વર્ષના બિઝનેસ વિઝા મેળવવામાં મદદ કરી હતી. જ્યારે રાણા જાણતો હતો કે હેડલીનો વિઝા મેળવવા પાછળનો હેતુ શું હતો?

હેડલી અને રાણા બાળપણના મિત્રો હતા, બંનેએ પાંચ વર્ષ સુધી શાળામાં સાથે અભ્યાસ કર્યો હતો. આ પછી બંને અલગ થઈ ગયા હતા અને ૨૦૦૬માં શિકાગોમાં મળ્યા. તહવ્વુર રાણા અમેરિકાના લોસ એન્જલસના ડિટેન્શન સેન્ટરમાં આ જ સજા ભોગવી રહ્યો છે, પરંતુ જ્યારે ભારતે અમેરિકાને રાણાને સોંપવા વિનંતી કરી ત્યારે રાણાએ યુએસ કોર્ટને તેનું પ્રત્યાર્પણ ન કરવા વિનંતી કરી, પરંતુ કોર્ટે અરજી ફગાવી દીધી. પ્રત્યાર્પણના નિર્ણય સામે રાણા ફરી ૧૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ અમેરિકન સુપ્રીમ કોર્ટમાં ગયો હતો, પરંતુ ત્યાં પણ ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અરજી ફગાવી દેવામાં આવી હતી. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ, યુએસ પ્રમુખ ટ્રમ્પે પણ જાહેરાત કરી હતી કે રાણાને ભારત મોકલવામાં આવશે. કારણ કે ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે ફરીથી ભારત પ્રત્યાર્પણ પર રોક લગાવવાની અરજી ફગાવી દીધી હતી, પણ ફરી એકવાર રિવ્યુ પિટિશન દાખલ થવાને કારણે એવું લાગતું હતું કે મામલો ફરી અટકી શકે છે, પરંતુ આખરે ૭ માર્ચ, ૨૦૨૫ના રોજ યુએસ સુપ્રીમ કોર્ટે આ રિવ્યુ પિટિશનને રદ કરી દીધી.

આ રીતે એનઆઈએ સ્પેશિયલ કોર્ટે ૨૮ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ રાણા વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું હતું અને ૪ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ભારતે પહેલીવાર રાણાના પ્રત્યાર્પણ માટે અમેરિકાને ડિપ્લોમેટિક નોટ આપી હતી, તેનું પરિણામ હવે ભારતને મળશે, જેના કારણે પરેશાન તહવ્વુર રાણા એક યા બીજા બહાને વારંવાર ભારત મોકલવામાં આવતાં ટાળવા માંગતો હતો. સવાલ એ છે કે તહવ્વુર રાણાનું ભારતને પ્રત્યાર્પણ કેટલી મોટી રાજદ્વારી સફળતા છે? નિઃશંકપણે, તહવ્વુર રાણાની ભારત મુલાકાત ભારત માટે એક મોટી રાજદ્વારી સફળતા હશે, જે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને માત્ર મજબૂત જ નહીં બનાવે, પરંતુ આતંકવાદ સામે બંને દેશોની પ્રતિબદ્ધતા પણ દર્શાવશે. રાણાના પ્રત્યાર્પણથી આપણે ૨૬/૧૧ના હુમલાના ષડ્‌યંત્ર અને તેના વ્યાપક નેટવર્ક અને પાકિસ્તાનના ઝેરીલા દિમાગમાં ભારત વિરુદ્ધ કેવા પ્રકારનાં કાવતરાઓ ચાલી રહ્યાં છે તે વિશે ઊંડાણપૂર્વક જાણી શકીશું. ચોક્કસપણે આ માહિતી આપણને ભવિષ્યમાં અનેક પ્રકારની આતંકવાદી ઘટનાઓને રોકવામાં મદદ કરશે અને ભારતીય સુરક્ષા એજન્સીઓ પણ આંતરરાષ્ટ્રીય આતંકવાદીઓની વર્તણૂકની શૈલી જાણી શકશે.

ભારત અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે ૧૯૯૭માં પ્રત્યાર્પણ સંધિ પર હસ્તાક્ષર થયા હોવા છતાં, પ્રત્યાર્પણના કેસોની ગતિ ઘણી ધીમી રહી છે. ૨૦૦૨ અને ૨૦૧૮ની વચ્ચે, યુએસએએ ભારત તરફથી માત્ર ૧૧ પ્રત્યાર્પણ વિનંતીઓ સ્વીકારી હતી. જોકે, છેલ્લાં પાંચ વર્ષ એટલે કે ૨૦૧૯થી ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે, ભારતે વિવિધ દેશોને ૧૭૮ વિનંતીઓ મોકલી છે. પરંતુ અત્યાર સુધી માત્ર ૧૩ લોકોને જ વિદેશો દ્વારા ભારત પરત મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે માત્ર તહવ્વુર રાણા જ નહીં, પરંતુ અન્ય ૬૫ ભાગેડુ ભારતીય ગુનેગારો હાલમાં અમેરિકામાં આશરો લઈ રહ્યા છે, જેમાં ડેવિડ કોલમેન હેડલી અને તહવ્વુર રાણાનો સમાવેશ થાય છે, પરંતુ જે રીતે રાણાનું પરત ફરવું હવે લગભગ નિશ્ચિત છે તે જોતાં ભવિષ્યમાં વૉન્ટેડ ગુનેગારોને પણ અમેરિકાથી ભારતમાં મોકલવામાં આવશે તેવી આશા રાખી શકાશે. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# જંગી માળખાંગત સુવિધા ભાંગી પડે ત્યારે કેવો વિનાશ સર્જાય?

### આવાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કોલેપ્સનાં ઉદાહરણો ભારત માટે ‘બિગ લેસન્સ’ છે

માળખાંગત સુવિધા એટલે કે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ડેવલપમેન્ટ વિના કોઈ દેશ કે સમાજ પ્રગતિ ન કરી શકે. પ્રગતિ તો છોડો, આજના આધુનિક યુગમાં ટકી રહેવા માટેય તમારે દેશમાં માળખાંગત સુવિધાઓ વિકસાવવી જ પડે.


મેક્સિકો

એક સમયે યુરોપ-અમેરિકાના દેશોમાં મળતી રોડ, રેલવેઝ, બિલ્ડિંગ્સ કે ઍરપૉર્ટની સુવિધાઓ વિશે આપણે સાંભળતા ત્યારે અહોભાવમાં મોઢાં ખુલ્લાં રહી જતાં. જોકે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારત પણ માળખાંગત વિકાસ ક્ષેત્રે વિશ્વની સાથે કદમ મિલાવી રહ્યું છે અને એટલે જ આ તબક્કો અત્યંત ચેતીને ચાલવાનો છે. આપણને જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક સમયે ‘આદર્શ’ લાગતું હતું, એમાં પણ મોટા ઝોલ હોય છે. એ છેતરામણું પણ હોઈ શકે.

વાસ્તવિક દૃષ્ટિએ મૂલવીએ તો વિકાસ અને વિનાશ વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે. જરાસરખું ચૂક્યા એટલે ખીણમાં ગબડ્યા સમજો. આજે એવાં કેટલાંક ઉદાહરણ તપાસીએ, જેમાં વિકાસના ચક્કરમાં વિનાશને નોતરું અપાયું હોય.


ચીનનું ભુતિયું શહેર

ચીનની સામ્યવાદી સરકાર નક્કી કરે એ વાત પ્રજાએ ચૂપચાપ માની લેવી પડે. વિરોધ પક્ષનોય અહીં સંપૂર્ણ અભાવ. અહીં એવુંય બને કે સરકારના સદંતર ખોટા નિર્ણયોને પડકારનાર પણ ચીન આખામાં ક્યાંય જોવા ન મળે.

આવો જ એક નિર્ણય એટલે નવાં અને વિશાળ શહેરો બાંધવાની કવાયત. સામ્યવાદી સરકારે લાખો-કરોડો લોકોના વસવાટ માટે સ્કાયસ્ક્રેપર્સ, વિશાળકાય શોપિંગ મૉલ્સ, ગવર્મેન્ટ બિલ્ડિંગ્સ અને રેલ નેટવર્ક સહિતનાં મોટાં મોટાં શહેર બાંધવાનો પ્રોજેક્ટ હાથ ધરેલો. જૂનાં શહેરોની કોઈ સમસ્યા અહીં હોય જ નહિ, બધું જ નવું અને ચકાચક. સરકાર આવા અનેક અર્બન સેન્ટર્સ ડેવલપ કરવા માંગતી હતી, પણ થયું સાવ ઊલટું! પ્રજાના ટૅક્સના અબજો ડૉલર્સ ખર્ચીને ઊભા કરેલાઆ રાક્ષસી અર્બન સેન્ટર્સ મોટા પાયે ફ્લોપ શો સાબિત થયા. એમાં સૌથી જાણીતો દાખલો ઓર્ડોસનો છે.

ઓર્ડોસનો મોટા ભાગનો વિસ્તાર આજેય ખાલીખમ પડ્યો છે. અહીનાં ઊંચાં સ્કાયસ્ક્રેપર્સ પણ માનવવસતિના અભાવે ‘ભૂતિયા’ ભાસે છે. સરકારના મનમાં એમ હતું કે લોકો આ નવા બનેલા સુસજ્જ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા વિસ્તારોમાં રહેવા માટે ધસારો કરશે, પણ એના કરતાં સાવ ઊંધી જ વાસ્તવિકતા જોવા મળી. હકીકતે આ અર્બન સેન્ટર્સ ડેવલપ કરવામાં જે ખર્ચ થયો, એના પ્રતાપે અહીં રિઅલ એસ્ટેટની કિંમતો એટલી ઊંચે પહોંચી ગઈ કે આખાને આખા પ્રોજેક્ટ્સ ખાલી પડી રહ્યા! ભારત જેવા વિકાસશીલ દેશોએ આમાંથી ધડો લેવા જેવો ખરો.

ચીનથી વિરુદ્ધ અમેરિકાની છાપ એક લિબરલ દેશ તરીકેની છે. અહીં લોકો, મીડિયા કે વિરોધ પક્ષો સરકાર સામે અવાજ ઉઠાવતાં અચકાતા નથી, છતાં વિકાસના નામે વિનાશનાં ભોપાળાં તો અહીંય ધૂમ થાય.

એનું જ એક ઉદાહરણ એટલે બોસ્ટનનો ‘બિગ ડિગ’ પ્રોજેક્ટ. બોસ્ટન એક સમયે ટ્રાફિક સમસ્યાથી પીડાતું હતું. શહેરની ઉપરથી પસાર થતો એલિવેટેડ હાઈ-વે હતો ખરો, પણ એ અપૂરતો ગણાતો. આથી તત્કાલીન સરકારે શહેરની નીચેથી પસાર થતો મસ્તમજાનો એક્સપ્રેસ-વે બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કર્યો. પ્રોજેક્ટ પૂરો કરવા માટે ૨.૮ અબજ ડૉલર્સનું બજેટ અને સાત વર્ષની સમયમર્યાદા નક્કી કરવામાં આવ્યાં, પણ અમેરિકામાંય ભારત જેવા જ ઘટનાક્રમે આકાર લીધો. પ્રોજેક્ટ લંબાઈને છેક સોળ વર્ષે પૂરો થયો અને એમાં ખર્ચ થયો ૧૪.૬ અબજ ડૉલર્સ લગભગ પાંચ ગણો!

આની પાછળ ભ્રષ્ટાચારનો ભોરિંગ જવાબદાર હોવા ઉપરાંત ડિઝાઈનમાં પણ ઘણા લોચા જોવા મળ્યા. પ્રોજેક્ટ શરૂ થયા બાદ એન્જિનિયર્સને સમજાયું કે બોસ્ટનની ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિ એવી નથી, જેવો ક્યાસ એમણે પ્રોજેક્ટ ડિઝાઈન કરતી વખતે લગાવેલો! અન્ડરગ્રાઉન્ડ પરિસ્થિતિ ધારવા કરતાં અનેકગણી જટિલ હોવાને કારણે પ્રોજેક્ટની ડિઝાઈનમાં વખતોવખત ‘છેલ્લી ઘડીના ફેરફારો’ થતા જ ગયા. પ્રોજેક્ટ પૂરો થયો એ પછી પણ સમસ્યાઓ પૂરી ન થઈ! પ્રોજેક્ટ પૂરો થતાંની સાથે જ ઠેકઠેકાણેથી લીકેજ, કોન્ક્રિટના પોપડા ખરવાથી માંડીને ટનલ્સની એલાઈનમેન્ટમાં ગરબડ સહિતની સમસ્યાઓ ઉદ્‌ભવી! ૨૦૦૬માં તો ટનલની છતમાંથી કોન્ક્રિટનો એવડો મોટો ટુકડો પડ્યો, કે એક મહિલાના રામ રમી ગયા. આ બધા ઉપરાંત બોસ્ટનની ટ્રાફિક સમસ્યામાં કોઈ ખાસ સુધારો થયો નહિ. કેટલાક જાણકારો ‘બિગ ડિગ’ તરીકે ઓળખાતા બોસ્ટનના અન્ડરગ્રાઉન્ડ હાઈવે પ્રોજેક્ટને ઇતિહાસનું સૌથી ખર્ચાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ ડિઝાસ્ટર ગણે છે.

યુએસએના પડોશી દેશ મેક્સિકોએ તો વળી ઓર મોટું બ્લંડર કરેલું. મેક્સિકો દેશની રાજધાનીનું નામ પણ મેક્સિકો જ છે, જે દેશનું સૌથી મોટું શહેર પણ ખરું. કમનસીબી એ છે કે આ શહેર જ્યાં વસ્યું છે, એ પ્રદેશ મૂળભૂત રીતે ટેક્સકોકો નામના કુદરતી રીતે બનેલા વિશાળ તળાવનો પ્રદેશ છે એટલે અહીંની જમીન સ્વાભાવિકપણે પોચી હોવા ઉપરાંત આવી જમીન પોતાનો આકાર બદલતી રહે છે. અહીંની પોચી માટી પણ ખસતી રહે છે તેમ છતાં, કોણ જાણે ક્યાં કારણોસર શહેરનું મેટ્રો રેલ નેટવર્ક વિસ્તારવાનું કામ ચાલુ જ રહ્યું. પરિણામ એવું આવ્યું કે વારંવાર જમીન ધસી પડવાની ઘટનાઓને કારણે મેટ્રો નેટવર્કમાં પણ ભંગાણ પડતું રહ્યું. સરકારીતંત્ર સમસ્યાના મૂળ સુધી પહોંચવાને બદલે પેચવર્ક કરતું રહ્યું. આ બેદરકારીને પરિણામે ૨૦૨૧માં મોટું સ્ટ્રક્ચરલ કોલેપ્સ થયું. મેટ્રો રેલ નેટવર્કમાં પડેલા આ મોટા ભંગાણમાં ૨૬ નિર્દોષ નાગરિકો હોમાઈ ગયા! વિશ્વના સૌથી બિઝી મેટ્રો નેટવર્કમાં ગણના પામતું હોવા છતાં મેક્સિકો સિટીનું રેલ નેટવર્ક હંમેશા અન્ડર ફંડેડ - એટલે કે મેઇન્ટેનન્સ માટે જરૂરી ફંડની કમી - રહ્યું. પોચી માટી અને બીજી સ્ટ્રક્ચરલ સમસ્યાઓને અધિકારીઓ દ્વારા અવગણવામાં આવી. પરિણામે વિકાસને બદલે વિનાશ વેરાઈ ગયો!

ભૌતિક વિકાસ સાધવાના ચક્કરમાં આ દેશોએ મારેલા લોચાની ભલે આપણે ટીકા કરીએ, પણ એ સાથે જ ઇન્ફ્રાસ્ટ્રક્ચલ ડેવલપમેન્ટ ક્ષેત્રે પડખું ફરી રહેલું ભારત પણ આવી ભૂલો ન કરી બેસે એની જાગૃતિ કેળવતાં જઈએ. આપણે ત્યાં આવી જાગૃતિ બહુ જરૂરી છે.

આખરે તો જીવન જીવવા માટે મોટાં મકાન, પુલ કે શહેર કરતાં વધારે જરૂર કુદરતનાં પંચતત્ત્વની જ પડશે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# તમારામાં ‘e’ સંસ્કાર છે કે નહીં?



**ચુનિયાના** ઘરે પાડોશીઓ એકઠા થઈને દબદબાટી બોલાવતા હતા. એને ત્યાંથી જુદા જુદા અવાજો આવી રહ્યા હતા.

‘છોકરાઓને સંભાળીને રાખતા નથી અને આવી ગેર-કાયદેસર પ્રવૃત્તિઓ કરે છે. હું તો એમ કહું છું કે મા- બાપે સંસ્કાર આપવા જોઈએ.’

‘કે મા- બાપે કોઈ દિવસ શીખવ્યું જ નથી કે આ કરાય અને આ ન કરાય.’

‘આ તો પાડોશી છો એટલે જતું કરીએ બાકી આગળ જતાં આ શું નહીં કરે’?

‘આવડા મોટા ગુનામાંથી છટકી નહીં શકે.’

‘અગાઉ પણ બે વાર તમારો છોકરો મારા છોકરાને ભોળવીને લાભ લઈ ચૂક્યો છે.’

બહારના દરવાજે ઊભા ઊભા હું અને ચુનિયો આ સાંભળતા હતા. મને પણ એમ થયું કે કાંઈ મોટો ગુનો કરીને આ છોકરો આવ્યો છે. એટલે વાત આગળ ન વધે તે માટે ટોળા વચ્ચે હું ઘુસ્યો.

મેં વિગત જાણવા માટે પૂછ્યું કે ‘શું વાત છે?’ ત્યાં તો ચુનિયાના પરિવારને પડતો મૂકી લોકો મારી તરફ ધસ્યા કે ‘ચુનીભાઇએ છોકરાને સંસ્કાર આપ્યા નથી આજે આ નાનો ગુનો કર્યો છે કાલે મોટો કરશે આવા સંસ્કાર હોય?’

‘એકવારની ભૂલ હોય તો બરાબર છે. વારંવાર કરે તે રીઢો ગુનેગાર ગણાય’.

મેં કીધું : ‘ફોડ પાડો શું થયું છે? ’

ત્યાં તો સુજી ગયેલા મોઢાવાળો એક ગોળ મટોળ વ્યક્તિ સમગ્ર ટોળાનું સુકાન સંભાળી મને કહે:

‘ચહેરો જોતા એવું લાગે છે કે તમે જ શીખવ્યું હશે.’

મેં કહ્યું : ‘પણ શું? વિગત તો કહો.’

ત્યાં તો એના જેવો જ- બર્ગર જેવો છોકરો રડમસ ચહેરે બોલ્યો :

‘મને ભોળવી અને અમારા વાઇફાઇનો પાસવર્ડ લઈ છેલ્લા એક અઠવાડિયાથી એના ઘરમાં તમામ લોકો મોબાઈલ અને ટીવી વાપરે છે.’

‘અમારા વાઇફાઇની સ્પીડ ઘટી ગઈ છે. આ તો કંપનીને ફરિયાદ કરી ત્યારે ખબર પડી કે અમે ઘરના ચાર જણા છીએ અને બીજા છ જણા જેમ બંગ્લાદેશીઓ ગેરકાયદેસર ઘૂસી મફતના અનાજની મોજ કરે છે તેમ અમારા વાઇફાઇની મોજ કરે છે. ચુનીલાલના છોકરા માં ય સંસ્કાર નથી.’

વાત આગળ વધીને લાફા લાફી થાય તે પહેલાં માફા માફી કરી પ્રશ્નને થાળે પાડ્યો.

ફરિયાદની નજરે મેં ચુનિયા સામે જોયું એટલે તરત જ એણે કહ્યું કે ‘મેં એને ઘણી વાર સમજાવ્યો છે કે કોઈની પાસેથી પાસવર્ડ માગવો નહીં. સિફતથી જાણી લઈએ તો ખબર પણ શું પડે? એના છોકરાને ભલે ભોળવીને પણ મોઢા મોઢ પૂછ્યું તો આપણું નામ આવ્યું ને? વાત વાતમાં જાણી લઈએ તો કોણ છ જણા વાપરે છે તે કેમ ખબર પડે?! ’

મને સમજાઈ ગયું કે કૂવામાં હોય તો જ અવેડામાં આવે.

આજકાલ સંસ્કારની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. પહેલાના જમાનામાં કોઈનું કુળ કે ગોત્ર પૂછવામાં આવતું કે કોઈની જ્ઞાતિ પૂછવામાં આવે તો એને થોડું અપમાન જેવું લાગે, પરંતુ હવેનો સમય એવો છે કે કોઈના વાઇફાઇનો પાસવર્ડ માગવામાં આવે તો સામાવાળાને અપમાન જેવું લાગે.

આમ e સંસ્કાર હાલ સૌથી વધારે ચર્ચામાં છે.

કોઈ મોબાઇલમાં મેસેજ કરતું હોય અને તમે ડોકું કાઢી વાંચવાનો પ્રયત્ન કરો તો તે ય અસંસ્કારિતા છે. કોઈ અજાણ્યો પોતાના મોબાઈલમાં અમુક પ્રકારના વીડિયો જોતો હોય અને તમે સાથે જોવાનો પ્રયત્ન કરો અથવા તો એના ઈયરફોનનો એક છેડો તમારા કાનમાં ભરાવી અને મજા માણવાનો પ્રયત્ન કરો તે પણ એ e અસંસ્કારિતા છે. કોઈનો મોબાઇલ હાથમાં લઈ અને જો લોક હોય અને એનો પાસવર્ડ માગો છો તો તે e અસંસ્કારિતા છે.

કોઈ પણના ઘરે બેસવા જાવ અને ‘કેમ છે- કેમ નહીં’ કરતાં પહેલા તમારા મોબાઇલનું ચાર્જર માગે એનો મોબાઈલ તમને પકડાવીને કહે : ‘આ ચાર્જિંગમાં મૂકી દો’ તેવું કહો તે e અસંસ્કારિતા છે. અને એમાં પણ જો એના ઘરે વાઇફાઇ હોય અને તેનો પાસવર્ડ માગો તો લોકો તમને ‘બીપીએલ કાર્ડધારક’ માની લે અને તમે કોઈ ઘોર અપરાધ કર્યો હોય તેવી નજરે તમારી સામે જુએ. તેમાં તેનો વાંક નથી તે e અસંસ્કારિતા છે.

તાજેતરમાં જ એક બનેલી ઘટના કહું તો હું એક મારા મિત્રના દીકરા માટે કન્યા જોવા મિત્રના પરિવાર સાથે એક પરિવારને ત્યાં ગયો હતો. મારે કશું બોલવાનું ન હતું, પરંતુ સમગ્ર ઘટના ઘટી જાય પછી મારો અભિપ્રાય આપવાનો હતો.

છોકરી ભણેલી ગણેલી અને ગુણવાન હતી. અમે ગયા કે તરત જ પરિવારે અમને આવકાર્યા, પરંતુ મેં જોયું કે છોકરો થોડો ડિસ્ટર્બ હતો. એણે એના પપ્પાને કાનમાં કશું કહ્યું તરત જ પપ્પાએ કંટાળાના ભાવ સાથે અને એક ઠપકાની નજરથી છોકરાને શાંત બેસાડી દીધો. મને ઘટના સમજમાં ન આવી, પરંતુ બાપ- દીકરાનો પ્રશ્ન છે તેમ સમજી હું ચૂપ રહ્યો.

છોકરાના મા-બાપે થોડી વાત કરી પછી છોકરીને બોલાવી. ડાહી ડમરી થઈને છોકરીએ જે કાંઈ પ્રશ્નો પૂછવામાં આવ્યા તેના યોગ્ય પ્રત્યુત્તર આપ્યા.

આ દરમિયાન એક સુશીલ અને સાદી છોકરી પાણી ચા નાસ્તો વગેરે લઈ અને આવતી- જતી હતી.

છોકરાની વ્યાકુળતા ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. પછી બંને પરિવારની સહમતીથી છોકરા - છોકરીને અંદરના રૂમમાં વાતો કરવા માટે કહેવામાં આવ્યું. એ દરમિયાન પેલી સુશીલ છોકરીએ છોકરા પાસે આવીને પૂછ્યું : ‘કોઈ તકલીફ છે? મોબાઇલની બેટરી ડાઉન છે? લાવો, ચાર્જિંગમાં મૂકી દઉં. ! ’

છોકરાના ચહેરા પર ચમક આવી ગઈ. તરત જ પેલી છોકરીના હાથમાં મોબાઈલ મૂકી દીધો. પેલી છોકરીએ મંદ મંદ હાસ્ય સાથે કહ્યું : ‘ફાસ્ટ ચાર્જર છે એટલે હમણાં જ ચાર્જ થઈ જશે.!’

અશ્વમેધ યજ્ઞનો ઘોડો તમામ રાજ્યોમાં ફરી સુખરૂપ પાછો આવી ગયો હોય પછી રાજાને જેવી ખુશી થાય તેવી ખુશી છોકરાના મોઢા પર ફેલાઈ ગઈ.

અંદરના રૂમમાં બંને વાત કરી. અને બહાર આવ્યો ત્યાં મોબાઈલ પણ ચાર્જ થઈ ગયો હતો અને પેલી છોકરીએ ઘરના વાઇફાઇનો પાસવર્ડ પણ એક કાગળમાં લખી અને છોકરાના હાથમાં મુક્યો. ત્યાં તો છોકરાના કોઠામાં ૩૨ દીવા થયા.

૧૦- ૧૫ મિનિટ મોબાઇલ મચેડી છોકરાએ પાંચ દિવસની કબજિયાત પછી છુટકારો થયો હોય તેવા હાશકારા સાથે સમગ્ર પરિવારને ‘જય શ્રી કૃષ્ણ’ કહ્યું અને પેલી છોકરી તરફ હાસ્ય વેરી અને અડધો ઝુકી ‘બાય’ કરી અને નીકળ્યો.

ઘરે આવી અને છોકરાએ પોતાનો નિર્ણય જણાવ્યો કે ‘આપણે જે છોકરી જોવા ગયા હતા તે સારી જ છે, પરંતુ જે બીજી શાંત અને સુશીલ છોકરી હતી તે મને પસંદ છે. તેનામાં ભારોભાર e સંસ્કાર હતાં. ચહેરા ના હાવ ભાવ પરથી જે મુશ્કેલી સમજી જાય તે જ આખી જિંદગી મને સમજી શકશે. ’

એના પપ્પાએ એક થપ્પડ મારીને છોકરાને કહ્યું કે ‘એ તો એના ઘરની આખા દિવસની કામવાળી છે !’.

પરંતુ રાજાને ગમે તે રાણી. છેલ્લા એક અઠવાડિયાથી એના ઘરમાં આ e સંસ્કારના મુદ્દે ધડબડાટી ચાલે છે. ■

**વિચારવાયુ:**

*આ પાડોશીઓ સાવ કંજૂસ છે. વાઇફાઇનો પાસવર્ડ ચેન્જ કરી નાખ્યો અને કહેતા પણ નથી !*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્થાપત્યમાં શેની પ્રશંસા કરવી?


**પૂરતી** હવા-ઉજાશ વાળો અને ઉપયોગિતા પ્રમાણેના માપનો ઓરડો હોય, બધી જ જરૂરિયાતોનો જ્યાં સમાવેશ થયો હોય, જ્યાંથી બહારનું દેખાતું દૃશ્ય પણ સુંદર હોય, યાંત્રિક ઉપકરણો પણ વ્યવસ્થિત ગોઠવાયાં હોય, ત્યાંનું રંગ-આયોજન પણ સુઘડ હોય, છતાં પણ એમ બને કે ત્યાં ‘મજા’ ઓછી આવે. એનું કારણ શું હોઈ શકે. એ જ કે એ સ્થાન સાથે સરળતાથી ‘રિલેટ’ નથી કરી શકાતું, વ્યવસ્થિત વ્યક્તિગત સંબંધ સ્થાપિત નથી કરી શકાતો, ત્યાં ક્યાંક પોતાપણું નથી અનુભવાતું, ગૌરવ કે શાંતિની અનુભૂતિ નથી થતી, પરંપરાથી વિપરીત પરિસ્થિતિ હોય તેમ જણાય અથવા તો જીવનશૈલી તથા જીવનમૂલ્યને આધારિત તે ઘટના ન હોય તેમ લાગે.

સ્થાપત્યની પ્રશંસા માટે ખાલી ઉપયોગિતા કે અનુકૂળતા જરૂરી નથી. તે તો ન્યૂનતમ જરૂરિયાત છે. એ તો હોવાં જ જોઈએ. તે ઉપરાંત સ્થાપત્ય શું આપે છે તેને આધારે પ્રશંસા થઈ શકે. સ્થાપત્યની પ્રત્યેક રચના સાથે સરળ ઉપયોગિતા અને જરૂરી મજબૂતાઈ તો વણાયેલી હોવી જ જોઈએ, તે ઉપરાંત જ્યારે ઉપયોગકર્તાના મોઢા પર આનંદ, શાંતિ અને ગૌરવની અનુભૂતિ થાય ત્યારે તે રચના પ્રશંસાને લાયક બને. ખોરાકનું ઉદાહરણ લઈએ તો એમ કહેવાય કે ખોરાક ખવાય તેવો, ચવાય તેવો, પચી જાય તેવો તો હોવો જ જોઈએ. તે ઉપરાંત તે પૌષ્ટિક હોવો જોઈએ, સ્થાનિક આબોહવા તથા સંજોગોને અનુરૂપ હોવો જોઈએ, મનપસંદ હોવો જોઈએ, ઇંદ્રિયના વિષયોને સંતોષવા ઉપરાંત તે શરીરના બંધારણના ઘડતર માટે પણ અનુકૂળ હોવો જોઈએ. ખોરાક રુચિ અનુસારનો હોવો જોઈએ. સાંસ્કૃતિક પરંપરા અને વ્યક્તિગત મૂલ્યને આધારે રુચિ બદલાઈ શકે, પરંતુ ખોરાક અને સ્થાપત્ય તો તે મુજબનાં જ હોવાં જોઈએ.

સ્થાપત્ય એ સર્વગ્રાહી અને એકીકૃત ઘટના છે જેમાં ચોક્કસ ‘અર્થ’ને અભિવ્યક્ત કરવાનું અને તેમાં રહેનારા માટે ખાસ પ્રકારની અનુભૂતિ ઉત્પન્ન કરવાનું મહત્ત્વ છે. સ્થાપત્ય લાગણીને પ્રભાવિત કરી શકે છે. સ્થાપત્ય હકારાત્મક તેમ જ નકારાત્મક ભાવ સ્થાપિત કરી શકે. સ્થાપત્ય પ્રોત્સાહિત પણ કરી શકે અને નિરાશાજનક પરિસ્થિતિ પણ સર્જી શકે. સ્થાપત્ય મૂડને પણ અસર કરી શકે. સંભાવનાઓ ઘણી છે અને સ્થાપત્યની રચના નિર્ધારિત કરતી વખતે દરેક સંભાવના સકારાત્મક રીતે સાકાર કરવામાં આવે તે જરૂરી છે. આ બધું ઇરાદાપૂર્વક, ધ્યેયલક્ષી વિચારસરણી આધારિત, જવાબદારીની સંપૂર્ણ સભાનતા સાથે અને લગભગ સંપૂર્ણતામાં હોવું જોઈએ. આવી બાબતો ક્યારેક આકસ્મિક ઘટના સમાન હોઈ શકે, પણ દર વખતે નહીં. સ્થપતિના પ્રયત્નો તો સભાનતાપૂર્વકના જ હોવા જોઈએ.

સમાજમાં એ સંવેદનશીલતા તો છે જ કે જેથી સ્થાપત્યનો નમૂનો જોઈને કહી શકે કે તેની રચનામાં કેટલી ગંભીરતા હશે અને કેટલી ‘આડેધડતા’ હશે. સ્થાપત્યની જે રચનામાં સ્થપતિની જાગૃતિ, સંવેદનશીલતા તથા સુ-સર્જનાત્મકતા અનુભવાતી હોય, જેમાં જરૂરી સરળતા સાથે રસ જળવાયેલો હોય, સ્થાપત્યની વિવિધ બાબતો ગૌરવની અનુભૂતિ કરાવતી હોય, ત્યાં કુદરત સાથે મજાનો સંવાદ સ્થાપિત થતો હોય, ભૂત-વર્તમાન-ભવિષ્યનો સુસંગત સમન્વય પ્રતીત થતો હોય, આધુનિકતા અને પરંપરા વચ્ચે સંતુલન જળવાતું હોય, ચોક્કસ પ્રકારની મોકળાશ અનુભવવાની જ્યાં સંભાવના હોય, જ્યાં કોઈ બાબત સકારાત્મકતાથી સ્પર્શી જતી હોય, સમગ્ર અસ્તિત્વ સાથે જ્યાં વ્યવસ્થિત ટ્યુનિંગ હોય, આંખને રસપૂર્વક ઠંડક આપી શકે તેવી દૃશ્ય-અનુભૂતિ હોય અને તે બધાં સાથે લાગુ કરવામાં આવેલા રચનાના સિદ્ધાંતમાં શુદ્ધતા જળવાઈ હોય તો જ સ્થાપત્યની વાસ્તવિક પ્રશંસા શક્ય બને.

શું બાકાત રાખવું છે અને શેનો સમાવેશ કરવો છે, શેની સાથે સમરસતા સાધવી છે અને ક્યાં વિપરીત પરિસ્થિતિ માન્ય રાખવી છે, ક્યાં ભાવનાત્મક જોડાણ જોઈએ છે અને ક્યાં અલિપ્તતા સ્થાપિત કરવી છે, ક્યાં સરપ્રાઈઝ-આશ્ચર્યજનક સ્થિતિ જોઈએ છે અને ક્યાં કન્સિસ્ટન્સી-સુસંગતતા માન્ય રહેશે, ક્યાં ભવ્યતા સ્થાપવી છે તો ક્યાં ગૌણ સ્થિતિ જરૂરી છે, ક્યાં જટિલતા ઇચ્છનીય રહેશે અને ક્યાં સરળતા જ હોવી જોઈએ, ક્યાં કળાત્મકતાને મહત્ત્વ મળવું જોઈએ અને ક્યાં તકનીકી બાબતોનું પ્રભુત્વ સ્વીકૃત રહેવું જોઈએ, કઈ પરિસ્થિતિમાં વ્યક્તિ કેન્દ્રમાં રહેવી જોઈએ અને કઈ પરિસ્થિતિ સમાજલક્ષી હોવી જોઈએ - સ્થાપત્યની આ બધી સંવેદનશીલ બાબત છે. તેના નિર્ધારણમાં જેટલી સંવેદનશીલતા વધુ, સ્થાપત્ય એટલું જ પ્રશંસનીય બને.







પ્રશંસા હેતુ આધારિત હોવી જોઈએ. જો હેતુ સિદ્ધ થતો હોય તો રચના સારી છે એમ કહી શકાય. ફરીથી એ અહીં સ્પષ્ટ કરી દઈએ કે હેતુ એ માત્ર ઉપયોગિતાલક્ષી બાબત નથી. હેતુ ભાવનાત્મક પણ હોઈ શકે, મનોવૈજ્ઞાનિક પણ હોઈ શકે, સાંસ્કૃતિક પણ હોઈ શકે, સામાજિક પણ હોઈ શકે અને સાંજોગિક પણ હોઈ શકે. આ બધાનો સમાવેશ થઈ જાય તે પ્રકારની પ્રશંસા સંપૂર્ણતામાં હોવી જોઈએ. મકાનની કોઈ મર્યાદિત અથવા એકલદોકલ બાબત સારી હોય તો સમગ્ર મકાનની પ્રશંસા શક્ય ન પણ બને. સંપૂર્ણતામાં અનુભૂતિ માટે મકાનના દરેક સ્થિર સ્થાન અને આવનજાવનના માર્ગ વચ્ચેનો સમન્વય પણ જરૂરી બને. મકાનનો ‘એપ્રોચ’ શો છે, મકાન સુધી કઈ રીતે પહોંચાય છે, તે સમયે મકાનની કઈ કઈ બાબતો, કેટલી માત્રામાં, કેવી રીતે અને કયા ક્રમમાં ઉજાગર થાય છે, તે પણ મહત્ત્વનું છે. સમગ્ર રચનામાં પારદર્શિતા તથા ગોપનીયતા ક્યાં અને કેવી રીતે પ્રયોજાઈ છે, મકાનના વિવિધ અંગ તથા સ્થાનને કઈ રીતે કેટલું મહત્ત્વ કયા હેતુસર અપાયું છે, આજુબાજુના લૅન્ડસ્કેપ સાથે મકાન ઇચ્છિત સંવાદ સ્થાપિત કરી શકે છે કે નહીં તથા મકાન સમય સાથે તાલ મેળવી શકે છે કે નહીં, જેવી બાબતો પણ મહત્ત્વની ગણાય. અહીં એ પણ સમજવું જરૂરી છે કે સ્થાપત્યની પ્રશંસા એ મનોરંજનનો વિષય નથી, તે ક્રિટિકલ થિંકિંગ - જટિલ વિચાર પ્રક્રિયા પછી સ્થાપિત થતો નિર્ણય છે.

સ્થાપત્યમાં મંદિરો, મહેલો, કિલ્લાઓ ઐતિહાસિક સ્મારક કે મનોરંજનનાં વિશેષ સ્થાનો જ અગત્યનાં નથી. સ્થાપત્ય જીવનના તમામ તબક્કા સાથે વણાયેલું છે. તેથી જ નગર આયોજનથી શરૂ કરીને ઓરડાની નાની બારીની ગોઠવણ સુધીની દરેક ક્રિયામાં, તે માટેનાં દરેક નિર્ણયમાં ચોક્કસ પ્રકારની સંવેદનશીલતા જરૂરી છે. જો આ પ્રમાણે થયું હોય તો ચોક્કસ સ્થાપત્ય પ્રશંસા પામે અને તેનાથી લોકો પ્રસન્નતા અનુભવે. સ્થાપત્ય એક સમાવેશીય ઘટના છે જેનું આયુષ્ય પ્રમાણમાં ઘણું લાંબું હોવાથી તેમાં સંવેદનશીલતાની અને સર્જનાત્મકતાની વધુ જરૂર રહે. ■

સ્પોર્ટ્સ મૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ૧૮ વર્ષની આઇપીએલમાં ૧૩ વર્ષનો વૈભવ ને ૪૩ વર્ષનો ધોની મચાવશે ધમ્માલ

ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય, ખેલાડીઓને સૌથી વધુ પૈસા કમાવી આપતી અને (પાકિસ્તાન તથા બાંગ્લાદેશને બાદ કરતા) વિશ્વના અનેક દેશોના ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં નવી દિશા અપાવતી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની નવી મોસમ આજે શરૂ થઈ રહી છે. ફરી એકવાર ધમાકેદાર અને રોમાંચક ઇનિંગ્સ જોવા મળશે, બૅટર્સના હાથે ધમાકાઓ થશે અને બોલર્સ પણ પોતાની કાબેલિયતથી બાજી ફેરવી નાખવા કોઈ કસર બાકી નહીં રાખે. પોણાબે મહિના સુધી ક્રિકેટજગતમાં આઇપીએલની જ બોલબાલા હશે અને કંઈ કેટલાયે ખેલાડીઓની કરીઅરમાં નવો ઊંચો ગ્રાફ જોવા મળશે.

૧૮ વર્ષની ટીનેજ વયની આઇપીએલની આ વખતની સૌથી મોટી વિશેષતા એ છે કે એમાં ૧૩ વર્ષનો વૈભવ સૂર્યવંશી સૌથી યુવાન ખેલાડી તરીકેનું નામ અંકિત કરશે અને બીજી બાજુ ૪૩ વર્ષનો મહેન્દ્રસિંહ ધોની (કદાચ તેની આખરી બની રહેનારી આ આઇપીએલમાં) હેલિકૉપ્ટર શૉટ તેમ જ વિકેટકીપિંગના કરતબ બતાવતો જોવા મળશે.

૨૦૦૮ની ૧૮મી એપ્રિલે બૅન્ગલોરમાં રાત્રે ૮.૦૦ વાગ્યે રૉયલ ચૅલેન્જર્સ બૅન્ગલોર (આરસીબી)ના પેસ બોલર પ્રવીણ કુમારના બૉલ સાથે સૌપ્રથમ આઇપીએલનો આરંભ થયો હતો. કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે એ ઐતિહાસિક મૅચ હતી, સૌરવ ગાંગુલી સ્ટ્રાઇક પર હતો અને પ્રવીણ કુમારના એ બૉલમાં કેકેઆરને લેગ બાયમાં પહેલો રન મળ્યો હતો. ગાંગુલીના સામા છેડે બ્રેન્ડન મૅક્લમ હતો જેણે ઝહીર ખાનની બીજી જ ઓવરમાં ત્રણ ફોર તથા એક સિક્સર ફટકારીને ધમાકેદાર શરૂઆત કરી હતી અને પ્રવીણ કુમારની ૨૦મી ઓવરના આખરી બૉલમાં સિક્સર સાથે પોતાની ઐતિહાસિક ઇનિંગ્સનું સમાપન કર્યું હતું. ૭૩ બૉલમાં ૧૩ સિક્સર અને ૧૦ ફોરની મદદથી અણનમ ૧૫૮ રન બનાવીને મૅક્લમે આઇપીએલને યાદગાર ઓપનિંગ કરાવી આપ્યું હતું. કેકેઆરે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૨૨ રન બનાવ્યા હતા અને એના જ બોલર્સ (ટીમ ઇન્ડિયાના વર્તમાન ચીફ સિલેક્ટર) અજિત આગરકર તેમ જ અશોક ડિન્ડા, સૌરવ ગાંગુલી, લક્ષ્મી રતન શુક્લા, ઇશાંત શુક્લાએ આરસીબીની ટીમને માત્ર ૮૨ રનમાં તંબુ ભેગી કરાવીને કેકેઆરને ૧૪૦ રનથી વિજય અપાવ્યો હતો.

હવે આપણે ૧૩ વર્ષના બૅટર વૈભવ સૂર્યવંશી અને ૪૩ વર્ષના લેજન્ડરી વિકેટકીપર-બૅટર ધોનીની વાત પર પાછા આવીએ. ૨૦૦૮માં આઇપીએલની પ્રથમ સીઝન રમાઈ ત્યારે વૈભવ સૂર્યવંશીનો જન્મ પણ નહોતો થયો અને હવે તે રાજસ્થાન રૉયલ્સના ફ્રેન્ચાઇઝી પાસેથી ૧.૧૦ કરોડ રૂપિયાનો કૉન્ટ્રૅક્ટ મેળવીને પોતાની ટૅલન્ટ બતાવવા તૈયાર થઈ ગયો છે. રાજસ્થાનના બૅટિંગ-કોચ વિક્રમ રાઠોરના મતે ટૅલન્ટેડ વૈભવને શરૂઆતથી જ પ્લેઇંગ-ઇલેવનમાં સ્થાન ન પણ મળે, ટીમની જરૂરિયાત અને વ્યૂહરચના મુજબ તેને રમાડવા વિશે વિચાર કરવામાં આવશે.'



ટૉપ ઑર્ડરના લેફ્ટ-હૅન્ડ બૅટર વૈભવ સૂર્યવંશીમાં કેટલી ક્ષમતા અને કાબેલિયત છે એની ચોક્કસપણે કોઈને પણ જાણ નથી એટલે રાજસ્થાન રૉયલ્સ સામે રમનારી ટીમના બોલર્સ તેની સામે વધુ સાવધ થઈને બોલિંગ કરશે. ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમ સામે ફક્ત ૫૮ બૉલમાં ૧૦૦ રન પૂરા કરીને યુથ ટેસ્ટમાં ભારતીયોમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન બનેલા વૈભવે અન્ડર-૧૯ એશિયા કપમાં બે હાફ સેન્ચુરી પણ ફટકારી હતી. તે બિહારમાં એક અન્ડર-૧૯ ટૂર્નામેન્ટમાં અણનમ ટ્રિપલ સેન્ચુરી ફટકારી ચૂક્યો છે અને આ ત્રણ-ચાર ઇનિંગ્સે તેને આઇપીએલનો સૌથી યુવાન કરોડપતિ બનાવી દીધો છે.

એમએસ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી પાંચ વર્ષ પહેલાં નિવૃત્તિ લીધી હતી. ૨૦૨૩માં પોતાની કૅપ્ટન્સીમાં તેણે ઘૂંટણની ઈજા છતાં ભારે સંઘર્ષ કરીને સીએસકેને પાંચમું ટાઇટલ અપાવ્યું અને પછી બીજા જ અઠવાડિયે મુંબઈમાં ઘૂંટણની સર્જરી કરાવી ત્યારે ઘણાને એવું લાગતું હતું કે ધોની હવે ફરી આઇપીએલમાં નહીં જોવા મળે. જોકે ભલભલા હરીફ ખેલાડીને નમાવી દે એવો આ મહારથી ૨૦૨૪ની આઇપીએલમાં પણ રમ્યો હતો અને હવે ૧૮મી આઇપીએલમાં પણ રમવા તેણે પાકી તૈયારી કરી લીધી છે.



ધોનીએ જીવનના ૪૦મા વર્ષમાં પ્રવેશ કર્યો ત્યાર પછીના સાડાત્રણ વર્ષમાં આઇપીએલમાં ૫૩ મૅચ રમ્યો છે. ટી-૨૦ મૅચમાં બૅટર માટે સ્ટ્રાઇક-રેટ (દર ૧૦૦ બૉલ દીઠ બનાવેલા રન) સૌથી અગત્યનો કહેવાય. ધોનીએ છેલ્લી આ ૫૩ મૅચમાં ડેથ ઓવર્સમાં (છેવટની ઓવર્સમાં) ૨૦૯.૮૩ના સ્ટ્રાઇક-રેટ સાથે રન બનાવ્યા છે જે આ ટૂર્નામેન્ટના તમામ ખેલાડીઓમાં સર્વોત્તમ છે. હિન્રિક ક્લાસેન (૨૦૯.૦૨) બીજા સ્થાને અને દિનેશ કાર્તિક (૧૯૯.૨૯) ત્રીજા નંબરે છે.

અઢારમી આઇપીએલ સોળે કળાએ ખીલશે ત્યારે કંઈક નવું જોવા મળશે, કોઈક નવા જ ખેલાડીના બૅટથી ધમાકા જોવા મળશે અને દુનિયાની કોઈ જ લીગ ટૂર્નામેન્ટમાં ન જોવા મળ્યું હોય એવું કંઈક જોવા મળશે. જોકે આપણે આ લેખમાં જે બે ખેલાડી પર ફોકસ રાખ્યું તેમના પર સૌની નજર રહેશે. વૈભવે ઉજ્જવળ ભવિષ્ય માટે ચમકવું જ પડશે અને ધોની ફેરવેલ બની શકે એવી આ ટૂર્નામેન્ટમાં યાદગાર પર્ફોર્મ કરવા કોઈ કસર નહીં છોડે એમાં કોઈ શક નથી. ■

---

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# અર્થ ઉર્ફે પૈસા યાને ઈકોનોમિક્સની ઈતિશ્રી!

## આજકાલ શેરબજાર હલેલી છે ને દુનિયા ચિંતામાં ડૂબેલી છે ત્યારે...

આમ તો આખી દુનિયા જ પૈસાનું બજાર છે, પણ એમાંયે એક ખાસ હોય છેઃ 'મનીમાર્કેટ'!

તમે શાક માર્કેટ સાંભળ્યું હશે, ફ્રુટ માર્કેટ સાંભળ્યું હશે, પણ એક હોય છે 'મનીમાર્કેટ'... આ મનીમાર્કેટની એક પોઝિશન હોય છે, જે હંમેશા 'ટાઈટ' જ ચાલતી હોય છે. કોઈ પણ પૈસાવાળાને પૂછશો તો એ કહેશેઃ 'આજકાલ પોઝિશન જરા 'ટાઈટ' ચાલે છે!' એ લોકો ભલે ઢીલા-ઢાલા હોય છે - અહીંથી ઢીલા, ત્યાંથી ઢીલા, પણ માર્કેટ હંમેશાં 'ટાઈટ' જ રહે છે. પૂછીએ કે શું થયું? તો જવાબ મળશે : 'શું થાય બેંકે હાથ ખેંચી લીધો!'

વેલ, હવે કોઈ છોકરી હાથ ખેંચી લે તો સમજાય, પણ આખેઆખી બેંક કેવી રીતે હાથ ખેંચી લે?

બજાર તો બજાર છે, લોકો આવે છે, લોકો જાય છે, મોંઘી મોંઘી ગાડીઓ ઊભી છે, પરંતુ કોઈને પણ પૂછો તો કહેશેઃ

'આજકાલ બજારમાં મંદી છે!'

શું થયું ?

'દુકાનદાર સુસ્ત છે!'

દુકાનદાર તો એની રીતે મહેનત કરે છે, પણ માલ છે કે જે વેચાતો જ નથી. જો કે હવે માલ શબ્દના ઘણા અર્થ છે, તમે એ બધા ના વિચારો. હું એ માલની વાત કરું છું, જે બજારમાં વેચાય છે. દુકાનદાર બેસી રહે તો પણ માલ વેચાય છે. ઘણી વખત માલ ન વેચાય તો દુકાનદારનું દેવાળું નીકળી જાય છે. ઘણી વખત બંને ચાલતા રહે છે. ઘણી વખત બન્ને ઊઠી જાય છે. જો કે આ દુનિયામાંથી બધાએ એક દિવસ ઉઠી જ જવાનું છે.

લોકો કહે છે, 'ધંધો ચાલે છે'. પણ ક્યાં ચાલે છે ? ક્યાંથી ક્યાં જઈ રહ્યો છે ? હાં, બસ ચાલે છે. તે ઝડપથી ચાલે છે. તો દોડતો કેમ નથી? હવે સાલી મંદી આવી ગઈ. આ મંદી પણ અજીબ છે. ખબર જ નથી ક્યાંથી આવે છે? પછી કહેશે મંદીમાં ગિરાવટ આવી છે. એક તો મંદી, ઉપરથી એમાં ગિરાવટ આવી! પણ નહીં, બધા બહુ ખુશ છે. બાપુ ! મંદીમાં ગિરાવટ આવી ગઈ! ચાલો સારું થયું. બજારમાં પૈસા આવી ગયા. પૈસા બજારમાંથી ગયા ક્યાં હતા જે પાછા આવ્યાં?

પછી ખબર પડી કે માગ વધી છે. 'ભાવ' વધી રહ્યા છે. જેવી રીતે વાંદરાને થાંભલો મળી જાય ને કેવો ચડ-ઉતર કરે છે એવી રીતે ભાવ પણ ચડ-ઉતર થતા રહે છે.

પણ પૂછોઃ 'ભાઈ, આ ભાવ વધે છે કેમ?'

'સાહેબ', અભાવમાં વધે છે. અભાવમાં તો અછત થવી જોઈએ તો આ ભાવ કેવી રીતે વધી જાય છે? ભાવ છે તો અભાવ કેમ? અભાવ છે તો ભાવ કેમ? સાલું, આપણને કશું સમજ નથી પડતી ? શું છે કે સમજવાનો સ્વભાવ નથી ને આપણો! વળી માણસનો સ્વભાવ છે કે ઘૂંઘટ રાખ્યો હોય તો મોઢું જોવાની ઈચ્છા થાય છે. આપણી ઈચ્છાઓના નખરાં વધારે છે. આપણે હાથ લાંબો કરીએ, તો બાજુમાં સરકી જાય છે.

ભાવ વધ્યા અને ગ્રાહક દુકાનથી નીચે ઊતર્યો. વળી ભાવ પણ જ્યારે વધે ત્યારે આસમાને પહોંચી જાય છે. એકદમ રોહિણી નક્ષત્રની જેમ! ખાંડના ભાવ આસમાને ચડી ગયા છે. હવે આસમાનની તરફ ઉપર જુઓ તો ખાંડના ભાવ દેખાશે. પણ લોકો ત્યાં નથી જોતા, એ લોકો સરકારની તરફ જુએ છે!

સરકાર- નેતાઓ ચિંતિત થાય છે. જ્યારે પણ તમે સાંભળો ત્યારે ખબર પડે કે સરકાર 'ચિંતિત' છે! હા, આપણે માણસને ચિંતા કરતા જોયા



છે. હું પોતે પણ ઘણી ચિંતામાં રહું છું, પણ આ સરકાર કેવી રીતે ચિંતિત થતી હશે? શું કરતી હશે? ઘૂંટણ પર માથું રાખીને બેસતી હશે? કે માથે હાથ રાખીને? કરે છે શું? ઘણીવાર તો મને ખરેખર સરકારની બહુ ફિકર થાય છે કે સતત ચિંતા કરવાથી સરકારની તબિયત ક્યાંક બગડી ના જાય!

એક તરફ આપણી સરકાર ચિંતા કરતી રહે છે અને ત્યાં વસ્તુઓની કાળા બજારી થઈ જાય છે!

'કાળા બજાર'... આ પણ એક મજાનો શબ્દ છે. જે જગ્યાએ ચારેબાજુ અજવાળું છે, લોકો એ જગ્યાને કાળા બજાર કહે છે. જ્યાં પૈસો ચમકે છે, લોકો એને કાળા રૂપિયા કહે છે. છમ છમ કરતી સુંદર લક્ષ્મી છે, લોકો એને કાલી લક્ષ્મી કહે છે. શું કાળો, શું સફેદ? શું ગોરા, શું શ્યામ? પણ લોકો છે કે સફેદને કાળું અને કાળાને સફેદ કરવામાં હંમેશાં પરેશાન રહે છે. 'મોરા ગોરા રંગ લઈ લે, મોહે શ્યામ રંગ દઈ દે.'

ઇકોનોમિક્સ કે માર્કેટમાં એક 'સાખ' હોય છે જે 'જામી' હોય છે. જેવી રીતે ધીમે ધીમે દહીં જામી જાય છે એવી જ રીતે ધીમે ધીમે 'સાખ' પણ 'જામી' હોય છે. માણસ ઊખડી જાય પણ એની 'સાખ' જામી રહે છે! ઘણી વખત માણસ 'જામી' જાય છે ને એની 'સાખ' ઊખડી જાય છે!

અહીં એક હોય છે 'દેવાળું', જે નીકળે છે. લોકો કહે છેઃ 'આનું દેવાળું નીકળી ગયું' અથવા 'પછડાય ગયો'. બિચારુ દેવાળું યા તો નીકળે છે અથવા પછડાય છે!

મેં એક દુકાનદારને પૂછ્યું, 'કેમ સાહેબ! તમારું દેવાળું નીકળ્યું?' તો એ મને ગુસ્સાથી જોવા લાગ્યો : નથી નીકળ્યું! શું કામ નીકળે?

મેં કહ્યું : 'અહીં ના નીકળ્યું તો ઘરમાં નીકળ્યું હશે?' એ વધારે ગુસ્સે થયા. કમાલ છે ને? અરે, જે વસ્તુ નીકળી નથી એ ઘરમાં જ હશે. જો દેવાળું ખરાબ વસ્તુ છે તો કાઢો એને ઘરમાંથી! જો એ સારી વસ્તુ છે તો કહેતા કેમ શરમાઓ છો કે અમારા ઘરમાં દેવાળું છે?!

બધા શબ્દોનો એક જ અર્થ થાય છે, પરંતુ 'અર્થ' શબ્દોનો એક જ અર્થ થાય છે, 'પૈસા'. પૈસા જ સાચો અર્થ છે. જડમાં આ જડ છે. ચેતનમાં આ ચેતન છે. માણસ જીવનને અર્થ આપવા માંગે છે એટલે કે જીવનને પૈસા આપવા માગે છે. જીવનને સાર્થક બનાવવા માગે છે. માણસનું આખું જીવન એક અર્થની શોધમાં જ નીકળી જાય છે. જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એનું શબ સ્મશાનમાં લઈ જવાય છે. એ સમયે લોકો કહે છે આની અર્થી જઈ રહી છે. સાચું જ કહેવાય છે કે જે શરીરનું આખું જીવન 'અર્થ' કમાવવાના ચક્કરમાં રહ્યું, મૃત્યુ પામ્યા ત્યારે એ શરીરને 'અર્થી' કહી તો એમાં ખોટું શું છે?! ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| આદત | જરજોખમ |
| આવરદા | ઘર |
| આવાસ | આગ |
| આંગડ | ઉંમર |
| અનલ | લત |

## ઓળખાણ પડી?



કર્ણાટકના બીજાપુરમાં આવેલા ઐતિહાસિક સ્મારકની ઓળખાણ પડી? વિશ્વના બીજા નંબરનું ઊંચું સ્મારક જોવા સહેલાણીઓ ઊમટે છે.

અ) મહાબલિપુરમ બ) ગોળ ગુંબજ ક) હમ્પી ડ) બેલમ ગુફા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | ર્વ | ૨ ત્રિ | ક | | ૩ કે | ૪ ફિ | ય | ત | |
| ગ | | ભુ | | ૫ અ | વા | ક | | | ૬ મ |
| ૭ મ | ના | વ | | પા | | ૮ ર | જે | ૯ ર | જ |
| ટે | | ૧૦ ન | ૧૧ કા | ર | | મં | | ૧૨ સા | બુ |
| | ૧૩ વિ | | ટ | | ૧૪ ક | દી | ૧૫ ક | | ત |
| ૧૬ જિ | તા | યે | લું | | ટા | | ૧૭ મ | ૧૮ દ | |
| ૧૯ જ્ઞા | ન | | | ૨૦ આ | વ | ૨૧ ન | જા | વ | ૨૨ ન |
| સા | | ૨૩ આ | લા | પ | | ૨૪ વ | ત | | ર |
| | ૨૫ સ | ર | | ૨૬ વી | ૨૭ ગ | ત | | ૨૮ ન | વી |
| ૨૯ જ | વા | બ | | ૩૦ તી | ત | ર | બી | ત | ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | | |
| ૧૨ | | | ૧૩ | | | | | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | | | ૧૭ | ૧૮ | | | |
| | | | | ૧૯ | | | | | ૨૦ |
| ૨૧ | ૨૨ | | ૨૩ | | | | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | | ૨૮ | | | ૨૯ | |
| | | ૩૦ | | | | | | ૩૧ | |
| ૩૨ | | | | | | | ૩૩ | | |

### આડી ચાવી

૧. સાત રંગ આકાશમાં દેખાય (૫)
૪. રામાયણ, મહાભારત --- કહેવાય (૪)
૭. દ્વેષ, ઇર્ષ્યા (૨)
૯. દાદાનો --- લીધો એનો તો મેં ઘોડો કીધો (૩)
૧૧. વિષ્ણુનો પ્રતીક ગણાતો કાળો પથ્થર (૪)
૧૨. જાત, પનો, માલ (૨)
૧૩. મળો, પ્રાપ્ત થાવ (૩)
૧૪. ગરીબની --- ના લેવાય (૨)
૧૫. --- શૂરવીર જાત હોય છે (૪)
૧૭. સ્કોર લખવાનું પાટિયું (૪)
૧૯. કોરું કપડું (૩)
૨૧. પોતાનું હોવાની લાગણી (૫)
૨૪. ખોટો અર્થ, આફત, જુલમ (૩)
૨૬. સ્તુતિ, વખાણ (૨)
૨૭. રસ પડે એવું (૪)
૨૯. એક શિકારી પ્રાણી (૨)
૩૦. બંધી, મનાઇ (૨)
૩૧. ઝૂડો, સમૂહ (૨)
૩૨. અનાદર, ધિક્કાર (૪)
૩૩. જિન, કોષનો નિયંત્રક એકમ (૩)

### ઊભી ચાવી

૧. વાદળાંની જમાવટ ગર્જના (૫)
૨. ઝંખના, બાફ, તપારો (૩)
૩. તેજ, પ્રકાશ, ઓજ (૨) (જો.છૂ.)
૫. શાસક, હુકમ કરનાર (૩)
૬. કામકાજ, ધંધો (૪)
૮. વિવિધ આકૃતિઓ જોવાનું યંત્ર (૫)
૧૦. --- ટાણું એટલે સાંજ (૩)
૧૧. બદદુવા (૨)
૧૩. અંતવાળું, મર્યાદિત, નશ્વર (૨)
૧૪. સખત, મુશ્કેલ (અં.) (૨)
૧૬. બાળકૃષ્ણે --- નો વધ કર્યો (૩)
૧૮. 'રડવું'નું આજ્ઞાર્થ (૨)
૧૯. એક ઓજાર (૩)
૨૦. અર્થ થવો કે કરવો તે (૫)
૨૧. અનુભવ (૪)
૨૨. મારા સસરાનો દીકરો (૨)
૨૩. પારકી સ્ત્રી (૪)
૨૫. ઊથલપાથલ, જાણવા જેવા સમાચાર (૪)
૨૮. વંદન (૩)
૩૦. --- મારવા એટલે ખોટાં વખાણ કરવાં (૨)

## ગુજરાત મોરી મોરી રે

વલ્લભાઈ પટેલના સચિવ તરીકે શરૂઆત કરી પછી ભારતના નાણાં પ્રધાન અને ગૃહ પ્રધાન બનેલી વ્યક્તિનું નામ જણાવો.

અ) હિતેન્દ્ર દેસાઈ બ) માધવસિંહ સોલંકી
ક) એચ એમ પટેલ ડ) જીણાભાઇ દરજી

## જાણવા જેવું

અ ગુજરાતી ભાષાના મૂળાક્ષરોમાંનો પહેલો હ્રસ્વ સ્વર અક્ષર છે. અન્ય વર્ણની મદદ વગર ઉચ્ચાર થતો હોવાથી સ્વર કહેવાય છે. ઉચ્ચાર કરતી વખતે તેનો અવાજ કંઠમાંથી નીકળતો હોવાથી કંઠસ્થ કહેવાય છે. વ્યંજનોનો પૂરો ઉચ્ચાર એની સહાયતા વિના નથી થઈ શકતો અને બોલવામાં એ સૌથી સહેલો છે.

## સુડોકુ-૮૦૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | | ૨ | ૪ | ૬ | | | |
| ૬ | | ૨ | ૧ | | | | | |
| | ૧ | | | ૭ | | | ૩ | |
| ૪ | ૬ | | | | | | ૭ | |
| | | ૫ | ૭ | | ૪ | ૧ | | |
| | ૯ | | | | | | ૪ | ૨ |
| | ૩ | | | ૮ | | | ૨ | |
| | | | | | ૫ | ૩ | | ૪ |
| | | | ૬ | ૨ | ૩ | | ૫ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૪૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૭ |
| ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૧ | ૮ | ૬ | ૩ |
| ૬ | ૧ | ૭ | ૮ | ૨ | ૩ | ૪ | ૯ | ૫ |
| ૧ | ૪ | ૮ | ૫ | ૭ | ૨ | ૯ | ૩ | ૬ |
| ૭ | ૬ | ૫ | ૧ | ૩ | ૯ | ૨ | ૪ | ૮ |
| ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૪ | ૫ | ૭ | ૧ |
| ૨ | ૯ | ૬ | ૩ | ૫ | ૮ | ૭ | ૧ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૯ | ૧ | ૬ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૬ | ૫ | ૯ |

## ચતુર આપો જવાબ

દુનિયા જોવાની દ્રષ્ટિ આપતી આંખો ક્યારેક બીમારીનો પણ સામનો કરે છે. વિકલ્પોમાંથી આંખની બીમારી ઓળખી કાઢો.

માથું ખંજવાળો

અ) ડાયેરિયા
બ) ગ્લુકોમા
ક) મિઝલ્સ
ડ) હિપેટાઈટિસ

## નોંધી રાખો

ખરાબ સમયમાં ખભા પર મુકેલો હાથ સફળતા વખતે વગાડેલી તાળીઓ કરતાં વધુ મૂલ્યવાન હોય છે.

## માઈન્ડ ગેમ

૨૦૦ના ૩૦% રકમને પાંચગણી કરી એમાંથી મૂળ રકમના અડધા બાદ કરતા કઈ સંખ્યા મળે એ ગણતરી કરી જણાવો.

અ) ૧૫૦ બ) ૨૦૦
ક) ૩૦૦ ડ) ૩૫૦

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સખી | બહેનપણી |
| શશી | ચંદ્ર |
| શચિ | ઈન્દ્રાણી |
| શર | બાણ |
| સગ | દીવાની જ્યોતિ |

ગુજરાત મોરી મોરી રે
કાકરાપાર

ઓળખાણ પડી
નંદુ નાટેકર

માઈન્ડ ગેમ
૧૦૦૦

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
હાથીપગો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) ધીરેન ઉદેશી (૭) ગીતા ઉદેશી (૮) પ્રતિમા પમાણી (૯) શ્રદ્ધા આશર (૧૦) ભારતી બુચ (૧૧) હર્ષા મહેતા (૧૨) લજિતા ખોના (૧૩) પુષ્પા પટેલ (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) મીનળ કાપડિયા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) ભાવના કર્વે (૨૭) નીતા દેસાઈ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) અલકા વાણી (૩૩) નુતન વિપીન શાહ (૩૪) પુષ્પા ખોના (૩૫) જગદીશ ઠક્કર (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) રમેશ દલાલ (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) મહેશ સંઘવી (૪૧) નિતિન બજરિયા (૪૨) અરવિંદ કામદાર (૪૩) હિરા જશવંતરાય શેઠ (૪૪) અતુલ જે. શેઠ

# પારસીઓ માટે પવિત્ર ભીખા બહેરામ કૂવાને ૩૦૦ વર્ષ પૂરાં



મુંબઈ: દક્ષિણ મુંબઈના ચર્ચગેટ સ્ટેશન નજીક જરથોસ્તી સમુદાયની સીમાચિહ્નરૂપ હેરિટેજ સાઈટ ભીખા બહેરામ કૂવાને શુક્રવારે ઇરાની નવા વર્ષ જમશેદી નવરોઝના દિવસે ૩૦૦ વર્ષ પૂર્ણ થયા છે. મુંબઈના પારસીઓ માટે આ કૂવો પવિત્ર જગ્યા છે. શહેરના સૌથી જૂના મીઠા પાણીના કૂવાની ઓળખ ધરાવતા આ કૂવાનું નિર્માણ ૧૭૨૫માં ભીખાજી બહેરામ પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્યોગપતિ ભીકાજી તરસ્યા મુસાફરો અને સ્થાનિક લોકોની દુર્દશાથી વ્યથિત થયા હતા. લોકોની સમસ્યા દૂર કરવાના આશય સાથે તેમણે બારે માસ પાણી પૂરું પાડી શકે એવો એક કૂવો ખોદવાનું કામ હાથ ધર્યું હતું.

કૂવાના છત્રવાળા પરિસરમાં માત્ર પારસીઓ જ જઈ શકે છે, પરંતુ પાછળની બાજુએ આવેલા નળ દ્વારા ઉપલબ્ધ થતા કૂવાના પાણીનો ઉપયોગ તમામ સમુદાયો દ્વારા થઈ શકે છે. કૂવાનું મૂળ કાર્ય, લોકોને પાણી પૂરું પાડવાનું, ૩૦૦ વર્ષ પછી પણ ચાલુ છે. આ ત્રિશતાબ્દીની ઉજવણીની શરૂઆત શુક્રવારે જશ્ન સાથે થઈ હતી. જશ્ન એક ધાર્મિક વિધિ છે જેમાં પારસી-જરથોસ્તી સમુદાયના સભ્યો હાજર રહ્યા હતા.

શનિવારે અવા રોજ અથવા પાણીના વાલી દેવદૂતને સમર્પિત દિવસ છે અને આ દિવસે કૂવામાં પ્રાર્થના કરવામાં આવશે.

શુક્રવારે ઇરાનના નવા વર્ષ અથવા જમશેદમી નવરોઝના દિવસે યોજાયેલા ત્રિશતાબ્દિ સમારંભમાં બચી કરકરિયા દ્વારા સંપાદિત 'વોટર નમહ: મુંબઈના ભીખા બહેરામ વેલના ૩૦૦ વર્ષ' નામના સ્મારક ગ્રંથનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.



ભીખા બહેરામ કૂવા પરિસરમાં ગઈ કાલે ખાસ સમારંભ યોજાયો હતો. (અમય ખરાડે)

મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરને પત્ર લખી કૂવા નજીકના વિસ્તારને 'ભીખા બહેરામ ચોક' નામ આપવા જણાવ્યું છે. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્રની શાળાઓમાં સીબીએસઇ શૈક્ષણિક પેટર્નનો અમલ કરાશે

## ૧૫ જૂન પહેલાં ધોરણ પહેલાનાં પાઠ્ય પુસ્તકો ઉપલબ્ધ કરાશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે રાજ્ય સંચાલિત શાળાઓના અભ્યાસક્રમને રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એનસીઈઆરટી) માળખા સાથે સંરેખિત કરવાનું શરૂ કર્યું છે, જેની શરૂઆત ૧૫ જૂનથી શરૂ થતા ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષથી પહેલા ધોરણથી થશે. વધુમાં રાજ્ય બોર્ડ શાળાઓ ધીમે ધીમે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની શૈક્ષણિક પેટર્નનો અમલ કરશે, જેમાં શૈક્ષણિક વર્ષ પહેલી એપ્રિલથી શરૂ થાય છે, એવું અધિકારીઓએ જણાવ્યું હતું.

નવા પહેલા ધોરણના પાઠ્યપુસ્તકો ૧૫ જૂન પહેલાં ઉપલબ્ધ થશે, જ્યારે ધોરણ ૨-૧૨ માટેનો અભ્યાસક્રમ ૨૦૨૮ સુધીમાં ધીમે ધીમે અપડેટ કરવામાં આવશે, જે એનસીઈઆરટી માળખામાં સંપૂર્ણ શિફ્ટ સુનિશ્ચિત કરશે. શાળા શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ રણજીત સિંહ દેઓલના જણાવ્યા અનુસાર નવા પહેલાં ધોરણ પુસ્તકો જરૂરી ફેરફારો પછી રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એસસીઈઆરટી) દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યા છે.

સીબીએસઈ-સંરેખિત શિક્ષણ માટે દબાણ મહાયુતિ સરકારના વ્યાપક શિક્ષણ સુધારાઓનો એક ભાગ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શાળા શિક્ષણ વિભાગની સમીક્ષા બેઠકમાં રાજ્યસંચાલિત શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને અધિકારીઓને રાજ્યની જરૂરિયાતો અનુસાર સીબીએસઈ ધોરણોનો સમાવેશ કરવાની સૂચના આપી હતી.

આ પૃષ્ઠભૂમિમાં રાજ્ય શિક્ષણ વિભાગે પહેલા ધોરણથી શરૂ કરીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)ના તબક્કાવાર અમલની યોજના બનાવી છે. એનઈપી એ ભારતીય શિક્ષણ પ્રણાલીમાં સુધારા માટે કેન્દ્ર દ્વારા એક પહેલ છે, જેનો ઉદ્દેશ સર્વાંગી વિકાસ, સમાવેશતા અને સમાન તકો છે.

મહારાષ્ટ્ર સરકાર તેની શાળાઓના શૈક્ષણિક કેલેન્ડરને સીબીએસઈના શૈક્ષણિક કેલેન્ડર સાથે સંરેખિત કરવાની પણ યોજના ધરાવે છે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય પ્રસાદ લાડના રાજ્ય વિધાનસભા પરિષદમાં ૨૦૨૫-૨૬ શૈક્ષણિક વર્ષથી આ કરવામાં આવશે કે કેમ તે અંગેના પ્રશ્નના લેખિત જવાબમાં શાળા શિક્ષણપ્રધાન દાદાજી ભુસેએ ગુરુવારે જણાવ્યું હતું કે ચર્ચાઓ ચાલી રહી છે અને હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ■

### એસએસસી બોર્ડને ખલાસ કરવાનો કારસો : સુપ્રિયા સુળે

મુંબઈ: રાજ્યની સ્કૂલોમાં સીબીએસઇ પેટર્ન લાગુ કરવાના નિર્ણયનો એનસીપી-એસપીનાં નેતા સુપ્રિયા સુળેએ વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્ર રાજ્યની શિક્ષણની ઉજ્જ્વળ પરંપરા છે, તેને દુર્લક્ષ કરીને અન્ય બોર્ડનું અનુકરણ કરવાનો નિર્ણય રાજ્યના એસએસસી બોર્ડને સંપૂણ રીતે ખલાસ કરવાનું આ ષડ્યંત્ર છે એવો આક્ષેપ સુપ્રિયા સુળેએ કર્યો હતો. આ બાબતે પ્રશાસને ફરી વિચારણા કરવી એવી વિનંતી પણ તેમણે કરી હતી. મહારાષ્ટ્રમાં સંત સમાજ સુધારકોની મોટી પરંપરા છે. સંતોએ લોકશિક્ષણનું કામ તેમના અભંગો અને કીર્તનોથી કર્યું હતું. એવામાં અન્ય બોર્ડને લાગુ કરવાથી અભિજાત દરજ્જો મેળવેલી મરાઠી ભાષાને કેટલું સન્માન મળશે, એવો સવાલ પણ સુપ્રિયા સુળેએ ઉઠાવ્યો હતો.

# ફૂટ ઓવરબ્રિજ પછી જ સાયનનો પુલ તોડવામાં આવશે: મધ્ય રેલવે

મુંબઈ: પૂર્વ-પશ્ચિમ પદયાત્રીઓનો ફૂટબ્રિજ નહીં બને ત્યાં સુધી સાયન બ્રિજ સંપૂર્ણપણે તોડી પાડવામાં નહીં આવે એવી ખાતરી મધ્ય રેલવેએ આપી છે. પૂર્વ તરફના જાહેર શૌચાલયને દૂર કરવા અને બેસ્ટ કેબલના સ્થળાંતર સહિતના કેટલાક પ્રારંભિક પગલાં લેવામાં આવ્યા છે અને માત્ર પુલની પૂર્વ તરફની લેનને જ હાલ પૂરતી સંપૂર્ણપણે તોડી પાડવામાં આવશે. અહેવાલો અનુસાર જ્યાં સુધી ફૂટ ઓવરબ્રિજ તૈયાર નહીં થાય ત્યાં સુધી પશ્ચિમ તરફની લેન કાર્યરત રહેશે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો અને સ્થાનિક નેતાઓના સખત વિરોધને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ લોકોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈકલ્પિક માર્ગ વિના ડિમોલિશન આગળ ન વધવું જોઈએ. સાયન સ્ટેશન નજીક અવર લેડી ઓફ ગુડ કાઉન્સેલ અને સાધના વિદ્યાલય જેવી શાળાઓ આવેલી હોવાથી આ પુલ આંશિક રીતે બંધ થવાને કારણે વિદ્યાર્થીઓને તેમની સ્કૂલ બસ અને વેનમાં ચઢવા માટે વધુ ચાલવાની ફરજ પડી છે.

આ સમસ્યા દૂર કરવા માટે મધ્ય રેલવેએ હાલના માળખાના દક્ષિણ છેડે ૫૬ મીટર લાંબા અને ૩ મીટર પહોળા પદયાત્રી ફૂટ ઓવરબ્રિજની દરખાસ્ત રજૂ કરી છે. આ નવા પુલનો હેતુ ધારાવીમાં આવતા-જતા વિદ્યાર્થીઓ સહિત મુસાફરો માટે કનેક્ટિવિટી જાળવવાનો છે. જો કે, આ પ્રોજેક્ટને હજી મુંબઈ મહાનગરપાલિકાની મંજૂરી નથી મળી. ■

# પરભણીમાં સૂર્યવંશીના કસ્ટોડિયલ મૃત્યુ માટે પોલીસ દોષી: તપાસનું તારણ

મુંબઈ: પરભણી જિલ્લામાં ગયા વર્ષે સોમનાથ સૂર્યવંશીના કસ્ટોડિયલ મૃત્યુની મેજિસ્ટ્રેટ તપાસમાં તારણ કાઢવામાં આવ્યું છે કે પોલીસ તેના માટે જવાબદાર હતી, એવું મહારાષ્ટ્ર રાજ્ય માનવ અધિકાર પંચે જણાવ્યું છે.

સૂર્યવંશીના મૃત્યુ અંગેની ફરિયાદોની સુનાવણી કરી રહેલા એમએમએચઆરસીએ ૨૦ માર્ચે મુખ્ય સચિવ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ, અધિક પોલીસ મહાનિર્દેશક સીઆઈડી (ગુનાઓ) અને નાયબ પોલીસ અધિક્ષક (સીઆઈડી) પરભણીને નોટિસ ફટકારી હતી, જેમાં આ મામલે તેમના અહેવાલો માગવામાં આવ્યા હતા. ૩૫ વર્ષીય સૂર્યવંશીનું ૧૫ ડિસેમ્બરે ન્યાયિક કસ્ટડીમાં પરભણીની એક સરકારી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. કમિશને કહ્યું કે તેણે "વિરોધાભાસી આદેશો ટાળવા" માટે આ ઘટના સંબંધિત અનેક ફરિયાદોને એકઠી કરી છે. મેજિસ્ટ્રેટ તપાસના અહેવાલનું અવલોકન કરવાથી જાણવા મળે છે કે ન્યાયિક મેજિસ્ટ્રેટે તારણ કાઢ્યું છે કે સૂર્યવંશી પર પરભણીના નવા મોઢા પોલીસ સ્ટેશનમાં હુમલો કરવામાં આવ્યો હતો, એવું કમિશને નોંધ્યું હતું. મેજિસ્ટ્રેટના જણાવ્યા મુજબ, તેમના અહેવાલમાં જણાવાયેલા પરભણી પોલીસ અધિકારીઓ સૂર્યવંશીના કસ્ટોડિયલ મૃત્યુ માટે જવાબદાર છે, એમ તેમણે ઉમેર્યું હતું. કમિશને રાજ્ય સરકાર અને પોલીસ અધિકારીઓને નોટિસ આપીને આ બાબતે તેમના અહેવાલો માગ્યા હતા. ■

# મહિલા સહકર્મચારીના વાળ પર ગીતો ગાવા એ કંઇ જાતીય સતામણી નથી: હાઇ કોર્ટ

મુંબઈ: કાર્યસ્થળે મહિલા સહકર્મચારીના વાળ પર ગીતો ગાવા કે તેના પર કંઇ ટિપ્પણી કરવી એ જાતીય સતામણી ન હોવાનું બોમ્બે હાઇ કોર્ટે કહી એક ખાનગી કંપનીના વરિષ્ઠ અધિકારીને રાહત આપી હતી.

૧૮મી માર્ચે કોર્ટે આપેલા ચુકાદામાં જણાવાયું હતું કે જો અરજદાર સામેના આક્ષેપોને સત્ય તરીકે પણ સ્વીકારવામાં આવે તો તેનાથી જાતીય સતામણી થઇ હોવાનું નક્કર રીતે સાબિત થતું નથી.

પુણેમાં એચડીએફસી બેંકમાં કામ કરતા વિનોદ કચવને બેંકની ઇન્ટરનલ કમ્પ્લેઇન્ટ્સ કમિટીએ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વિમેન એટ વર્કપ્લેસ (પ્રીવેન્શન, પ્રોહિબિશન એન્ડ રિડ્રેસલ) એક્ટ, ૨૦૧૩ (જદેપ એક્ટ) હેઠળ દોષી ઠરાવવાના અહેવાલને ઇન્ડસ્ટ્રીલ કોર્ટમાં પડકારી હતી, પરંતુ કોર્ટે જુલાઈ ૨૦૨૪માં તેની અરજી ફગાવી દીધી હતી. ઇન્ડસ્ટ્રીયલ કોર્ટના નિર્ણય સામે વિનોદ કચવેએ હાઇ કોર્ટમાં ધા નાખી હતી.

બેંકની કમિટીના અહેવાલ અનુસાર કચવેએ બેંકની ડેપ્યુટી રિજનલ મેનેજર સાથે ગેરવર્તન કર્યું હતું.

બેંકની મહિલા કર્મચારીએ ફરિયાદ કરી હતી કે કચવે દ્વારા તેના વાળ પર ગીતો ગાવામાં આવે છે અથવા અમુક ટિપ્પણીઓ કરે છે. આ સિવાય અન્ય મહિલા સહકર્મચારીઓની હાજરીમાં પુરુષ કર્મચારીઓના પ્રાઇવેટ પાર્ટ્સ વિશે કથિત ટિપ્પણી કરતો હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

હાઇ કોર્ટે કહ્યું હતું કે બેંકની સિમિતએ અરજદાર દ્વારા જે કરવામાં આવ્યું તે જાતીય સતામણી હતી કે નહીં એ વિશે વિચાર્યું જ નથી જો તેની સામેના આક્ષેપો સાબિત પણ થાય તો પણ અરજદારે જાતીય સતામણી માટેનું કોઇ કૃત્ય કર્યુ હોવાનું સ્વીકારવું મુશ્કેલ છે. હાઇ કોર્ટે બેંકનો સપ્ટેમ્બર, ૨૦૨૨નો ઇન્ટરનલ રિપોર્ટ તથા ઇન્ડસ્ટ્રીયલ કોર્ટનો નિર્ણય રદ કર્યો હતો. ■

## ગુજરાત

# અમદાવાદથી રાજકોટ છ લેન નેશનલ હાઈવે પ્રોજેક્ટનું ૯૮ ટકા કામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરકાર રાજ્યના વિકાસને વેગ આપવા કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે. રાજ્યમાં અનેક પ્રકારની વિકાસ યોજનાઓ પર કામ ચાલી રહ્યું છે. આ પૈકીના ઘણા પ્રોજેક્ટનું નિર્માણકાર્ય પૂર્ણતાના આરે છે. આ યાદીમાં નેશનલ હાઈવે રોડ પ્રોજેક્ટ પણ છે, જેનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થવા જઈ રહ્યું છે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ લોકો માટે અમદાવાદથી રાજકોટ જવું વધુ સરળ બનશે. અમે વાત કરી રહ્યા છીએ અમદાવાદ-રાજકોટ છ લેન નેશનલ હાઈવેની. તાજેતરમાં ગુજરાતના સહકાર રાજ્યપ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટનું ૯૮ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. જગદીશ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ-રાજકોટ છ લેન નેશનલ હાઈવેની કુલ લંબાઈ ૧૯૭ કિલોમીટર છે, જેમાંથી પ્રથમ તબક્કામાં ૧૯૩ કિલોમીટર સુધીનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. એનો અર્થ એ છે કે ૯૮ ટકા કામ ભૌતિક રીતે પૂર્ણ થઈ ગયું છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ બનાવવા માટે રાજ્ય સરકારે કુલ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અમદાવાદ-રાજકોટ છ લેન રોડનું બાંધકામ પૂર્ણ થયા બાદ બંને શહેરો વચ્ચેનો મુસાફરીનો સમય ઘટશે. આ રોડ પરથી કુલ મુસાફરીનો સમય ઘટીને ૨.૩૨ કલાક થવાનો અંદાજ છે. આનાથી નાગરિકોની લગભગ ૩૦થી ૪૫ મિનિટની બચત થશે. આ સિવાય તેનાથી તેમના ઈંધણની પણ ૧૦થી ૧૫ ટકા બચત થશે. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઇવે પર કુલ ૩૮ ફ્લાયઓવર-અંડરપાસ સ્ટ્રક્ચરનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાંથી ૩૪ ફ્લાયઓવર-અંડરપાસ સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થઈ ગયું છે, હાલમાં ૪ સ્ટ્રક્ચરનું કામ ચાલી રહ્યું છે. ■

# ગુજરાત હાઈ કોર્ટમાં આઠ નવા ન્યાયાધીશોની નિમણૂક, સુપ્રીમ કોર્ટ કોલેજિયમની મંજૂરી

અમદાવાદ: દેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાના નેતૃત્વ હેઠળની સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ગુજરાત રાજ્યની લોઅર જ્યુડીશિયરી (ટ્રાયલ કોર્ટ)માં ફરજ બજાવતા આઠ ન્યાયિક અધિકારીઓને બઢતી આપીને તેમને ગુજરાત હાઈ કોર્ટના ન્યાયાધીશો તરીકે નિમણૂકના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. સીજેઆઈની આગેવાની હેઠળના કોલેજિયમમાં જસ્ટિસ બીઆર ગવઈ અને સૂર્યકાંતનો પણ સમાવેશ થતો હતો. સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર અપલોડ કરાયેલા નિવેદન મુજબ કોલેજિયમની બેઠક ૧૯ માર્ચે થઈ હતી.

એક નિવેદન અનુસાર, બેઠકમાં સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ૮ ન્યાયિક અધિકારીઓની ગુજરાત હાઈ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂકની દરખાસ્તને મંજૂરી આપી હતી, જેમાં લિયાકત હુસૈન શમસુદ્દીન પીરઝાદા, રામચંદ્ર ઠાકુરદાસ વાછાણી, જયેશ લખનશીભાઈ ઓડેદરા, પ્રણવ મહેશભાઈ રાવલ, મૂળચંદ ત્યાગી, દીપકલાલ મનસુખલાલ વ્યાસ, ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈ અને રોહનકુમાર કુંદનલાલ ચૂડાવાલનો સમાવેશ થાય છે. ગુજરાત હાઈ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા ૩૨ છે, આ વધુ આઠ ન્યાયમૂર્તિઓની બહાલી કેન્દ્રમાંથી આવશે ત્યાર બાદ ગુજરાત હાઈ કોર્ટના ન્યાયમૂર્તિઓનું કુલ સંખ્યાબળ ૪૦નું થશે. ■

# વિધાનસભ્ય અધ્યક્ષની ધારાસભ્યો-પ્રધાનો અને સચિવોને શિસ્તમાં રહેવાની ટકોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી ગૃહમાં શિસ્ત જળવાઈ રહે તે માટે ધારાસભ્યોને અવારનવાર ટકોર કરતા રહે છે, શુક્રવારે પણ અધ્યક્ષે કડક શિક્ષકની જેમ વિધાનસભાના સભ્યોને ટકોર કરતાં કહ્યું હતું કે ધારાસભ્યો અને મંત્રીઓ અંદરો અંદર વાતો ન કરે. ઘણો સમય થઈ ગયો હવે બધાને શિખવાડવાનું ન હોય. સરખી રીતે બેસવું જોઈએ. એટલું જ નહીં ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી અને ધારાસભ્ય કિરીટ પટેલને પણ ટકોર કરી હતી.

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી ધારાસભ્યોની વર્તણૂકથી નારાજ થયા હતા અને નાછૂટકે ટકોર કરવી પડી હતી. આ પહેલાં ગુરુવારે ગૃહમાં ફોટો પાડવા બાબતે ધારાસભ્ય કાંતિ અમૃતિયા બાદ અલ્પેશ ઠાકોરને પણ ટકોર કરી હતી. શંકર ચૌધરીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ગૃહની અંદર ફોટા ન પાડવા અને મોબાઇલ ગૃહની બહાર મૂકીને આવવાની સૂચના આપી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે હવે સૂચના નહીં અપાય, ધારાસભ્યોને સીધા બહાર કાઢી મૂકવામાં આવશે. જ્યારે વિધાનસભા ગૃહમાં કાર્યવાહીની વાત આવે છે, પ્રજાના પ્રશ્નોની ચર્ચા થતી હોય છે. એવા સમયે ઘણા ધારાસભ્યો ફોનમાં મસ્ત હોય છે. કેટલાક ફોનમાં વાતો કરે છે, તો કેટલાક ફોટા પાડે છે.

વિધાનસભાના અધ્યક્ષે ગૃહમાં પ્રધાનો અને તેમના સચિવોને પણ ગૃહમાં હાજર રહેવા તાકીદ કરી હતી. અધિકારીઓને માગણીઓ પરની ચર્ચા દરમિયાન અધિકારીઓ હાજર ન રહેતાં ટકોર કરી હતી અને સંબંધિત અધિકારીઓ હાજર ન હોય તો હાજર રહેવા સૂચના અપાઈ હતી. પ્રધાન કુંવરજી હળપતિ ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ રજૂ કરી રહ્યા હતા ત્યારે આ દરમિયાન માગણીઓ રજૂ કરતી વખતે વિભાગના સચિવો હાજર ન રહેતાં અધ્યક્ષે ટકોર કરી હતી. ■

# ગુજરાતનાં ૧૦ હજારથી વધુ વસ્તીવાળાં ગામોના ક્લસ્ટર બનાવી શહેરી સ્તરની સુવિધાઓ અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે ગ્રામ્ય વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા માટે મહત્ત્વાકાંક્ષી યોજનાઓ જાહેર કરી છે. પંચાયત રાજ્ય પ્રધાન બચુભાઈ ખાબડે વિધાનસભામાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના પંચાયત પ્રભાગની રૂા. ૫,૦૯૪.૬૨ કરોડની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરી હતી જે ગૃહમાં પસાર થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે, ૧૦,૦૦૦થી વધુ વસ્તી ધરાવતાં ગામો સાથે અન્ય ગામોને સાંકળીને ક્લસ્ટર બનાવવામાં આવશે અને તેમાં શહેરી સ્તરની માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂા. ૧૦૦ કરોડની નવી જોગવાઈ સૂચવાઈ છે.

બચુભાઈ ખાબડે સ્પષ્ટ કર્યું હતું કે, આ યોજના હેઠળ મોટાં ગામો, શહેરી વિકાસ સત્તા મંડળની આસપાસનાં ગામો અને તાલુકાનાં મુખ્ય મથકો, જ્યાં નગરપાલિકા નથી, ત્યાં શહેરી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. આમાં સોલિડ વેસ્ટ મૅનેજમેન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, લિક્વિડ વેસ્ટ મૅનેજમેન્ટ, ગ્રામ્ય રસ્તાઓ, પીવાનાં પાણીની વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, ફૂટપાથ, બગીચા, ગ્રામ હાટ/બજાર, કૉમ્યુનિટી હોલ અને સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપતાં કામોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ઇકો-સેન્સિટિવ ઝોન (સેઝ)વાળાં ગામો માટે બાયો ફેન્સિંગ, ઇકો ટુરિઝમ, ઘાસચારા ઉત્પાદન, પૂર સંરક્ષણ, પ્લાસ્ટિક મૅનેજમેન્ટ, સોલિડ વેસ્ટ મૅનેજમેન્ટ યુનિટ, હોમ સ્ટે, મિનિ મોલ, વોકવે/ સાઇકલ ટ્રેક અને વોટર બોડી ડેવલપમેન્ટ જેવાં કામો માટે રૂા. ૩૫ કરોડનું બજેટ સૂચવાયું છે. ■

# વોટ બૅન્ક સામે સરકાર ઝૂકી: અમદાવાદની ચાર રબારી વસાહતોની ₹ ૩૩૨ કરોડની સરકારી જગ્યા માત્ર ૮૩ કરોડમાં આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલી રબારી વસાહતો જેમાં મ્યુનિસિપલ કૉર્પોરેશનની માલિકીની જગ્યા પર ગેરકાયદેસર દબાણો થયાં હતાં. જેને મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા તોડી પાડવામાં આવ્યાં હતાં. જેને પગલે વિવાદ સર્જાયો હતો. રબારી સમાજે સરકાર સામે આકરા શબ્દોમાં રોષ વ્યક્ત કર્યો હતો, જોકે સરકારે તેમને મનાવી લેવા માટે પ્રયાસો કર્યા હતા.

રબારી સમાજના આગેવાનો રાજ્ય સરકારમાં પ્રધાન અને નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ, મેયર પ્રતિભા જૈન સહિત કૉર્પોરેશનના ભાજપના સત્તાધીશોને મળ્યા હતા. ભૂતકાળમાં કૉર્પોરેશનમાં ઠરાવ કરીને જે રીતે રબારી વસાહત વેચાણ આપવામાં આવી હતી તે મુજબ વેચાણ આપવા માટે રજૂઆત થઈ હતી.

રાજ્ય સરકારે આ પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો, શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી ઓઢવ, અમરાઈવાડી અને જશોદાનગર જૂની તેમ જ નવી એમ ચાર જેટલાં સ્થળો પર મ્યુનિસિપલ કૉર્પોરેશનના પ્લોટ પર વર્ષો પહેલાં રબારી વસાહતો બનાવવામાં આવી હતી. હવે આ રબારી વસાહતોને વેચાણથી આપવાને મંજૂરી આપવામાં આવી હતી. ૨૧ માર્ચ ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં વર્તમાન જંત્રી દર મુજબ ૩૩૨ કરોડ રૂપિયાથી વધુની કિંમતની જમીન માત્ર ૨૫ ટકા ભાવે એટલે કે રૂા. ૮૩ કરોડમાં જ આપી દેવાનો ઠરાવ કરી રાજ્ય સરકારમાં મોકલી આપવાનો નિર્ણય લેવાયો હતો. રાજ્ય સરકાર આ અંગેની પૉલિસી અથવા તો નિર્ણય કરશે. ત્યાર બાદ આ સરકારી રહેણાક મકાનોની જગ્યા દસ્તાવેજ કરીને ફાળવી દેવામાં આવશે. જો આ ઠરાવ નવી જંત્રી પહેલાં કરવામાં આવ્યા હોત તો મ્યુનિસિપલ કૉર્પોરેશનની જગ્યાની કિંમત ૧૩૦૦ કરોડ થઈ જાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રવર્તમાન જંત્રી દર પ્રમાણે ચારે વસાહતો જે કુલ ૬.૫૭ લાખ ચોરસ મીટરની જગ્યા છે. તેની કુલ કિંમત ૩૩૨ કરોડ જેટલી થાય છે. હવે પ્રવર્તમાન જંત્રી દર મુજબ ૨૫ ટકા એટલે કે ૮૩ કરોડ રૂપિયાના ખર્ચે આપી દેવાનો નિર્ણય લેવાયો હતો. ■

# ગુજરાત માહિતી આયોગની સ્પષ્ટતા: ચોક્કસ હુકમો માત્ર સંબંધિત અરજદારને જ લાગુ પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માહિતી આયોગે રાજ્યના તમામ નાગરિકો, જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ અધિકારીઓને એક મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા અને ચેતવણી જાહેર કરી હતી. જેમાં આયોગે જણાવ્યું હતું કે, તેના દ્વારા ચોક્કસ અરજદારો માટે જાહેર કરાયેલા હુકમો ફક્ત સંબંધિત અરજદારોને જ લાગુ પડે છે અને તેનું અયોગ્ય અર્થઘટન કરીને અન્ય નાગરિકોના કેસોમાં લાગુ કરવો તે ગંભીર બાબત છે. ગુજરાત માહિતી આયોગે તાજેતરમાં થયેલી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, તેના હુકમોનું ખોટું અર્થઘટન કરીને અન્ય અરજદારોની અરજીઓ અને અપીલો દફતરે કરવામાં આવી રહી છે જે સ્વીકાર્ય નથી. આયોગે તેના ઉદાહરણરૂપે કેટલાક કેસોનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં બીજી જાન્યુઆરી ૨૦૨૫ દ્વારા ખુશાલ વર્માની અપીલ, પહેલી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ નાનજીભાઈ જીતિયાની અપીલ જ્યારે ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ હર્ષ બ્રહ્મભટ્ટની અપીલનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ તમામ કેસોમાં આયોગે સંબંધિત અરજદારોને મર્યાદિત સંખ્યામાં અરજીઓ કરવાની મંજૂરી આપતાં ચોક્કસ હુકમો જારી કર્યા હતા. જે ફક્ત આ અરજદારોને જ લાગુ પડે છે. આયોગે ખોટાં અર્થઘટનના કિસ્સાઓ પણ રજૂ કર્યા હતા. જેમાં આયોગે બે ચોક્કસ ઘટનાઓની નોંધ લીધી હતી. જ્યાં તેના હુકમોનું ખોટું અર્થઘટન કરાયું હતું. પોરબંદરના કેસમાં પ્રથમ અપીલ અધિકારી અને ભૂસ્તર શાસ્ત્રીની કચેરી, પોરબંદરે અરજદાર જીવાભાઈ ભુરાભાઈ મોઢવાડિયાની પ્રથમ અપીલ (આયોગનો હુકમ નં. અ-૬૧૬૯-૨૦૨૩, તા. ૬-૦૨-૨૦૨૫)નો અભ્યાસ કર્યા વિના દફતરે કરી હતી. આયોગે તેને ગંભીર ગણાવ્યું હતું. જ્યારે અંબાજીના કેસમાં જાહેર માહિતી અધિકારી, અંબાજી મંદિરે અરજદાર અમિતકુમાર પટેલની તા. ૨૧-૦૨-૨૦૨૫ અને ૨૨-૦૨-૨૦૨૫ની અરજીઓ (નમૂના-ક)ને આયોગના હુકમ નં. અ-૬૧૬૭-૨૦૨૩ (તા.૬-૦૨-૨૦૨૫)નો સંદર્ભ આપી દફતરે કરી હતી. ■

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. પ્રાઈમ લોકેશન, ૧, ૨,૩ બેડરૂમનાં ફ્લેટો, નવા બિલ્ડિંગમાં સ્ટીલ્ટ પાર્કિંગ સાથે. નીમીશ -9638387574. (૧૫૭૪૦-બી)

**પાર્લા ઈસ્ટ**
**ચિંતામણી દેરાસર પાસે 3 બેડરૂમ 880 ફૂટ ફર્નિશ્ડ (4.05 Cr.) નરીમન રોડ દેરાસર પાસે 3 બેડરૂમ ફર્નિશ્ડ 960 કારપેટ (4.5 Cr.) 2 બેડરૂમ 750 કારપેટ ફર્નિશ્ડ (3.5 Cr.) પાર્કિંગ સાથે મળો:- ''રમેશ દાસાણી'' 9820036662. (એસડીબી-૨૫૧૬)**

**અંધેરી ઈસ્ટ**
વિશાલહોલ પાસે 2 બેડરૂમ 725 કાર્પેટ સ્ટેશન નજીક નવા બિલ્ડિંગમાં 2 બેડરૂમ 720 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627 - 7045660627. (એસડીબી-૨૫૧૭)

**TANNA HEIGHTS**
**OC Received. Parekh gally, Opposite Jain Derasar, Kandivali (West). Sale-3 Bedroom (1179'), 2 Bedroom (725'). Owner 9821049249. (15704/A)**

**TARDEO, BIG LAUNCH**
**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

**MATUNGA BHANDARKAR ROAD**
3 BHK avl. for outright sale, Higher Floor, balcony, Good Ventilation, 1,095 sqft carpet, 1,175 sqft usable, 2 parkings, 4 ACs & Modular Kitchen. 6.25 Cr negotiable Ready Possession. **Owner: 9833607118**
(SA/2617-A)

**SOUTH MUMBAI - LOWER PAREL**
5500 sq. ft. Independent Structure 3200 sq. ft. Worli Shah & Nahar 2500 sq. ft. Sunmill Compound 895 sq. ft. Marathon Innova 1100 sq.ft. Aurus, Worli All on Rent & many other options for Rent - Sale. Brokers welcome, From Colaba to Worli, Prabhadevi. Residential Flats 1/2/3/4 BHK Purchase / Sale / Rent. Ashok Turakhia 9820777676 White Housing Realtors 34, Panchratna Ground Floor, Opera House, Mumbai - 400004. (B-15630)

**BORIVALI (WEST)**
Luxurious 4 Bedroom, (2200'), Fully Furnished, West open, Garden facing, at IC Colony and 3 Bedroom (1100') Furnished at Babhai Naka, West open, higher Floor for Sale, "Homeland Consultants" 9930220117. (15699/A)

**PARLA WEST**
2300', 4 BHK, Luxurious Flat, Lower Floor, Near Station, Near Possession. Contact: Vinodbhai - 8097960449, Bhavesh - 9324001110. (15336/B)

**VILEPARLE (EAST)**
3 BHK Available on Outright Lift/ OC/ Registered Soc. Vastu Compliant 2 Parkings 1106'. Rera Carpet 5.75 Cr. Negotiable for Further Details and Inspection Call Navigators Realty: 9820983862, 8454849049. (15731-B)

**KANDIVALI EAST**
**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**REQUIRED**
3 + 3 2500' to 3000' South Mumbai to Prabhadevi Budget 25. All amenities must call. Ashok Shah 9821036552. (15737-B)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવા: 8780264376. (૧૫૬૧૮-બી)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વલસાડમાં**
20000' ફૂટના પ્લોટમાં 3000' ફૂટની ફેક્ટરી RCC, 1000' બંગલો, 1000' સ્ટાફ ક્વોટર્સ, ફળોની વાડી સાથે. વેચાણથી આપવાનું. 9324493718. (૧૫૩૩૬-એ)

**અંધેરી (ઇસ્ટ)માં ગાળો જોઇએ**
**મહાકાલી કેવ્હસ રોડ, ચકાલા રોડ, જે.બી. નગર, કોંડીવિટા રોડ તેમજ અંધેરી કુર્લા રોડ પર પ્રાઇમ લોકેશન એરિયામાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આશરે ૮૦૦ ફૂટનો ઇન્ડસ્ટ્રીયલ ગાળો ભાડેથી જોઇએ છે. (બ્રોકર આવકાર્ય). Call : 9820304740**
(એસડીબી-૨૫૧૫)

INDEPENDENT FACTORY / Godowns / Offices: 4500 to 80,000 ft at Dahisar to Andheri, Kandivali, Charkop, Goregaon - Andheri, Vasai - Kaman. Sale / Lease. Milan Kamdar 9820017603. (KP-2528-A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**મહાવીર નગર કાંદિવલીમાં**
**ક્લાસીસ ઓફિસ માટે 300' + 300' (LOFT) total: 600'. (વેચાણથી 1.49) (ભાડેથી: 65,000/=) ઓનર: 76666 44727. (૧૫૬૯૭/એ)**

**ગોદામો-મસ્જિદબંદર ઈસ્ટ/વેસ્ટ**
સેમ્યુઅલસ્ટ્રીટ, નાગદેવી, અબ્દુલરહેમાનસ્ટ્રીટ, નાની મોટી જગ્યાઓ લેવા/વેચવા ઓનરશીપ/ ભાડેથી, રેડીકબ્જો સંપર્ક મહેશ શાહ : 9820253026. (એસડીબીજી-૨૫૦૫)

**ઓફિસ-સેમ્યુઅલ સ્ટ્રીટ**
એરિયા 330થી 1000, નાની/મોટી જગ્યા, ફર્નિશ્ડ/વગર, ઓનરશિપ/ભાડેથી લેવા મળો: મહેશ શાહ: 9820253026. (એસડીબીજી-૨૫૦૬)

**JUHU SCHEME**
ભાડેથી Shop 240' Carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતા: 9833766747. (૧૫૬૯૦-એ)

**ઓફિસ-નરસી નાથા સ્ટ્રીટ**
એરિયા 600' ફર્નિશ્ડ, સેલ્ફકન્ટેન્ટ, રોડસાઈડ, ભાડેથી લેવા મળો મહેશ શાહ: 9820253026. (એસડીબીજી-૨૫૦૭)

**બોરીવલી (WEST)**
**શોરૂમ / રિટેલ ઉપલબ્ધ**
**ગ્રાઉન્ડ + પ્રથમ માળ**
કુલ વિસ્તાર: 3000 SQ.FT. ૧૦ વિશિષ્ટ કાર પાર્કિંગ જગ્યાઓ
એસ. વી. રોડ, બોરીવલી સ્ટેશનની પાસે
વધુ વિગતો અને નિરીક્ષણ માટે
dm.realty01@gmail.com 8369540301
(બી-૧૫૭૦૨)

**ઓફિસ-કાઝી સયદ**
એરિયા 900', 1લે માળે, ફુલી ફર્નિશ્ડ, ઓનરશિપથી આપવાની છે, રેડીકબ્જો, લેવા મળો. મહેશ શાહ : 9820253026. (એસડીબીજી-૨૫૦૮)

**''કાલબાદેવીમાં ગોડાઉન..''**
190 કાર્પેટનું ગ્રાઉન્ડ ફ્લોરમાં - ભાંગવાડીની બાજુની ગલીમાં વેચાણથી.. 'મારુતી' - 9321035177. (બી-૧૫૬૯૯)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી/ભાડેથી. પંતનગર, શુભમમાં, ઓફિસો-225', 365', 440', કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૬૬૨-બી)

**ઝવેરી બજાર - મુંબઈ**
**ઓફિસ વેંચવાની. 120' કારપેટ, ધનજી સ્ટ્રીટ, ગોવિંદ નિવાસ, પહેલે માળે. સંપર્ક:- 9820003934. (૧૫૭૩૦-સી)**

**કાંદિવલી (વેસ્ટ)**
એસ. વી. રોડ ટચ, દુકાન વેંચવાની છે. (ઓનર) 7718993257. (૧૫૭૨૯-એ)

**દહિસર (ઈસ્ટ)**
**હાઈવે ઓવરીપાડા મેટ્રો સ્ટેશન, મહાકાળી મંદિર પાસે, પ્રખ્યાત ડૉક્ટરની 211' કાર્પેટની રનિંગ ક્લિનિક, ગ્રાઉન્ડ ફ્લોરમાં વેંચાણથી આપવાની. (70,00,000/= નેગોશીએબલ) સંપર્ક:- 9920312082. (૧૫૭૨૯-ડી)**

**નાગદેવીમાં દુકાન**
૨૨૦ કાર્પેટ, રોડ ફેસીંગ, મોકાની કોમર્શિયલ દુકાન, ઓફિસ લાયક, પહેલે માળે, નાગદેવી ક્રોસ લેનમાં મોહમ્મદઅલી રોડ નજીક, ઓનરશીપથી વેચાણમાં. (૯૯,૦૦,૦૦૦/- ફાઈનલ). ''ઓનર'' ૯૯૨૦૦૯૮૫૫૦. (એસડીબી-૨૫૧૮)

**''સાંતાક્રુઝ (વેસ્ટમાં)''**
મિલન સબવેની પાસે: ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૦૦૦ ફુટ કાર્પેટની ''કમર્શિયલ જગ્યા'' વેચવાની છે. સંપર્ક - 9821068214. (બી-૧૫૭૨૫)

**પ્રીલીઝ દુકાન**
મરીન ડ્રાઈવ 250 ગ્રાઉન્ડ + 250 માળયુ, જૂના ભાડાની વેચાણથી 1.5 કરોડ, હાલમાં ભાડે લાગેલ છે. 9819569698. (૧૫૭૩૭-ડી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી (વેસ્ટ)**
સ્ટેશનની સામે, ૩જે માળે, લીફ્ટ, ૧૬૦ કારપેટ, ઇસ્ટ ઓપન. ૬૪ લાખ નેગોશીએબલ. ૯૮૨૦૧૪૨૪૧૨. (૧૫૭૩૪-એ)

**FORT HANDLOOM HOUSE**
**Primrose Chambers Ground Floor 100 sq. ft. Shop for Leave and License 9869870495. (260)**

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC,Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2500)

**SOUTH MUMBAI**
**Lease for Bank, 500 sqft Carpet + 500 Mezzanine floor at Mangaldas Market, Mangaldas Road. Send e m a i l : joshidhaval114@gmail.com (B-15708)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave and Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2510)

## ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**
સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૯૪/એ)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

**પ્રાર્થનાસભા નાશિક - પૂનામાં 13000/=**
(કાંદિવલીમાં 7000/= બીજે ટ્રાન્સપોર્ટેશન અલગ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, Anniversary, Karaoke, DJ, સાઉન્ડ બજેટથી. મનસુખભાઈ - 9326801860, 8169552801. (૧૫૭૧૭-એ)

**''હર્ષ શાહ...''**
'Live...' લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૬૬૨)

**વિનોદ શાહ**
ભાવયાત્રા સાંજી પ્રાર્થનાસભા બજેટ હોય તોજ ફોન કરશો 9821540500. (૧૫૭૩૮-સી)

## ૨૭. ઔષધ ઉપચાર



(૧૫૭૧૯-એ)

## ૩૧. નાણાંકીય

**અશક્ય લોન**
ગેરેંટીથી કામ કરી આપીશું - મોર્ગેજ - Re-development - NPA Cases - Bank Settlement Genuine Person Please Contact No Time Pass - Jalaram Finance - Borivali - 9820441711. (૧૫૭૧૫-એ)

**શેર સંબંધી બજાર માં ખપતા ના ખપતા શેર ની ઓફ માર્કેટ માહિતી આપીશું.**
**સંપર્ક : ચેતન શાહ 90290 81495**
(બી-૧૫૬૬૯)

# દિશા સાલિયન કેસમાં સરકાર કોર્ટના આદેશ મુજબ કામ કરશે: ફડણવીસ આખરે બોલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયનના મૃત્યુનો મામલો પાંચ વર્ષ પછી ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. દિશાના પિતાએ વિનંતી કરી છે કે તેમની પુત્રીના મૃત્યુની તપાસ સીબીઆઈને સોંપવામાં આવે. સતીશ સાલિયને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આ મામલાની નવેસરથી તપાસની માગણી કરી છે. આ અરજીમાં દિશા સાલિયનના પિતાએ ઠાકરે જૂથના નેતા અને વિધાનસભ્ય આદિત્ય ઠાકરે વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માગણી કરી છે. આના કારણે સત્તાધારી અને વિપક્ષ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થઈ ગયો છે. ઘણા દાવા અને પ્રતિદાવા કરવામાં આવ્યા છે. હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દિશા સાલિયન કેસ પર પહેલીવાર પ્રતિક્રિયા આપતાં, સરકારની સ્થિતિ સ્પષ્ટ રીતે રજૂ કરી છે.

દિશા સાલિયન કેસમાં વકીલ નીલેશ ઓઝાએ ઘણા મુદ્દાઓ ઉઠાવ્યા છે અને મોટી માગણી કરી છે. આદિત્ય ઠાકરે અને ડીનો મારિયો બેથી ત્રણ કલાક સુધી દિશા સાલિયનના ફ્લેટ પર હતા. આવી કેટલીક ગુપ્ત બાબતો પ્રકાશમાં આવી છે, જેના કારણે આદિત્ય ઠાકરેની તાત્કાલિક ધરપકડ થઈ શકે છે અને થવી જોઈએ. આદિત્ય ઠાકરે, સૂરજ પંચોલી અને અન્ય લોકો સામે ગેંગરેપ અને હત્યા જેવી વિવિધ કલમો હેઠળ કેસ નોંધવા જોઈએ. કસ્ટડી લેવી જોઈએ. તેમનો લાઇ ડિટેક્ટર, નાર્કો ટેસ્ટ અને બ્રેઇન મેપિંગ ટેસ્ટ કરાવવો જોઈએ. ઓઝાએ કહ્યું હતું કે અમારી મુખ્ય માગણી એ છે કે આરોપીઓને મૃત્યુદંડ મળે. દિશાના પિતા સતીશ સાલિયને પણ મીડિયા સાથે વાતચીત કરતી વખતે ઘણા દાવા અને ગંભીર આરોપો લગાવ્યા હતા.

આ ઘટનાક્રમના પગલે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટ શબ્દોમાં પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, આ બધી ચર્ચા કોર્ટમાં કરવામાં આવેલી અરજીને કારણે શરૂ થઈ હતી. એક વકીલે હાઇકોર્ટમાં અરજી દાખલ કરી છે. દિશા સાલિયનના પિતાએ પણ એક ઇન્ટરવ્યુ આપ્યો છે. આ સંદર્ભમાં સરકારની ભૂમિકા સ્પષ્ટ છે. કોર્ટ શું કહે છે? તેઓ કોર્ટમાં કયા પુરાવા આપી રહ્યા છે? આ આગામી ભૂમિકા હશે. આ હાલમાં સરકાર કે પોલીસ સ્તરે કોઈ મુદ્દો નથી. સરકાર જે-તે સમયે કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશના આધારે અથવા કોર્ટમાં કોઈ નવા પુરાવા કે તથ્યો આવશે તો તેના આધારે નિર્ણય લેશે.

દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરી કે અમે હાલ કોર્ટના આદેશ પર નજર રાખી રહ્યા છીએ. દરમિયાન, ૧૪મા માળેથી પડી ગયા પછી પણ દિશાના શરીરને એક પણ ઈજા કેવી રીતે ન થઈ? આ પ્રશ્ન દિશા સાલિયનના પિતાએ ઉઠાવ્યો હતો. આ આધારે, તેઓએ આરોપ લગાવ્યો છે કે દિશાએ આત્મહત્યા કરી નથી, પરંતુ તેની હત્યા કરવામાં આવી છે. તેમના વકીલોએ આ કેસમાં સીધા આદિત્ય ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને સૂરજ પંચોલીને આરોપી તરીકે નામ આપીને ખળભળાટ મચાવી દીધો છે. ■

# વેપારીની ઓફિસમાં આઈબી અધિકારીના સ્વાંગમાં 'રેઈડ'

## ૧૧ લાખની ખંડણી વસૂલવા બદલ ચાર જણની ધરપકડ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં વેપારીની ઓફિસમાં ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી), દિલ્હીના ઓફિસરના સ્વાંગમાં 'રેઇડ' પાડીને ૧૧ લાખની ખંડણી વસૂલવા પ્રકરણે ચાર જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભાયખલા વિસ્તારમાં રહેતો ફરિયાદી વેપારી ભૂલેશ્વર નજીક ભોઇવાડા વિસ્તારમાં ઓફિસ ધરાવે છે. ૧૯ માર્ચે વેપારીની ઓફિસમાં ચાર અજાણ્યા જણ પ્રવેશ્યા હતા અને તેમણે પોતાની ઓળખ ઇન્ટેલિજન્સ બ્યૂરો, દિલ્હીના અધિકારી તરીકે આપી હતી. તેમણે ઓફિસના તમામ ટેલિફોન બંધ કરી દેવાનું અને કોઇએ પણ બહાર ન જવાનું કહ્યું હતું. ઓફિસમાં ગેરકાયદે વ્યવહાર થઇ રહ્યા હોવાની અમને માહિતી મળી છે અને આ મોટો ગુનો છે. આ અંગે ગુનો દાખલ કરવામાં આવશે, એવી બીક વેપારીને આરોપીઓએ બતાવી હતી. તેમણે બાદમાં કાર્યવાહીથી બચવા માટે વેપારી પાસે પચીસ લાખ રૂપિયાની માગણી કરી હતી. જોકે હાલ પોતાની પાસે આટલી મોટી રકમ ન હોવાનું વેપારીએ તેમને જણાવ્યું હતું, પણ તેમણે વેપારીને ધમકાવવાનું ચાલુ જ રાખ્યું હતું.

આરોપીઓ દ્વારા અપાયેલી ધમકીને પગલે વેપારીએ ૧૧ લાખ આપવાની તૈયારી દર્શાવી હતી અને તેમને રૂપિયા પણ આપ્યા હતા. આ રકમ વરિષ્ઠોને આપીને અમે પાછા આવી રહ્યા હોવાનું કહીને આરોપીઓ ત્યાંથી જતા રહ્યા હતા. ઘણો સમય વીત્યો હોવા છતાં તેઓ પાછા ન આવતાં વેપારીને શંકા ગઇ હતી. વેપારીએ આ પ્રકરણે વી.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને તેને આધારે ચારેય આરોપી વિશે માહિતી મેળવી હતી. બાદમાં ચારેય આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીની ઓળખ શ્રીજીત ગાયકવાડ, સૂર્યકાંત શિવાજી શિંદે, પવન ચૌધરી અને કિસન શેલારની ધરપકડ કરી હતી. ■

## ૩૧. નાણાંકીય

■ તમારા શેરો IEPF થી claim કરી આપીશું ૨૦૦ claim successfully કરી આપવાનો અનુભવ છે Contact 9949591996. (બી-૧૫૭૧૦)

SHARE MARKET CONVERT your Physical Shares to Demat for IEPF Claim Contact 9892886221. (B-15711)

## ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં જોઈએ**
**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

## ૩૩. ધંધાદારી



(બી-૧૫૭૨૨)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઇઝ'' - 9820776583 / 9892298963. (૧૫૭૧૮-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**મહાલક્ષ્મી જ્યોતિષ**
**તાત્કાલિક સમાધાન, પ્રેમ સમસ્યા, લગ્નજીવનમાં સમસ્યા, પતિ-પત્ની મતભેદ, સાસુ-વહુનો ઝઘડો, સંતાન પ્રાપ્તિ, વિદ્યામાં/વિદેશમાં રૂકાવટ, ધંધામાં નુકસાન. ફીસ કામ પછી. 9321554879. (૧૫૭૨૩/એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઇન્ટીંગ. 9769735633. (૧૫૩૩૩/એ)

**વોટર પ્રુફીંગ**
બિલ્ડિંગ રિપેરિંગ, ટેરેસ, ક્રેક ફીલીંગ, બાથરૂમ, છજીયા, લીકેજ બંધ. 8 વર્ષની ગેરેંટી : 7069506560, 9909617962. (૧૫૭૧૭-ઈ)

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઇન્ટીંગ. 9594599769. (૧૫૩૩૬/સી)



(B-15727)

**જમીન વેચાણ**
હાઈવે રોડ ટચ, પ્રાઈમ લોકેશન, મોટી જમીન, ખેતી - રહેણાક પ્લોટીંગ - ઈન્ડસ્ટ્રીયલ પાર્ક - સોલાર પાર્ક માટે, અમદાવાદ, હિમ્મત નગર, બેચરાજી, વિરમગામ, કડી, ધોલેરા. - 8140008685. (સમય 10 થી 6). (બી-૧૫૬૭૭)

**BUNGALOW (HERITAGE)**
**for Immediate sale at Matheran, Excellent condition, 1.5 acre plot, covered area app. 3500 sq.ft., 3 BHK all attached Bathrooms, furnished living / Dining Rooms, functional kitchen, separate servant quarter app. 1000 sq.ft. SK Mishra 9323521246. (B-15713)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૬૦)

**Harsiddhi Banquet**
પ્યોર વેજ, જૈન બેન્કવેટ હોલ, Rent 72000/- ફુલ ડે, 36000/- 18000/- એરકન્ડિશન - Non A/c 36000/ 18000/ 9000/- પેકેજ, ઓપન કેટરિંગ, વેલે પાર્કિંગ, લગ્ન પાર્ટી, Corp. Meeting પ્રાર્થનાસભા કેપેસિટી 100 થી 500 (ટેરેસ ઉપલબ્ધ) ચારકોપ કાંદિવલી વેસ્ટ. All dates available સંપર્ક - 9820079564/ 9819664642 (જેપી/ ૪૯૭૭-ઈ)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર-તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૫૬૮૧)

LIASONING & PMC ARCHItect, all Architectural & Interior Services, Design Creation. Call: 9867800070. (SDBG/ 2498)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્મ તારીખ ડાયલ કરો**
**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્ય જીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

***અંબિકા જ્યોતિષ***
જન્માક્ષરથી લવ પ્રોબલમ, લગ્ન, નશાખોરી, સંતાન, શત્રુદુખ, સોતનદુખ, ધંધાની સાચી સલાહ અને સચોટ ઉકેલ - 9521365565. (બી-૧૫૬૮૬)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૭૨૧)



(B-15724)

# ધનંજય મુંડેની તપાસ જરૂરી નથી: મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાના પ્રકરણને કારણે રાજ્યના પ્રધાન ધનંજય મુંડેએ રાજીનામું આપવું પડ્યું છે ત્યારે તેમની તપાસ આ કેસમાં થઈ શકે છે? એવા સવાલનો જવાબ શુક્રવારે દેવેન્દ્ર ફડણવીસે આપ્યો હતો. ફડણવીસે કહ્યું હતું કે ચાર્જશીટમાં બે બાબતો સ્પષ્ટ થઈ છે, આમાં ધનંજય મુંડેનું ક્યાંય નામ નથી અને વાલ્મિક કરાડ કેસનો મુખ્ય આરોપી છે.

મારી નજીકનો કોઈ વ્યક્તિ કોઈ ગુનો આચરે એટલે મારી તપાસ કરવી પડે એવું કશું જ નથી. આખી ઘટનામાં મારા વિરુદ્ધ કોઈ પુરાવો હોય તો જ મારી તપાસ કરવી પડે. આવો પુરાવો હજી સુધી કોઈએ આપ્યો નથી. જો તાણી-તુસીને કોઈ કામ કરવામાં આવે તો અદાલત તેને તોડી પાડશે. ધનંજય મુંડેના રાઈટ હેન્ડે મુખ્ય આરોપી તરીકે કામ કર્યું હોવાથી તેમણે રાજીનામું આપ્યું છે. હું આજે પણ કહું છું કે કોઈપણ વ્યક્તિ પુરાવા લાવીને આપે કે આ પ્રકરણ સાથે ધનંજય મુંડેને સંબંધ છે તો તેની તપાસ કરવાની અમારી પૂરી તૈયારી છે.

ધનંજય મુંડેનું રાજીનામું કેમ લેવામાં આવ્યું એવા સવાલનો જવાબ આપતાં એક મરાઠી ન્યૂઝ ચેનલના કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે આ કેસનો મુખ્ય આરોપી વાલ્મિક કરાડ ધનંજય મુંડેનો રાઈટ હેન્ડ હતો અને તેણે વર્ષોથી ધનંજય મુંડેનું રાજકારણ સંભાળ્યું હતું. આ સ્થિતિમાં તેણે કરેલા ક્રુર કૃત્ય અંગે લોકોની નારાજી હતી અને તેથી મહારાષ્ટ્રની જનતાની અપેક્ષા હતી કે મુંડેએ પશ્ચાતાપ તરીકે રાજીનામું આપવું જોઈએ અને તેથી જ નૈતિક્તાના ધોરણે તેમનું રાજીનામું લેવામાં આવ્યું હતું. ■

# -તો રાયગડનું પાલક પ્રધાનપદ અમને આપો: આઠવલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ શુક્રવારે કહ્યું હતું કે જો રાયગડના પાલક પ્રધાનપદ અંગે શિવસેના અને એનસીપી વચ્ચેનો વિવાદ ઉકેલાતો ન હોય, તો તે પદ તેમની રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)ને આપી દેવું જોઈએ.

પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે એનસીપીના સુનીલ તટકરે અને શિવસેનાના ભરત ગોગાવલે આગ્રહ રાખે છે કે આ પદ તેમના સંબંધિત પક્ષોને આપવામાં આવે.

આ વર્ષની શરૂઆતમાં સરકારે જાહેર કરેલી પાલક પ્રધાનોની નવી યાદીમાં તટકરેની પુત્રી અને રાજ્યના મહિલા અને બાળ વિકાસ ખાતાનાં પ્રધાન અદિતિ તટકરેને રાયગડના પાલક પ્રધાન બનાવવામાં આવ્યા હતા.

જોકે, નાસિક અને રાયગડ માટેના નિર્ણયને શિવસેનાના વિરોધ બાદ રોકી દેવામાં આવ્યો હતો કારણ કે એકનાથ શિંદેએ પણ આ બે જિલ્લાઓ પર દાવો માંડ્યો હતો.

'મને આશા છે કે મુખ્ય પ્રધાન (દેવેન્દ્ર ફડણવીસ) આ મુદ્દાનો વહેલી તકે ઉકેલ લાવશે. જો આ મુદ્દો ઉકેલાતો ન હોય, તો આરપીઆઈ (એ)ને રાયગડ માટેનું પાલક પ્રધાનપદ મળવું જોઈએ,' એમ આઠવલેએ કહ્યું હતું. ■

# ગ્લોબલ રિઝર્વ કરન્સી તરીકે ડોલરનું પ્રભુત્વ યથાવત્ રહેશે: હવે મૂડી વિનાનો મૂડીવાદ ઉદય પામી રહ્યો છે

**આશિષ ચૌહાણ**

નેશનલ સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર આશિષકુમાર ચૌહાણે તાજેતરમાં સિંગાપોરમાં એક પેનલ ડિસ્કશનમાં વૈશ્વિક બજારોમાં સત્તાનાં સમીકરણોમાં થઈ રહેલા ફેરફાર, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની બદલાતી ભૂમિકા અને ટેકનોલોજીને પગલે બદલાઈ રહેલા મૂડીવાદના સ્વરૂપ વિશે રજૂ કરેલાં નિરીક્ષણોનો સારાંશ અહીં પ્રસ્તુત છે.

## વોલેટિલિટીને પ્રગતિના ધબકાર તરીકે જુઓ

તીવ્ર વધઘટ (વોલેટિલિટી)એ આર્થિક જીવનનો આંતરિક હિસ્સો છે. જીવન પોતે વોલેટાઈલ છે. જેમ હૃદયમાંથી ધબકાર ગાયબ થઈ જાય તો જીવન ન ટકે, એમ વોલેટિલિટી વિના બજાર બંધિયાર થઈ જાય. વોલેટેલિટી એ સમસ્યા નથી. ખરી સમસ્યા તો વોલેટિલિટીને અંકુશમાં રાખવાની છે.

બજારની અપેક્ષાઓ અને પાયાના આર્થિક નિર્દેશાંકો વચ્ચે મોટું અંતર હોય ત્યારે બજારમાં મોટી ઊથલપાથલ થાય છે. જ્યારે પણ બજારની અપેક્ષાઓ વાસ્તવિકતાથી અધિક હોય ત્યારે બજારમાં ઝડપી ઘટાડો આવે છે. વ્યક્તિઓ, વર્ગો અને રાષ્ટ્રો વચ્ચેનો સંવાદ બજારનું ચાલકબળ છે. પરંપરાગત આર્થિક નિર્દેશાંકો કરતાં હવે ભૂરાજકીય પરિવર્તનોની બજારો પર વધુ અસર થાય છે. ભૌગોલિક રાજકારણ હવે અર્થકારણનો ભોગ લે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ, વિશ્વ આરોગ્ય સંસ્થા, વિશ્વ વેપાર સંસ્થા જેવી મહત્ત્વની વૈશ્વિક સંસ્થાઓની પડતી થઈ રહી હોવાથી દુનિયા ઝડપથી નિયમબદ્ધ પ્રણાલીઓથી દૂર જઈ રહી છે અને વ્યવહારૂ વ્યવસ્થા ભણી જઈ રહી છે.

એક સમયે વિશ્વના આર્થિક સંચાલનનું કેન્દ્ર હતું, તે યુનાઈટેડ સ્ટેટ્સ-અમેરિકા અત્યારે આઈડેન્ટિટીની ક્રાઇસિસમાંથી પસાર થઈ રહ્યું છે. દસકાઓ સુધી વૈશ્વિક સંસ્થાઓને પીઠબળ પૂરું પાડ્યા બાદ વોશિંગ્ટન અત્યારે પાછળ હટી રહ્યું છે અને ચીન તથા ભારત જેવી ઊભરતી સત્તાઓને અવકાશ ભરવા માટેની ફરજ પાડી રહ્યું છે. જોકે સત્તાનું આ સંક્રમણ અવરોધહીન કે ધારણા પ્રમાણેનું નહિ હોય.

## સંપત્તિ સર્જન માટે મોટી જ મૂડી જરૂરી નથી

આજે આપણે જોઈ રહ્યા છીએ કે મૂડી વગરના મૂડીવાદનો ઉદય થઈ રહ્યો છે. આર્થિક વિકાસ માટે વિરાટ પાયે મૂડીરોકાણ કરવાની આવશ્યકતા છે એવો પરંપરાગત મત છે. કાર્લ માર્કસે તેની વિખ્યાત થિયરીમાં કહ્યું છે કે મૂડી દ્વારા અધિક મૂડીનું સર્જન થાય છે. જોકે ટેકનોલોજીએ આ મૉડેલનું ખંડન કર્યું છે. આજે સંપત્તિ સર્જન માટે તમારી પાસે બહુ બધી મૂડી હોવી જરૂરી નથી. અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લોકચેઈન અને ડિજિટલ પ્લેટફોર્મ્સે આખી રમત જ એવી ફેરવી નાખી છે કે ઓછી મૂડીએ વેપાર ઝડપથી વધારી શકાય છે. આની સાબિતી એ છે કે ભારતમાં સ્ટાર્ટઅપ્સનું ચિત્ર બદલાઈ રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં એનએસઈ (નેશનલ સ્ટોક એક્સચેંજ) પર ૨૦૦થી અધિક માઈક્રો-આઈપીઓ લિસ્ટ થયા છે.

## શૅરબજારમાં લાંબાગાળાના રોકાણનું અધિક પ્રમાણ

ભારતના શેરબજારમાં શોર્ટ-ટર્મ ટ્રેડર્સનું અધિક પ્રમાણ છે એવી જે માન્યતા વિશ્વમાં પ્રવર્તે છે એનું હું ખંડન કરું છું. ૧૧ કરોડ બજાર સહભાગીઓમાંથી આશરે બે ટકા ડેરિવેટિવ્ઝના ટ્રેડિંગમાં સક્રિય છે. મોટા ભાગના રોકાણકારો લોંગ ટર્મ ઈન્વેસ્ટર્સ છે.

## ડિજિટલ ભૂમિમાં સાયબર યુદ્ધ

નાણાકીય બજારોના વધી રહેલા ડિજિટલાઈઝેશનને પગલે અભૂતપૂર્વ સાઈબર ધમકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એનએસઈ પ્રતિદિન ૪થી ૧૦ કરોડ સાઈબર હુમલાઓનો સામનો કરે છે. નિયામકો અને સંસ્થાઓએ અતિ સાવધ રહેવું પડશે. ડીપફેક ટેક્નોલોજી આવી એ પછી તો આ પડકારો વધી ગયા છે. આવી ખોટી માહિતીનો પ્રસાર નાણાકીય અંખડિતતા સામેનો મોટો ભય છે. હું સ્ટોક્સની ભલામણ કરતો હોંઉ એવા બનાવટી વિડિયો પણ ફરતા થયા છે.

## ડૉલરનું ભાવિ શું હોઈ શકે?

અમેરિકી ડોલર વૈશ્વિક ચલણ તરીકેનું તેનું પ્રભુત્વ જાળવી રાખશે, કારણ કે તેનો અત્યારે કોઈ વિકલ્પ નથી. બીજા વિશ્વ યુદ્ધ બાદ અમેરિકાએ બ્રિટિશ પાઉન્ડના ગ્લોબલ રિઝર્વ કરન્સી તરીકેના સ્થાનને સાવચેતીપૂર્વક લઈ લીધું હતું. આજે કોઈ અન્ય દેશ એ ભૂમિકા ભજવવા તૈયાર નથી. આર્થિક તાકાત હોવા છતાં ચીન ગ્લોબલ રિઝર્વ કરન્સીનું સ્થાન લઈ શકે એમ નથી કારણ કે તેનામાં આર્થિક ખુલ્લાપણાનો અભાવ છે. જ્યાં સુધી અન્ય રાષ્ટ્ર આવશ્યક આર્થિક અને રાજકીય માળખા સાથે આગળ ન આવે ત્યાં સુધી બાય ડિફોલ્ટ ડોલરનું પ્રભુત્વ ચાલુ રહેશે. વિશ્વ અત્યારે મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. પરંપરાગત સત્તા માળખાં વર્ચસ ગુમાવી રહ્યાં છે અને ટેકનોલોજી નાણાકીય મૉડેલ્સને તળેઉપર કરી રહી છે એથી મૂડીબજારનું ભવિષ્ય અગાઉ કરતાં વધુ અનિશ્ચિત બન્યું છે. વોલેટિલિટી એ પ્રગતિ માટે ચૂકવવામાં આવતી કિંમત છે. આ મુશ્કેલ સમયનો સામનો કરવા માટેની ગુરુ ચાવી એ છે કે પરિવર્તનને અનુકૂળ બનવું. ઈતિહાસે દર્શાવ્યું છે કે જે લોકો પરિવર્તનને સ્વીકારે છે એમની અંતે જીત થાય છે.

# જોરદાર તેજી: સતત પાંચમા દિવસની આગેકૂચમાં સેન્સેક્સ ૭૭,૦૦૦ની અને નિફ્ટી ૨૩,૪૦૦ની સપાટી સ્પર્શી આવ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: પ્રારંભિક નબળાઇ ખંખેરીને બજારે સતત પાંચમા દિવસે તેજીનો તોર જાળવી રાખ્યો હતો. ૨૧ માર્ચના રોજ બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ પાંચ દિવસની આગેકૂચનો સિલસિલો ચાલુ જારી રાખ્યો હતો. મજબૂત રૂપિયા, એફઆઇઆઇની વેચવાલીમાં ઘટાડો અને ઇન્ફર્મેશન ટેકનોલોજી શેરોમાં રિકવરીથી સેન્ટિમેન્ટને પ્રોત્સાહન મળ્યું હતું. સપ્તાહના અંતિમ સત્ર દરમિયાન સેન્સેક્સ ૭૭,૦૦૦ની અને નિફ્ટી ૨૩,૪૦૦ની ઈંચી સપાટીને પાર કરી પાછાં ફર્યા હતા. એફઆઇઆઇની પાછલા એકાદ બે સત્રથી શરૂ થયેલી લેવાલીને કારણે પણ તેજીને આગેકૂચ માટે ટેકો મળ્યો હતા.

બંધ સમયે, સેન્સેક્સ ૫૫૭.૪૫ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા વધીને ૭૬,૯૦૫.૫૧ની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન, સેન્સેક્સ લગભગ ૭૦૦ પોઇન્ટ ઉછળીને ૭૭,૦૦૦ની સપાટી વટાવી ૭૭,૦૪૧.૯૪ની સપાટીને સ્પર્શ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૯.૭૫ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકા વધીને ૨૩,૩૫૦.૪૦ પોઇન્ટના સ્તર પર બંધ રહ્યો હતો. અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ અને નિફ્ટી ૪ ટકાથી વધુ વધ્યા હતા, જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ સાપ્તાહિક વધારો દર્શાવે છે. નિફ્ટીમાં બીપીસીએલ, ઓએનજીસી, એસબીઆઇ લાઈફ ઈન્સ્યોરન્સ, એનટીપીસી, બજાજ ફાઇનાન્સ મુખ્ય વધ્યા હતા, જ્યારે હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, વિપ્રો, ટ્રેન્ટ, ઇન્ફોસિસ, ટાટા સ્ટીલ ઘટ્યા હતા.

મિડકેપ અને સ્મોલકેપ શેરઆંકમાં એકથી બે ટકા સુધીનો વધારો થયો હતો. ટાટા કેપિટલે રૂ. ૧૫,૦૦૦ કરોડના આઇપીઓ માટે ૧૦ ઇન્વેસ્ટમેન્ટ બેન્કને કામગીરી સોંપી હોવાની બજારમાં ચર્ચા હતી. જ્યારે એલજીને પણ સેબી તરફથી રૂ. ૧૫૦૦૦ કરોડના આઇપીઓ માટે મંજૂરી મળી ગઇ હોવાના અહેવાલો હતો.

આ ઉપરાંત અન્ય કંપનીઓએ ડીઆરએચપી દસ્તાવેજો સેબી પાસે જમા કરાવ્યા છે. અદ્યતન લિથિયમ આયન બેટરી સોલ્યુશન્સના અગ્રણી ઉત્પાદક અને એસેમ્બલર પૈકીની એક એટીસી એનર્જી સિસ્ટમ લિમિટેડ ૨૫ માર્ચના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ રૂ. ૬૩.૭૬ કરોડના જાહેર ભરણાં માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૨ થી રૂ. ૧૧૮ પ્રતિ શેર નક્કી થઇ છે.

એનએસઇએ મ્યુનિસિપલ બોન્ડ માટે ડેડિકેટેડ વેબસાઇટ લોન્ચ કરી છે. અગ્રણી ભારતીય ટાયર ઉત્પાદક સીએટે અલ્ટ્રા હાઇ પરફોર્મન્સ અને લક્ઝરી ફોર વ્હીલર સેગમેન્ટમાં સ્પોર્ટડ્રાઇવ રેન્જ માટે ત્રણ અદ્યતન ટાયર ઇનોવેશન લોન્ચની જાહેરાત કરી છે, જે સાથે સીએટ રન ફ્લેટ ટાયર અને ૨૧ ઇંચ ઝેડઆર રેટેડ ટાયરનું ઉત્પાદન કરનાર પ્રથમ ભારતીય ટાયર ઉત્પાદક બની છે જે કાલ્મ ટેકનોલોજી સાથે ૩૦૦ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપ હેન્ડલ કરવા સક્ષમ છે. જાહેર ક્ષેત્રની ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સને ગુજરાતમાં ઉકઇ સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ ખાતે ૮૦ મેગાવોટનું એકમ સ્થાપવાનો આર્ડર મળ્યો છે, જેનું મૂલ્ય રૂ. ૭૫૦૦ કરોડ છે. ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ ફર્મ નિસસ ફાઇનાન્સ સર્વિસીસ કંપની લિમિટેડે શાપૂરજી પલોનજી રિયલ એસ્ટેટ પ્રાઇવેટ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, સુવિતા રિયલ એસ્ટેટ પ્રાઇવેટ લિમિટેડમાં રોકાણ દ્વારા તેના રિસો ૧ હેઠળ પ્રથમ એક્ઝિટ પ્રક્રિયા પૂર્ણ કરી છે. બીએસઈ પર મણપ્પુરમ ફાઇનાન્સ, ચંબલ ફર્ટિલાઇઝર્સ, બજાજ ફાઇનાન્સ, યુપીએલ, કોટક મહિન્દ્રા બેંક, શ્રી સિમેન્ટ્સ, એસઆરએફ, વેલ્સ્પન કોર્પ સહિતના ૭૦થી વધુ શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા.

અગ્રણી સ્ટોક બ્રોકિગં ફર્મના રિસર્ચ હેડએ જણાવ્યું હતું કે, લાર્જ કેપ શેરોના આકર્ષક મૂલ્યાંકનને કારણે વધેલી લેવાલી પર આધારિત તેજીના બળ પર હાલમાં, આપણે રીલીફ અથવા પુલબેક રેલી જોઈ રહ્યા છીએ જે ૨૩,૩૦૦-૨૩,૫૦૦ પોઇન્ટના સ્તર સુધી ટકી શકે છે. બીજું મહત્ત્વનું પરિબળ એફઆઇઆઇની લેવાલી છે. ગયા વર્ષના અંતથી ભારતીય ઇક્વિટીના સતત વેચવાલી કરી રહેલા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ) પ્રોવિઝનલ ડેટા મુજબ, પાછલા ચારમાંથી બે સત્રમાં નેટ બાયર્સ બન્યા છે. પાછલા સત્રમાં ગુરૂવારે એફઆઇઆઇએ ભારતીય બજારમાંથી રૂ. ૩,૨૩૯.૧૪ કરોડના શેર ખરીદ્યા જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૩,૧૩૬.૦૨ કરોડના શેર વેચ્યા હતા.

શેરબજારના વરિષ્ઠ એનાલિસ્ટે જણાવ્યું હતું કે શેરબજારમાં એવા સમયે આ સપ્તાહે તેજી આવી છે, જ્યારે ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય વેપાર યુદ્ધ શરૂ થઇ ગયું છે અને બીજી એપ્રિલે પારસ્પરિક ટેરિફ લાગુ થશે ત્યારે તેની તીવ્રતામાં ઓર વધારો થવાની અપેક્ષા છે. તેમના મતે તેજીનું મુખ્ય કારણ બે દિવસમાં એફઆઇઆઇ દ્વારા કેશ બજારમાં શરૂ થયેલી લેવાલી છે.

બજારની તેજી માટે એક મહત્ત્વનું કારણે ડોલર સામે રૂપિયાની મજબૂતાઇ પણ છે. વિદેશી રોકાણકારોના મજબૂત પ્રવાહ અને વાસ્તવિક અસરકારક વિનિમય દરમાં ઘટાડાને કારણે ૨૧ માર્ચે ભારતીય રૂપિયો ડોલર સામે બે મહિનાની ઊંચી સપાટીએ ખૂલ્યો હતો, જે બે વર્ષમાં રૂપિયા માટેનો શ્રેષ્ઠ સાપ્તાહિક વધારો છે.

# રૂપિયાની મજબૂતી અને વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૭૭૨ અને સોનું ₹ ૩૩૭ તૂટ્યું

મુંબઈ: ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનામાં એક તબક્કે ભાવ ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની નવી ઊંચી સપાટી નોંધાવીને પાછા ફર્યા બાદ આજે લંડન ખાતે બન્ને કિંમતી ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હતી. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૭૭૨નો ઘટાડો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિશ્વ બજારમાં સોનાના ભાવ નવી ટોચેથી પાછા ફર્યા હોવાથી તેમ જ આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૮ પૈસા મજબૂત થયો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૬થી ૩૩૭ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૭૭૨ના ઘટાડા સાથે રૂ. ૯૭,૬૨૦ના મથાળે રહ્યા હતા, જ્યારે સોનામાં વૈશ્વિક નરમાઈતરફી અહેવાલ અને રૂપિયો મજબૂત થવાથી ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૬ ઘટીને રૂ. ૮૭,૮૧૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૩૭ ઘટીને રૂ. ૮૮,૧૬૯ના મથાળે રહ્યા હતાં. સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીમાં અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૦૫૭.૨૧ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ પાછા ફર્યા હતા. તેમ જ આજે લંડન ખાતે પણ સત્રના આરંભે ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦૩૦.૮૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૩૦૩૭.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. સાપ્તાહિક ધોરણે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧.૫૦ ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. હાજરમાં ચાંદીના ભાવ ૧.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૩.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે એશિયન બજારોમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વે વ્યાજદર યથાવત્ રાખીને વર્ષના અંત આસપાસ વ્યાજદરમાં બે વખત ઘટાડો કરવાના સંકેત આપ્યા હતા. તેમ છતાં ટ્રમ્પની ટેરિફની અનિશ્ચિતતા અને ફુગાવો વધવાની શક્યતાને ધ્યાનમાં લેતા રેટ કટનો આધાર ડેટા પર અવલંબિત રહેવાની શક્યતા ફેડરલના અધ્યક્ષે વ્યક્ત કરી હતી. તાજેતરમાં ઈઝરાયલ-હમાસ વચ્ચે વધેલા તણાવ ઉપરાંત અમેરિકાની ટેરિફ નીતિને કારણે ફુગાવો વધવાની તેમ જ અમેરિકાની આર્થિક વૃદ્ધિ મંદ પડવાની ભીતિ જેવા કારણોસર સોનામાં મક્કમથી સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે સોનામાં પુલબેક રેલી પશ્ચાત્ ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા નકારી ન શકાય.


## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### જાહેર નોટિસ

જાહેર જનતાને આથી જાણ કરવાની કે તા. ૦૫-૦૧-૨૦૨૫ની અમારી નોટિસ દ્વારા અમે 'મેટ્રો ડ્વેલર્સ પ્રાયવેટ લિમિટેડ' એટલે કે તા. ૧૫-૧૨-૨૦૨૩ના લેટર ઓફ ઇન્ટેન્ટ મુજબ નિયુક્ત કરાયેલ ડેવલપર્સની નિમણૂંક રદ્દ કરેલ છે અને અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં વર્ણવેલ મિલકત અંગે રીડેવલપમેન્ટ માટે તેના સંબંધમાં બજાવાયેલ અન્ય કોઈપણ દસ્તાવેજો સોસાયટી દ્વારા યોગ્ય રીતે રદ્દ, ટર્મીનેટ અને કેન્સલ કરવામાં આવેલ છે.

તમામ સંબંધીતોને આથી પરિશિષ્ઠમાં રહેલ મિલકત પરના ફ્લેટ્સ / યુનિટ્સ / ટેનામેન્ટ્સ / પ્રીમાઈસીસના વેચાણ / ખરીદી / ગીરો માટે ઉપર દર્શાવેલ ડેવલપર્સ અને/કે તેના કોઈપણ પ્રતિનિધિ/ઓ સાથે કોઈપણ એગ્રીમેન્ટ્સ કે ટ્રાન્ઝેક્સન્સ ન કરવા કે લેતીદેતી ન કરવા ચેતવણી આપીએ છીએ. સદર ડેવલપર્સ અને/કે તેમના પ્રતિનિધિઓ અને/કે તેમના દ્વારા, તેમનાથી અને/કે તેમના હેઠળ દાવો કરનાર કોઈપણ ત્રીજી પાર્ટી સાથે પરિશિષ્ઠમાંની મિલકત પરના ફ્લેટ્સ / યુનિટ્સ / ટેનામેન્ટ્સ / પ્રીમાઈસીસ અંગે આવા એગ્રીમેન્ટ્સ કે ટ્રાન્ઝેક્સન્સ જો કોઈ શખ્સ/સો કરશે તો તે/તેણી/તેઓ તેના/તેણીના/તેમના સંપૂર્ણ જોખમે અને જવાબદારીએ તેમ કરશે અને સોસાયટી અને/કે તેના સભ્યો આવા એગ્રીમેન્ટ્સ કે ટ્રાન્ઝેક્સન્સમાંથી ઉદ્ભવ થનાર કોઈપણ પરિણામો માટે જવાબદાર નહીં રહે અને પરિશિષ્ઠમાંની મિલકત પર કોઈપણ હક્કો ઉદ્ભવ થશે નહીં.

**ઉપર ઉલ્લેખાયેલનું પરિશિષ્ઠ**

નાહુર વિલેજના CTS નં. ૨૬૦A માં ગુરુ ગોબિન્દ સિંઘ માર્ગ, મુલુંડ કોલોની, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૮૨ ખાતે સ્થિત 'જય શાસ્ત્રી નગર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ'ના આશરે ૧૨૦૮૯ ચોરસ મીટર્સના T વોર્ડમાં 'જય શાસ્ત્રી નગર CHSL'ની માલિકીની જમીનનો તે તમામ પ્રમાણસરનો ટુકડો કે કકડો.

આજ તારીખ ૨૨ માર્ચ ૨૦૨૫

સહી/-
**સેક્રેટરી**
'જય શાસ્ત્રી નગર કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ',
ગુરુ ગોબિન્દ સિંઘ માર્ગ,
મુલુંડ (W), મુંબઈ-૪૦૦૦૮૨.


# ઈક્વિટીમાં સુધારો અને વિદેશી ફંડોના આંતરપ્રવાહને ટેકે ડૉલર સામે રૂપિયો ૩૮ પૈસા ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલી ઉપરાંત આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આગળ ધપવાની સાથે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યાના નિર્દેશો સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૦ પૈસાના ઉછાળા સાથે ૮૫.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૨૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૩૦ અને ઉપરમાં ૮૫.૯૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૮ પૈસાના સુધારા સાથે ૮૫.૯૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આજે સતત છઠ્ઠા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું અને આ છ સત્રમાં રૂપિયામાં ૧૨૫ પૈસાનો સુધારો આવ્યો છે.

તાજેતરમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળી રહેલા સુધારા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીનને ટેકે આગામી દિવસોમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે અને ડૉલર સામે રૂપિયો ૮૫.૮૦થી ૮૬.૨૫ની રેન્જમા રહે તેવી ધારણા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતુ કે જો બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો થાય તો રૂપિયામાં સુધારો અટકી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૯ ટકા વધીને ૧૦૪.૦૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવા છતાં, બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા ઘટીને બેરલદીઠ ૭૧.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૫૭.૪૫ પૉઈન્ટનો અને ૧૫૯.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૩૯.૧૪ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

# ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૪૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં અનુક્રમે ક્વિન્ટલે રૂ. છ અને રૂ. ચારનો ગુણવત્તાલક્ષી ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ દેશી તેલમાં સુધારો, આયાતી તેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો સુધારો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

જોકે, ગઈકાલે શિકાગો ખાતેના સોયાતેલના વાયદામાં ૩૫ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતોલના વાયદામાં ૩૭ રિંગિટ ઘટી આવ્યા હોવાથી આયાતી તેલમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને ગોલ્ડન એગ્રી, રૂચી અને ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના રૂ. ૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૩૧૫ના મથાળે રહ્યા હતા.

તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં થયા હતા. વધુમાં આજે જયપુર ખાતે સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૦૭૫થી ૬૧૦૦માં થયાના અહેવાલ હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.**

**ઈ-પ્રોક્યોરમેન્ટ ઈ-ટેન્ડર નોટીસ**

**નં. KEM/GST/૫૪૨૭ ઈ-ટેન્ડર તારીખ:**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડર કોપી મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. જો કે, બિડ માત્ર મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવવામાં આવે છે.

તમામ રસ ધરાવતા વિક્રેતાઓએ, BMC સાથે નોંધણી કરાવવી જરૂરી છે. જે વિક્રેતાઓ અગાઉ BMC સાથે નોંધાયેલા ન હોય તેઓ BMC પોર્ટલના ''ઈ-પ્રોક્યોરમેન્ટ'' સેક્શન હેઠળ ''વેન્ડર રજીસ્ટ્રેશન'' લિંક પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકે છે, BMC સાથે પહેલાથી જ નોંધાયેલા વિક્રેતાઓએ તેમની વિક્રેતા નોંધણીને વિસ્તારવા માટે હેલ્પડેસ્કનો સંપર્ક કરવાની જરૂર છે.

વહીવટી, ટેક્નીકલ અને કોમર્શિયલ બીડ નીચે દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધી ઓનલાઈન સુપ્રતિ કરવામાં આવશે.

| ક્ર. નં. | વર્ણવેલ | ટેન્ડર ફી (રૂ.) | બારડી રકમ રૂ. | ઓનલાઈન ડાઉનલોડિંગ માટે પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન સુપ્રતિ માટે અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | કર્વેડ કટર ૪૦ મીમી ગ્રીનની ખરીદી જથ્થો- ૨૦ નં.<br>ઈ-ટેન્ડર ID- ૨૦૨૫_MCGM_૧૧૫૪૩૭૪ | ૧૩૨૦/- + ૧૮% GST | ૨૦૦૦૦/- | ૨૧.૦૩.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૮.૦૩.૨૦૨૫ ૧૮.૦૦ ક. |

મ્યુનિસિપલ કમિશનર કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ અથવા કોઈપણ ઈ-ટેન્ડર(ઓ)ને નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.

બિડર્સે નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટિસ/ટેન્ડર અંગે જારી કરાયેલ સુધારા ફક્ત મહાટેન્ડર પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
KEM હોસ્પિટલ

PRO/2881/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



## પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 35 વર્ષ 2024-2025 તારીખ: 20.03.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-232-2024-25<br>ADEN-ગાંધીધામના અધિકારક્ષેત્ર હેઠળ સ્ટાફ વસાહતો માટે આવરી લેવામાં આવે છે ડ્રેનેજ, પાણીની પાઇપ નેટવર્ક, ઓવરહેડ ટાંકીઓ, રસ્તાઓ અને ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમની જોગવાઈ. | 4,37,90,301.06 | 3,69,000.00 |
| 2 | DRM-ADI-233-2024-25<br>ADEN-ગાંધીધામ હેઠળ અતિક્રમણ સંવેદનશીલ શહેરી વિસ્તારમાં અતિક્રમણ અટકાવવા માટે આદિપુર, અંજાર, રૂતનાલ, કુકમા અને નવા ભુજ યાર્ડમાં 3475 મીટર RCC બાઉન્ડ્રી વોલનું બાંધકામ. | 4,67,04,482.45 | 3,83,500.00 |
| 3 | DRM-ADI-234-2024-25<br>ગાંધીધામ-નવું ભુજ-દેશલપુર વિભાગ - ADEN-ગાંધીધામના અધિકારક્ષેત્ર હેઠળ LHS ના સમ્પ અને ડ્રેનેજ પૂરા પાડીને એપ્રોચ રોડ, દિવાલો, બોક્સ અને ડ્રેનેજ સિસ્ટમમાં સુધારો. | 4,66,59,141.19 | 3,83,300.00 |
| 4 | DRM-ADI-235-2024-25<br>CLDY (B) ના સંદર્ભમાં ટ્રેકનું કામ: KHD અને ABD (૧૫.૦૧.૧૬.૨૪.૩.૫૦.૦૦૮) વચ્ચે ટ્રેનોને પ્રાથમિકતા આપવા માટે લાઇન નં. ૦૫ ને અડીને લૂપ લાઇન (CSR ૭૨૦M) ની જોગવાઇ, સાબરમતી D કેબિન ICD (D કેબિન) ના શન્ટિંગ નેકને B T D મુખ્ય લાઇન સાથે જોડવા અને કોચિંગ ટર્મિનલનું વીજળીકરણ (૧૫.૦૧.૧૬.૨૪.૩.૫૦.૦૦૬). | 3,01,15,044.70 | 3,00,600.00 |
| 5 | DRM-ADI-236-2024-25<br>સિનિયર DEN(s) ADI ના અધિકારક્ષેત્ર હેઠળ FRM અને ટ્રેકના અન્ય આનુષંગિક કાર્યો દ્વારા છીછરું સ્ક્રીનીંગ. (૧૫.૦૧.૩૧.૨૪.૦૪.૫૦.૦૧૨) અને (૧૫.૦૧.૩૧.૨૪.૦૪.૫૦.૦૧૧) | 1,19,10,843.40 | 2,09,600.00 |
| 6 | DRM-ADI-237-2024-25<br>અમદાવાદ-હિંમતનગર:- ADEN(NW)ADI (૧૫.૦૧.૩૦.૨૪.૪.૫૦.૦૦૫) હેઠળ LHS ખાતે સમ્પ અને ડ્રેઇન અને રોડ સપાટી પૂરી પાડીને ડ્રેનેજ સિસ્ટમમાં સુધારો. | 2,33,54,906.16 | 2,66,800.00 |
| 7 | DRM-ADI-238-2024-25<br>ખોડિયાર-મહેસાણા અને કલોલ-ગાંધીનગર:- ADEN (MG) SBI (15.01.30.24.4.50.008) હેઠળ LHS પર સમ્પ અને ડ્રેઇન અને રોડ સપાટી પૂરી પાડીને ડ્રેનેજ સિસ્ટમમાં સુધારો. | 2,34,64,035.89 | 2,67,300.00 |
| 8 | DRM-ADI-239-2024-25<br>એલસી નં. 5 (GEB) ડિપોઝિટ કાર્યના સંદર્ભમાં સિવિલ કાર્ય | 53,13,110.50 | 1,06,300.00 |
| 9 | DRM-ADI-240-2024-25<br>એલસી નં.૫ (GEB) ની રબરાઇઝ્ડ સપાટી એલસી નં.૫ ના ડિપોઝિટ કાર્યને પહોળું કરવા અંગે. | 27,44,146.68 | 54,900.00 |
| 10 | DRM-ADI-241-2024-25<br>સાબરમતી, ચાંદલોડિયા અને વટવા યાર્ડમાં સુધારો. | 81,97,451.72 | 1,64,000.00 |
| 11 | DRM-ADI-242-2024-25<br>સિનિયર DEN(s) ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પોઈન્ટ્સ અને ક્રોસિંગ સ્લીપર્સનું કેઝ્યુઅલ નવીકરણ (15.01.31.24.4.50.003) અને રેલ્સનું કેઝ્યુઅલ નવીકરણ (15.01.31.24.4.50.002) | 1,01,57,472.02 | 2,00,800.00 |
| 12 | DRM-ADI-243-2024-25<br>અમદાવાદ - ચાંદલોડિયા (સાબરમતી SBT) TRR(P) 60 KG, TTR(P) 60 KG, ISD સિનિયર DEN (ઓ) ADI ના અધિકારક્ષેત્ર હેઠળ યાર્ડ સુધારણા માટે. (૧૫.૦૧.૩૧.૨૪.૩.૫૦.૦૧૮) | 3,24,67,990.66 | 3,12,300.00 |
| 13 | DRM-ADI-244-2024-25<br>ધ્રાંગધ્રા યાર્ડ:- સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ૫૨ કિલોગ્રામ રેલ સેક્શનને ૬૦ કિલોગ્રામ રેલ સેક્શન અને અન્ય આનુષંગિક ટ્રેકના કામોમાં રૂપાંતર કરીને યાર્ડ સુધારણા. | 4,21,98,437.61 | 3,61,000.00 |
| 14 | DRM-ADI-245-2024-25<br>વિરમગામ યાર્ડ:- સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 52 KG રેલ સેક્શનને 60 KG રેલ સેક્શન અને અન્ય આનુષંગિક ટ્રેક કાર્યોમાં રૂપાંતર કરીને યાર્ડ સુધારણા. | 5,14,99,758.87 | 4,07,500.00 |
| 15 | DRM-ADI-246-2024-25<br>વડનગર સ્ટેશન પર ટ્રેનોમાં પાણીની વ્યવસ્થા માટે કામચલાઉ સુવિધાની સ્થાપના અને અન્ય સંબંધિત કાર્યો. | 46,60,315.56 | 93,200.00 |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** તારીખ 15/04/2025 સમય 15:00 કલાકે **ઓફિસ સરનામું :** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સંકલન) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ :** www.ireps.gov.in 349

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# મુંબઈના રસ્તાઓનું કંગાળ કૉંક્રીટીકરણઃ વિધાનસભામાં મુદ્દો ગાજ્યો, સુધરાઈને ઝાટકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કરોડો રૂપિયાના ખર્ચે મુંબઈના રસ્તાઓના કૉંક્રીટીકરણના કામ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યા છે ત્યારે શુક્રવારે વિધાનસભામાં રસ્તાના કૉંક્રીટીકરણના કામની ગુણવત્તા, પાલિકાના અધિકારીઓની મનમાની, અધિકારીઓના કૉન્ટ્રેક્ટરો સાથેના સંબંધો અને કામમાં કરોડો રૂપિયાના કૌભાંડો, જેવા અલગ અલગ મુદ્દાઓ પર સત્તાધારી સહિત વિરોધપક્ષના વિધાનસભ્યોએ વિધાનસભાને ગજાવી મૂકી હતી. વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરે આ મુદ્દા પર આવતા અઠવાડિયે તેના ચેમ્બરમાં બેઠક બોલાવી છે.

મુંબઈના ભાજપના વિધાનસભ્ય અતુલ ભાતખલકરે વિધાનસભામાં પ્રશ્નકાળ દરમ્યાન વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે અગાઉની મહાયુતિ સરકારે શહેરના રસ્તાઓને ખાડામુક્ત બનાવવા રસ્તાના કૉંક્રીટીકરણની ઝુંબેશ શરૂ કરી હતી,

(જુઓ પાનું ૪) ▸▸

## શિવાજી મહારાજનું ભવ્ય સ્મારક આગ્રામાં

### સ્મારકના નિર્માણ અને ભંડોળની જવાબદારી પ્રવાસન વિભાગને સોંપાઈ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શિવજયંતી પર જાહેરાત કરી હતી કે આગ્રામાં છત્રપતિ શિવાજી મહારાજનું ભવ્ય સ્મારક બનાવવામાં આવશે. નાણાપ્રધાન અજિત પવારે બજેટ રજૂ કર્યા પછી આગ્રામાં એક ભવ્ય સ્મારક માટે જોગવાઈ કરવામાં આવી છે.

હવે મહારાષ્ટ્ર સરકારે આગ્રામાં છત્રપતિ શિવાજી મહારાજના સ્મારક અંગે સરકારી નિર્ણય આપવામાં આવ્યો છે. હવે, આ સ્મારકના નિર્માણ માટે અમલ અને ભંડોળની જવાબદારી રાજ્યના પ્રવાસન વિભાગને સોંપવામાં આવી છે. આ નિર્ણયથી આગામી

(જુઓ પાનું ૪) ▸▸

દુબઈ સાથે અબુધાબી-49999 થી
કાશ્મીર શ્રીનગર - ગુલમર્ગ - સોનમર્ગ પહેલગામ સાથે ખરું સૌંદર્ય
ભદરવા-સીન્થનટોપ-જય વેલી-બંગસ લોલાબ-ગુરેજ વેલી ફક્ત સુમન ટૂર સાથે.
નૈનીતાલ-ઔલી-મસુરી દિ.10
સૌંદર્યથી તરબોળ અરૂણાચલ-મેઘાલય-આસામ
Feb-March-April-May
By Air દિ. 12 Rs. 75000/- આપણુ કિચન સાથે
લાહોલ-સ્પીતી By Air 19,31 MAY
દિ.11
દાર્જીલીંગ-ગેંગટોક-લાચુમ-પેલીંગ દિ.8
સુ-મન ટુર 9224139889 9930096560
હોંગકોંગ - મકાઉ (ડીઝની લેન્ડ ની મઝા)


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

કુલીન કુમાર હોલિડેઝ - એકમાત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
કુલીન કુમાર સાથે કન્ફર્મ ડિપાર્ચર
TREASURE OF TURKEY 12 DAYS
SCENIC SCANDINAVIA 16 DAYS
SPAIN WITH PORTUGAL 14 DAYS
BAKU WITH GEORGIA 11 DAYS
એપ્રિલથી સપ્ટેમ્બર સુધી વિવિધ પ્રવાસોના વિકલ્પો
આ ઉપરાંત: Europe Extravaganza - 17 days | Marvelous Europe - 13 days
European Splendor - 13 days | London with Scotland - 13 days
Central Europe - 11 days | Swiss Delight - 10 days | Arctic Tour - 10 days | Iceland - 10 days
ટૂર ની વિશેષતા
દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
ભરપૂર સાઈટ સીઈંગનો સમાવેશ
ટૂર કિંમત કોઈપણ છુપા ખર્ચ વગર
ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
લક્ઝરી હાઈટેક એ.સી. બસમાં મુસાફરી
સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500

SOUTH KOREA
SEOUL - BUSAN - JEJU
APRIL - JUNE GROUP DEPARTURES
10 DAYS
SOUTH AFRICA
CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG
MAY - JUNE GROUP DEPARTURES
13 DAYS
TURKEY
ISTANBUL - ANKARA - CAPPADOCIA - ANTALYA - PAMUKKALE - KUSADASI
MAY - JUNE GROUP DEPARTURES
12 DAYS
VIETNAM
HO CHI MINH - DANANG - HOI AN - HANOI - SA PA - HA LONG BAY CRUISE
APRIL - MAY GROUP DEPARTURES
11 DAYS
AZERBAIJAN WITH GEORGIA
MAY - JUNE GROUP DEPARTURES
12 DAYS
PACKAGE INCLUSIONS :- Economy Class Group Airfare • Luxurious Hotels
• શુદ્ધ શાકાહારી / જૈન જમણ. • ગુજરાતી, હિન્દી અને ઇંગ્લિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

10 N 11 D Vietnam
Feb - 27 | March - 08, 15 (Full), 19, 30
April - 10, 19, 30
May - 04, 11, 15, 22, 31
June - 11, 22
10 N 11 D Japan Cherry Blossom
March: 20 (Full)
April: 02 (Special Departure), 09 (Full)
Alpine Route
April: 19 (Full) May: 09, 19
11 N 12 D Azerbaijan with Georgia
May: 05, 12, 19
June: 02, 09, 16
July: 04, 16
30 વર્ષનો અનુભવ, 30 વર્ષનો વિશ્વાસ
12 N 13 D Turkey
April: 15 (Full), 30
May: 01 (Full), 04, 13, 15 (Full), 17, 19 (Full)
20, 23, 26 | June - 05, 18
7 N 8 D South Korea Cherry Blossom
Mar: 14 & 21
Apr: 02 & 09
Summer in south Korea
May: 02, 12, 20, 25 | June: 02
સમાવેશ: એરફેર, ટુરિસ્ટ વિઝા, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ, લક્ઝરિયસ હોટેલ, સાઈટીંગ માટે પ્રવેશ ફી, એક્ટિવીટીઝ, ભારતીય ટૂર મેનેજર, રાજસ્થાની મહારાજ*, ટીપ્સ અને બીજું ઘણું બધું
સિવાય આ ટૂર્સ તો ખરીજ
Croatia with Slovenia * Azerbaijan
*શરતો લાગુ
ઔરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.
AURORA TRAVEL-TOURS PVT.LTD
સંપર્ક : ઓફિસ નંબર ૭૦૨, ૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બી.ડી. માર્ગ, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર.
ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14
નીલ 98218 90405 | જેસલ 98331 00845 | ખુશ્બુ 9820798588 | વિશાલ ગોસાલિયા 98196 37535 | ધવલ 98219 21920 | નીરાલી 9137601052

રાજેન્દ્ર ઝવેરી પ્રસ્તુત
શ્રમણ ભગવાન શ્રીમહાવીર સ્વામીના જન્મકલ્યાણક દિનની ઉજવણી નિમિત્તે
જન્મથી - નિર્વાણ પ્રસંગોના સ્તવનો, સતી ચંદનબાળા અને ઈલાચીકુમારના કથાગીતો
પ્રભુ મહાવીર વંદના
ગીત-સંગીત: સ્વ. શ્રી. શાંતિલાલ શાહ
ગાયક કલાકારો: રાજેન્દ્ર ઝવેરી, રીમા દેસાઈ, વારિધિ શાહ અને સાથીઓ
સંચાલન: શ્રીમતી છાયાબેન કોટિચા
રવિ. સવારે ૧૦ ભવન, ચોપાટી
રવિ. તા. ૩૦ માર્ચ સવારે ૯.૪૫ અસ્પી, મલાડ (વે)
ગ્રુપ બુકિંગ આવકાર્ય સંપર્ક : ૯૮૨૦૦ ૬૭૬૧૫

મહાવીર દર્શન
શ્રી શાંતિલાલ શાહ

શ્રી શાંતિલાલ શાહનું સમગ્ર જીવન સંગીત ક્ષેત્રે વ્યતીત થયું છે. તેઓએ સ્વરચિત હજારો સ્તવનો રચીને તથા જૈન કથાગીતોની ભેટ ધરીને જૈન- જૈનેતરોના હૃદયમાં સ્નેહ અને આદરભર્યું સ્થાન મેળવ્યું છે.
નવા યુગ સાથે નવા ક્રાંતિકારી વિચારો, સ્પષ્ટ અને નિર્ણયાત્મક વિચારશૈલી, સંતોષ તથા સમાધાન ભરેલું જીવન એ તેમના વ્યક્તિત્વના મહત્ત્વના પાસા રહ્યા અને સાદા અને સૌ કોઈને સમજાય એવા શબ્દોમાં પ્રગટ થતા રહ્યા.
જૈન ધર્મના તેમના જાહેર કાર્યક્રમોમાં હજારો લોકો તેમનો કાર્યક્રમ શરૂ થતા પહેલાં જ તેમને સાંભળવા માટે આવીને બેસી જતા. જૈનોમાં કથાગીતોનો પ્રારંભ કરનાર તેઓ પ્રથમ હતા.
જૈનોના ચારેય ફિરકાઓએ એમની રચનાઓ માણી છે. જુદા જુદા સંપ્રદાયોને એક છત હેઠળ એકઠા થવાનો સંદેશ અને જૈન ધર્મ તથા ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો પ્રચાર અને પ્રસાર એ તેમની રચનાઓનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે અને રહેશે.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**